RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

Date:- 22-06-2026 I VOL : 12 I Issue : 97 I Page : 8 I Price : 1.00/-

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

**સુવિચાર**

મહેનતનું ફળ
મીઠું હોય છે.
સારા કર્મોનું ફળ
જરૂર મળે છે.

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN   Contact :- MO : 9662420070   E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

3

આરાસુરી અંબાજી ટ્રસ્ટની ઘોર બેદરકારી: વર્ષે કરોડોની સુરક્ષાનો ધુમાડો, પણ ગર્ભગૃહમાં તો...

4

સામાજિક અધ:પતન: ગુજરાતમાં 400થી વધુ દંપતીઓનું 'કપલ સ્વેપિંગ'નું રાજ્યવ્યાપી રેકેટ

6


આંતરરાષ્ટ્રીય યોગ દિવસ 2026:શિલ્પા શેટ્ટી, અક્ષય કુમાર, શાહિદ કપૂર, શ્રીલીલા...

7

વૈભવ સૂર્યવંશીની ફાસ્ટેસ્ટ ફિફ્ટી, માત્ર 11 બોલમાં 50 રન ફટકાર્યા

## એક નજર...

### યોગ દિવસ પર જાણો અભિનેત્રી સાક્ષી મલિકની ફિટનેસનું રહસ્ય



અભિનેત્રી સાક્ષી મલિક પોતાને ફિટ રાખવા માટે નિયમિત યોગા કરે છે. તેના એક્સરસાઈઝના ફોટા પણ તે ઈન્સ્ટાગ્રામ પર શેર કરે છે. તાજેતરમાં અભિનેત્રીએ કેટલીક તસવીરો શેર કરી છે, સોનુ કે ટીટુ કી સ્વીટી ફિલ્મથી રાતોરાત ફેમસ બનેલી સાક્ષી મલિક આ દિવસોમાં ભોજપુરી દુનિયામાં હલચલ મચાવતી જોવા મળે છે.

## NEWS TRACK

### 'હિટલર'ના નામે પિઝા ઓર્ડર કરવા બદલ પાંચ દિવસની જેલ, રશિયન યુવકને સોશિયલ મીડિયા સ્ટંટ કરવો ભારે પડ્યો

આજના સમયમાં સોશિયલ મીડિયા પર ફેમસ થવા અથવા મજાક-મસ્તીમાં કંઈક અલગ કરવાના ચક્કરમાં લોકો ઘણીવાર મોટી મુશ્કેલી વહોરી લેતા હોય છે. આવી જ એક ચોંકાવનારી ઘટના રશિયામાં બની છે, જ્યાં એક 18 વર્ષના વિદ્યાર્થીને માત્ર પિઝા ઓર્ડર કરવા માટે જેલના સળિયા પાછળ જવું પડ્યું છે. આ કિશોરે કોઈ સામાન્ય ભૂલ નહોતી કરી, પરંતુ તેણે ક્રૂર સરમુખત્યાર 'એડોલ્ફ હિટલર'ના નામે પિઝા ઓર્ડર કર્યો હતો અને પ્રતિબંધિત નાઝી પ્રતીકોનો પ્રચાર કર્યો હતો, જેના કારણે કાયદાએ તેના પર કડક કાર્યવાહી કરી છે. આ ઘટના રશિયાના ઉરલ્સ વિસ્તારમાં આવેલા ઔદ્યોગિક શહેર 'નિઝની તાગિલ'ની છે. ત્યાં એક સ્થાનિક શોપિંગ સેન્ટરમાં આવેલા 'ડોડો પિઝા' આઉટલેટમાં તિમોફે વાખોનિન નામના કોલેજ વિદ્યાર્થીએ 'એડોલ્ફ હિટલર' નામથી પિઝા બુક કરાવ્યા હતા. આ વિદ્યાર્થી ઈલેક્ટ્રિશિયન બનવાનો અભ્યાસ કરી રહ્યો છે.

### શિકાગોમાં કારમાં આવેલા હુમલાખોરો દ્વારા ભીડ પર અંધાધૂંધ ગોળીબાર, 12થી વધુ ઇજાગ્રસ્ત

અમેરિકામાં ગન કલ્ચર અને જાહેરમાં ફાયરિંગની ઘટનાઓ અટકવાનું નામ નથી લઈ રહી. શિકાગો શહેરમાં શુક્રવારે મોડી રાત્રે બનેલી એક હૃદયકંપાવનારી ઘટનામાં અજાણ્યા હુમલાખોરોએ રસ્તા પર ઉભેલી ભીડ પર અંધાધૂંધ ફાયરિંગ કર્યું હતું. આ હુમલામાં મહિલાઓ અને સગીર સહિત કુલ 12 લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે, જેના કારણે સમગ્ર વિસ્તારમાં ભારે અફરાતફરી અને ભયનો માહોલ સર્જાયો હતો. શંકાસ્પદ કારમાં આવ્યો હુમલાખોર પોલીસના સત્તાવાર અહેવાલ મુજબ, શુક્રવારે રાત્રે એક શંકાસ્પદ એસયુવી (SUV) કાર રસ્તા પર લોકોની ભીડ પાસે આવીને અચાનક ઊભી રહી હતી. કાર ઉભી રહેતાની સાથે જ તેમાં સવાર બે સશસ્ત્ર હુમલાખોરોએ કંઈપણ વિચાર્યા વગર ભીડ તરફ આડેધડ ગોળીબાર શરૂ કરી દીધો હતો. હુમલો એટલો અચાનક અને આક્રમક હતો કે ત્યાં હાજર લોકોને સંભાળવાની તક પણ મળી ન હતી અને લોકો પોતાનો જીવ બચાવવા માટે આમ-તેમ દોડવા લાગ્યા હતા. આ અંધાધૂંધ ગોળીબારની ઝપેટમાં આવતા 12 લોકોને ગોળીઓ વાગી હતી.

'યોગ માત્ર વૃદ્ધો માટે નથી, દરેક ઉંમરના લોકો માટે છે': PM મોદી

# PMએ 35 હજાર લોકો સાથે યોગ કર્યા

## 12મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસે PM મોદીએ આપ્યો ફિટનેસ મંત્ર, 70ની ઉંમરે 50 જેવા દેખાઓ

પાક્કો ગુજરાત ન્યૂઝ, કોલકાતા

પીએમ મોદી રવિવારે કોલકાતામાં 12મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ સમારોહમાં સામેલ થયા. તેમણે કહ્યું- આપણો લક્ષ્ય 40 વર્ષની ઉંમરે 20 વર્ષની ઉંમર કરતાં વધુ લચીલા હોવું અને 50 વર્ષની ઉંમરે 30 વર્ષની ઉંમર કરતાં વધુ ઊર્જાવાન હોવું જોઈએ.

પીએમએ કહ્યું કે યોગ દુનિયાનો સૌથી મોટો સામુદાયિક ઉત્સવ બની ચૂક્યો છે, જે લોકો, દેશો અને સંસ્કૃતિઓને એકસાથે જોડે છે. તેમણે કહ્યું કે 21 જૂન, જે પૃથ્વીનો સૌથી લાંબો દિવસ માનવામાં આવે છે, હવે આખી દુનિયામાં યોગ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ વખતે યોગ દિવસનો મુખ્ય કાર્યક્રમ કોલકાતાના ઐતિહાસિક 'રેડ રોડ' પર યોજાયો હતો. પીએમએ તાડાસન, અર્ધચક્રાસન, ભદ્રાસન અને ત્રિકોણાસન કર્યા. તેમની સાથે 35 હજાર લોકો કાર્યક્રમમાં સામેલ થયા. પીએમએ લગભગ 15 મિનિટ કાર્યક્રમને સંબોધિત કર્યો. 12મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની થીમ 'Yoga for Healthy Ageing' એટલે કે વધતી ઉંમર માટે યોગ છે. આ થીમનો હેતુ એ જણાવવાનો છે કે યોગ ફક્ત ફિટનેસનું માધ્યમ નથી, પરંતુ ઉંમર વધવાની સાથે શરીર, મન અને માનસિક સ્વાસ્થ્યને વધુ સારું જાળવી રાખવાનો પણ એક માર્ગ છે. PM મોદીએ થીમ 'હેલ્ધી એજિંગ' નો ઉલ્લેખ કરતા સ્પષ્ટ કર્યું કે તેને માત્ર વૃદ્ધોના નજરિયાથી ન જોવો જોઈએ. યોગ આપણને જીવનભર શરીર અને મન વિશે શીખતા રહેવાની પ્રેરણા આપે છે અને તેના ફાયદા દરેક વયજૂથના લોકોને મળે છે. ફિટનેસનો નવો મંત્ર: 'આપણું લક્ષ્ય એવું હોવું જોઈએ કે આપણે 20 વર્ષની ઉંમરની સરખામણીએ 40 વર્ષની ઉંમરે વધુ ફ્લેક્સિબલ (લચીલા) હોઈએ.

## તમિલનાડુમાં એમોનિયા ગેસથી 7 મહિલાનાં મોત

તિરુવલ્લુર

તમિલનાડુના તિરુવલ્લુર જિલ્લામાં રવિવારે એક સીફૂડ એક્સપોર્ટ ફેક્ટરીમાં એમોનિયા ગેસ લીક થયો હતો. પીટીઆઈના અહેવાલ મુજબ, આ દુર્ઘટનામાં 7 મહિલા કર્મચારીઓના મોત થયા હતા, જ્યારે 65થી વધુ લોકો ઘાયલ થયા હતા. ઘાયલોમાંથી 9 વેન્ટિલેટર પર છે. ગેસ લીકની ઘટના સેન્ટ પીટર્સ પોલ સીફૂડ્સ એક્સપોર્ટ્સ યુનિટમાં બની હતી. ઘટનાની જાણ થતાં જ અરક્કોનમ સ્થિત NDRFની ચોથી બટાલિયનના મુખ્યાલયમાંથી 30 સભ્યોની NDRF ટીમને ઘટનાસ્થળે મોકલવામાં આવી હતી. પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, NDRF ટીમ ગેસ ડિટેક્શન ડિવાઈસ, રાસાયણિક, જૈવિક, રેડિયોલોજિકલ અને પરમાણુ (CBRN) આપત્તિનો સામનો કરવા માટેના વિશેષ ઉપકરણો સાથે ઘટનાસ્થળે પહોંચી હતી. જિલ્લા કલેક્ટર એસ. કવિતાએ જણાવ્યું કે 46 દર્દીઓને વેલ્સ હોસ્પિટલ અને 21 દર્દીઓને વેંકટેશ્વરા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તેમાંથી નવ ગંભીર દર્દીઓને વધુ સારવાર માટે એમ્બ્યુલન્સ દ્વારા ચેન્નઈની સરકારી સ્ટેનલી મેડિકલ કોલેજ હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા છે.

# NEET-UGની પુન:પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન

## વિદ્યાર્થીઓએ કહ્યું,-'પેપરમાં કેમેસ્ટ્રી અને ફિઝિક્સ અઘરું હતું

નવી દિલ્હી

NEET-UGનું પેપર લીક થયા બાદ રદ કરાયેલી પરીક્ષા આજે ફરી યોજાઇ હતી જે શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થઈ છે. ગુજરાતની વાત કરીએ તો 211 પરીક્ષા કેન્દ્રો પર 79,411 ઉમેદવારો માટે પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અમદાવાદ, રાજકોટ, સુરત અને વડોદરા સહિતના પરીક્ષા કેન્દ્રો પર વિદ્યાર્થીઓને 11 વાગ્યાથી 1:30 વાગ્યા સુધી પ્રવેશ અપાયો હતો. બપોરે 2 કલાકથી 5:15 કલાક સુધી પરીક્ષાનો સમય હતો, આ વખતે 15 મિનિટનો વધારાનો સમય આપવામાં આવ્યો હતો. દેશમાં કુલ 551 શહેરોમાં 5,440 સેન્ટર અને વિદેશમાં 14 સેન્ટર પર 22 લાખથી વધુ વિદ્યાર્થીઓ માટે NEET-UGની પરીક્ષા યોજાઇ હતી. જેમાં અંગ્રેજી સહિત 12 ભારતીય ભાષામાં પેપર લેવાયું છે. પરીક્ષા આપ્યા બાદ ઘણા વિદ્યાર્થીઓએ કહ્યું હતું કે અગાઉના પેપર કરતાં ઘણું અઘરું પેપર હતું, ઘણાએ તો માર્કસ ઓછા આવશે તેવો પણ સ્વીકાર કર્યો હતો. અમદાવાદમાં પલક નામની વિદ્યાર્થિનીએ કહ્યું કે, 'બાયો સરળ હતું પણ પેપર થોડું ટફ હતું, કેમેસ્ટ્રી અને ફિઝિક્સ વધારે અઘરું હતું. સમય બરોબર હતો, 'કટ ટુ કટ' પૂર્ણ થયું. ઈશિતા પુરોહિત નામની વિદ્યાર્થિનીએ કહ્યું કે, પેપર ઠીક હતું પહેલા કરતાં હાર્ડ હતું, બાકી સારું ગયું છે. ફિઝિક્સના પ્રશ્નો વાંચવામાં જ ઘણો સમય ગયો છે. તો વરુણ સત્ય નામના વિદ્યાર્થીએ કહ્યું કે, 'કેમેસ્ટ્રી અને ફિઝિક્સ ટફ હતું વધારે, ઓવરઓલ પેપર થોડું ડિફિકલ્ટ હતું' પેપર આપવા માટે સઘન ચેકિંગ બાદ જ પ્રવેશ આપવામાં આવ્યો હતો. જો કે, આ ચુસ્ત નિયમો વચ્ચે અમદાવાદની આર. જે. ટિબ્રવાલ કોલેજ પરીક્ષા કેન્દ્ર ખાતે ડ્રેસકોડ અને ધાર્મિક પ્રતીકોને લઈને મોટો વિવાદ સર્જાયો હતો. પરીક્ષા કેન્દ્ર પર વિદ્યાર્થિનીઓના હિજાબ અને અન્ય વિદ્યાર્થીઓના ગળામાં પહેરેલી કંઠી કે હાથમાં બાંધેલા ધાર્મિક દોરા બાબતે વિવાદની શરૂઆત થઈ હતી.


# મહા વિસ્ફોટ: કરજણમાં ખાખી, ખાદી-ખનિજ માફિયાઓની મિલીભગત!

## ધારાસભ્ય અક્ષય પટેલ અને ગોકુલ ભરવાડ ઉર્ફે ઘુઘાનું અબજોનું ગેરકાયદેસર રેતી ખનન કૌભાંડ!












કરજણ તાલુકાના સભ્ય ઘુઘો ભરવાડ

વડોદરા જિલ્લાના કરજણ તાલુકામાંથી ભ્રષ્ટાચાર અને ગેરકાયદેસર ખનનનો એક એવો ભયાનક પર્દાફાશ થયો છે, જેણે ગાંધીનગર સુધીના સત્તાધીશોને હચમચાવી મૂક્યા છે. કરજણના પિંગલવાડા ગામમાં સસરોડ વાડા રોડથી નારેશ્વર રોડ તરફ જતા આખેઆખા વિસ્તારમાં કુદરતી સંપત્તિની સરેઆમ લૂંટ ચલાવવામાં આવી રહી છે. ચોંકાવનારી વાત એ છે કે આ કાળા કારોબારના તાર સીધા સ્થાનિક ધારાસભ્ય અને તાલુકા પંચાયતના સદસ્ય સાથે જોડાયેલા હોવાના ગંભીર આક્ષેપો સામે આવ્યા છે.

### 100થી વધુ ડમ્પર અને હિટાચી મશીનો: કરજણ આખું ખોદી નાખ્યું!

સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, આખા કરજણ તાલુકામાં અત્યારે ૧૦૦થી વધારે ડમ્પર, ૧૫થી વધુ હિટાચી મશીનો અને લોડર મશીનો દ્વારા રાત-દિવસ જોયા વગર ગેરકાયદેસર રેતી અને માટી ખનનનું નેટવર્ક ધમધમી રહ્યું છે. રોજબરોજ લાખો રૂપિયાની રોયલ્ટી ચોરી કરીને સરકારની તિજોરીને કરોડોનો ચૂનો લગાડવામાં આવી રહ્યો છે. આ ગોરખધંધા પાછળ કરજણના ધારાસભ્ય અક્ષય પટેલ અને કરજણ તાલુકા પંચાયતના સદસ્ય ગોકુલ ભરવાડ ઉર્ફે ઘુઘાનું નામ મોખરે આવી રહ્યું છે. આરોપ છે કે ધારાસભ્ય અક્ષય પટેલે સત્તાના જોરે અબજો રૂપિયાની જમીનો અને કાળું નાણું ભેગું કરી લીધું છે, જ્યારે ગોકુલ ભરવાડ આખા તંત્રને પૈસાના જોરે ખરીદીને આ રેતી ચોરીનો મુખ્ય સૂત્રધાર બન્યો છે.

### અધિકારીઓ એસી ચેમ્બરમાં મસ્ત, માફિયાઓ ખનનમાં વ્યસ્ત! ભ્રષ્ટાચારના આક્ષેપો

આ ગેરકાયદેસર પ્રવૃત્તિ સામે ગામના લોકોએ એકવાર નહીં પણ વારંવાર રજૂઆતો કરી છે.

ગાંધીનગર ખાણ ખનિજ વિભાગના ફ્લાઈંગ સ્કોડના ચાવડા,

વડોદરા ખાણ ખનિજ વિભાગની સ્થાનિક ટીમ,

કરજણના મામલતદાર સી. આર. પઢિયાર,

એસડીએમ (SDM) શિવમ બારિયા.

આ તમામ ઉચ્ચ અધિકારીઓને પુરાવા સાથે લેખિત અને મૌખિક રજૂઆતો કરવામાં આવી હોવા છતાં, આજ દિન સુધી કોઈ જ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી. અંદરની માહિતી મુજબ, ગાંધીનગરથી લઈને સ્થાનિક વહીવટી તંત્ર સુધી મોટા પાયે 'હપ્તાખોરી' અને ભ્રષ્ટાચાર થતો હોવાને કારણે અધિકારીઓએ પોતાની આંખો પર ગાંધીછાપ નોટોની પટ્ટી બાંધી દીધી છે.

### રિવોલ્વરથી લઈને પોલીસના અપહરણ સુધીનો ગુનાહિત ઇતિહાસ!

આ કૌભાંડમાં જેનું નામ સૌથી વધુ ઉછળ્યું છે તે ગોકુલ ભરવાડ ઉર્ફે ઘુઘો કોઈ સાધારણ ગુનેગાર નથી. તેનો ભૂતકાળ કાળો ડાઘ ધરાવે છે. અગાઉ તેની ગેરકાયદેસર રિવોલ્વર સાથે ધરપકડ પણ કરવામાં આવી ચૂકી છે. એટલું જ નહીં, કરજણ પોલીસ સ્ટેશનના જ એક પોલીસ કોન્સ્ટેબલ લક્ષ્મણ આહીરનું અપહરણ કરીને તેમને જાનથી મારી નાખવાની કોશિશ કરવાનો ગંભીર ગુનો પણ તેના પર નોંધાયેલો છે. આમ છતાં, રાજકીય આશીર્વાદ અને અઢળક પૈસાના જોરે તે કાયમ કાયદાના સકંજામાંથી છૂટી જાય છે અને ફરીથી નદીઓ ખૂંદવા નીકળી પડે છે.



કરજણના ધારાસભ્ય અક્ષય પટેલ

### જનતાની માંગ: એસીબી (ACB) દ્વારા થાય કડક તપાસ

હવે પિંગલવાડા અને આજુબાજુના ગામના લોકોનો આક્રોશ ફાટી નીકળ્યો છે. સ્થાનિક રહીશો માંગ કરી રહ્યા છે કે આ અબજો રૂપિયાના કૌભાંડ પાછળ ધારાસભ્ય અક્ષય પટેલ અને ગોકુલ ભરવાડ વિરુદ્ધ એન્ટી કરપ્શન બ્યુરો (ACB) દ્વારા તટસ્થ તપાસ કરવામાં આવે અને તેમની અપ્રમાણસર મિલકતો જપ્ત કરવામાં આવે.

### 'પાક્કો ગુજરાત'નો ખુલ્લો પડકાર

હવે સવાલ એ ઉભો થાય છે કે, શું રાજ્યના મુખ્યમંત્રી આ ખનિજ માફિયાઓ અને ભ્રષ્ટ અધિકારીઓ પર કડક બુલડોઝર ફેરવશે? કે પછી સત્તાધારી પક્ષના નેતાઓ હોવાને કારણે આ મામલાને પણ દબાવી દેવામાં આવશે? સરકાર ભલે મૌન રહે, પણ 'પાક્કો ગુજરાત ન્યૂઝ' આ ગંભીર મુદ્દાને છોડવાનું નથી. જનતાના પક્ષે રહીને અમે આ મામલે છેક ગાંધીનગર સુધી સચિવાલયમાં રજૂઆત કરવા જઈશું અને જ્યાં સુધી નદીઓને આ રાક્ષસોથી મુક્તિ નહીં મળે ત્યાં સુધી આ લડત ચાલુ રાખીશું.

ફ્રી ઇ-કોપી માટે ફક્ત Hi લખો : 9662420070

# ખાખીની રહેમનજર હેઠળ જુગારનો ખુલ્લો ખેલ : કંકરાડી ગ્રામ પંચાયતની બાજુમાં બુટલેગર 'ગોપાલ દાદા'નું અવેધ સામ્રાજ્ય..!

### આ ગેરકાયદેસર અડ્ડા પર દરરોજ 'રમી' નામના જુગારનો કાળો કારોબાર ધડલ્લેથી ચાલી રહ્યો છે : સ્થાનિક સૂત્રો

અમદાવાદ

મહારાષ્ટ્રનો પાલઘર જિલ્લો ફરી એકવાર ખાખી અને ગુનેગારોની કથિત સાંઠગાંઠને લઈને ગરમાયો છે. પાલઘરના દહાણુ પોલીસ સ્ટેશનના હદ વિસ્તારમાંથી કાયદો અને વ્યવસ્થાના લીરેલીરા ઉડાવતી એક એવી સનસનાટીપૂર્ણ હકીકત સામે આવી છે, જેણે પોલીસની ઈમાનદારી અને નિષ્ઠા સામે મસમોટા સવાલો ઉભા કરી દીધા છે. કંકરાડી ગ્રામ પંચાયત જેવી જવાબદાર સરકારી સંસ્થાની બિલકુલ બાજુમાં, કાયદાના રક્ષકોની નાક નીચે 'ગોપાલ દાદા' નામનો કુખ્યાત બુટલેગર બેખૌફ થઈને જુગારનો બહુ મોટો અડ્ડો ચલાવી રહ્યો છે.

સ્થાનિક સૂત્રો પાસેથી મળતી અત્યંત પાકી માહિતી મુજબ, આ ગેરકાયદેસર અડ્ડા પર દરરોજ 'રમી' નામના જુગારનો કાળો કારોબાર ધડલ્લેથી ચાલી રહ્યો છે. સવારથી લઈને મોડી રાત સુધી અહીં જુગારીઓનો મેળાવડો જામતો હોય છે અને રોજ લાખો રૂપિયાની હાર-જીત અને ગેરકાયદેસર લેણદેણ થાય છે. આ દલદલમાં ફસાઈને કેટલાય પરિવારો બરબાદ થઈ રહ્યા છે, પરંતુ જુગાર માફિયા ગોપાલ દાદાનું આ આખું

**■ કંકરાડી ગ્રામ પંચાયતના નાક નીચે ચાલતા આ નરક પર પાલઘરના પોલીસ અધીક્ષક (SP) ક્યારે પોતાનો કોરડો વીંઝશે?**

નેટવર્ક કોઈ પણ જાતના ડર વગર ચોવીસે કલાક એક્ટિવ છે.

આ આખા મામલામાં સૌથી શરમજનક અને શંકાસ્પદ ભૂમિકા સ્થાનિક દહાણુ પોલીસની સામે આવી છે. વિસ્તારના ત્રસ્ત નાગરિકો દ્વારા આ ગેરકાયદેસર અડ્ડાની પળેપળની માહિતી અને ફરિયાદો દહાણુ પોલીસ સુધી પહોંચાડવામાં આવી છે, પરંતુ કાર્યવાહીના નામે માત્ર મીંડું જ હાથ લાગ્યું છે. દહાણુ પોલીસ સ્ટેશનના પીઆઈ (પોલીસ ઈન્સ્પેક્ટર) ની આ મામલે રહસ્યમય ચૂપકીદી અને નિષ્ક્રિયતા સાફ ઈશારો કરે છે કે દાળમાં કંઈક કાળું નથી, પરંતુ આખેઆખી દાળ જ કાળી છે!

'પાક્કો ગુજરાત'ના તીખા સવાલો: શું ગોપાલ દાદાના પૈસાએ બધાના મોં બંધ કરી દીધા છે?

હવે પાલઘરના જાગૃત નાગરિકો અને 'પાક્કો ગુજરાત' વહીવટી તંત્રને સીધા સવાલો પૂછી રહ્યા છે:

શું દહાણુ પોલીસની આ નિષ્ક્રિયતા માત્ર એક લાપરવાહી છે, કે પછી દર મહિને ટેબલ નીચેથી પહોંચતી મોટી 'હપ્તા વસૂલી'નું પરિણામ છે?

શું ગોપાલ દાદા નામના આ બુટલેગરે પોતાની કાળી કમાણીના જોરે નીચેથી લઈને ઉપર સુધીના અધિકારીઓના મોં બંધ કરી દીધા છે?

કંકરાડી ગ્રામ પંચાયતના નાક નીચે ચાલતા આ નરક પર પાલઘરના પોલીસ અધીક્ષક (SP) ક્યારે પોતાનો કોરડો વીંઝશે?

જો પાલઘર એસપી આ મામલાની ગંભીરતા સમજીને દહાણુ પીઆઈ અને આ જુગાર માફિયાના ગઠજોડ પર કડક એક્શન નહીં લે, તો જનતાનો ખાખી પરથી ભરોસો સંપૂર્ણપણે ઉઠી જશે. 'પાક્કો ગુજરાત' આ સમગ્ર કૌભાંડ પર પોતાની બાજ નજર રાખીને બેઠું છે અને જ્યાં સુધી આ કાળો કારોબાર બંધ નહીં થાય, ત્યાં સુધી જનતાનો અવાજ આ જ રીતે બુલંદ કરતું રહેશે!




# ગુજરાતના નાણામંત્રીનો 1% બેરોજગારીનો દાવો સદંતર ખોટો : કોંગ્રેસ પ્રવક્તા હેમાંગ રાવલ

અમદાવાદ

ગુજરાતમાં બેરોજગારીના આંકડાઓને લઈને રાજકારણ ગરમાયું છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા અને મીડિયા કોર્ડીનેટર હેમાંગ મહિપતરામ રાવલે એક અખબારી યાદી જાહેર કરીને રાજ્યના નાણામંત્રી કનુભાઈ દેસાઈના દાવા પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે નાણામંત્રીના ૧ ટકા બેરોજગારીના દાવાને સદંતર ખોટો અને લાખો બેરોજગાર યુવાનોનું ઘોર અપમાન ગણાવ્યું છે.

કોંગ્રેસ પ્રવક્તાએ જણાવ્યું કે તાજેતરમાં નાણામંત્રી કનુભાઈ દેસાઈએ એક વીડિયો બાઈટમાં દાવો કર્યો હતો કે ગુજરાતમાં બેરોજગારીનો દર માત્ર ૧ ટકા છે. આ દાવાનો સીધો અર્થ એ થાય કે રાજ્યના દર ૧૦૦ માંથી ૯૯ યુવાનો પાસે રોજગારી છે, જે જમીની હકીકતથી તદ્દન વિપરીત છે. અર્થશાસ્ત્રના નિયમ મુજબ બેરોજગારીનો દર કુલ શ્રમબળના આધારે નક્કી થાય છે, પરંતુ સરકાર આંકડા છુપાવવા માટે ખોટી પદ્ધતિઓનો સહારો લઈ રહી છે. હેમાંગ રાવલે આંકડાકીય વિગતો આપતા કહ્યું કે રાજ્યમાં ૧૫ થી ૫૦ વર્ષની વયના અંદાજિત ૪.૫ કરોડ લોકો વસે છે. જેમાં ૧૫ થી ૨૯ વર્ષના ૨ કરોડ, ૨૯ થી ૩૯ વર્ષના ૧.૫ કરોડ અને ૩૯ થી ૫૦ વર્ષના ૧ કરોડ લોકોનો સમાવેશ થાય છે. આટલી મોટી વસ્તી વચ્ચે સરકાર રોજગારની સાચી સ્થિતિ છુપાવવા આંકડાકીય માયાજાળ રચી રહી છે. પ્રધાનમંત્રી રોજગાર યોજના હેઠળ વ્યવસાયના ઓજારો માટે માત્ર ૧૦,૦૦૦ રૂપિયાની લોન લેનાર વ્યક્તિને પણ સરકાર રોજગાર મેળવી લીધો હોય તેમ ગણી લે છે. આ ઉપરાંત નેશનલ સ્કિલ ડેવલપમેન્ટ કોર્પોરેશનના ટૂંકા ગાળાના કોર્સ પૂરા કરનારાઓને સિક્યુરિટી ગાર્ડ જેવી નોકરીઓ બતાવીને રોજગારીના મોટા આંકડા ઊભા કરવામાં આવી રહ્યા છે. તેમણે ભૂતકાળને યાદ કરતા કહ્યું કે કોંગ્રેસના શાસન સમયે રોજગાર કચેરીઓમાં બેરોજગારોની સત્તાવાર નોંધણી થતી હતી, જેનાથી સાચું ચિત્ર સામે આવતું હતું. પરંતુ આજે રાજ્યની રોજગાર કચેરીઓ અને આખું તંત્ર રણીધણી વિનાનું બની ગયું છે, જ્યાં નવી ભરતી કે સાચી નોંધણી થતી જ નથી.

# જામનગરના 9 વર્ષીય વિહાને 5,289 મીટર ઊંચું ફ્રેન્ડશીપ શિખર સર કરી રચ્યો ઇતિહાસ

જામનગર

જામનગર શહેરના પ્રતિભાશાળી બાળ પર્વતારોહક વિહાન ચેતરીયાએ હિમાચલ પ્રદેશના કુલ્લુ-મનાલી વિસ્તારમાં આવેલા અતિ દુર્ગમ અને પડકારજનક ફ્રેન્ડશીપ શિખરનું સફળતાપૂર્વક આરોહણ કરીને નવો રાષ્ટ્રીય કીર્તિમાન સ્થાપ્યો છે. 5289 મીટરની ઊંચાઈ ધરાવતા આ શિખરને સર કરીને વિહાને દેશભરમાં જામનગર અને ગુજરાતનું ગૌરવ વધાર્યું છે. માત્ર 9 વર્ષ અને 4 મહિનાની નાની ઉંમરે આ સિદ્ધિ હાંસલ કરનાર વિહાને અગાઉનો 10 વર્ષ અને 2 મહિનાની ઉંમરનો કીર્તિમાન પાછળ છોડી દીધો છે. આ સાથે તે ફ્રેન્ડશીપ શિખર સર કરનાર ભારતનો સૌથી નાની વયનો પર્વતારોહક બન્યો છે.

હિમાલય ક્ષેત્રમાં આવેલા ફ્રેન્ડશીપ પિક તકનીકી રીતે પડકારજનક અને જોખમી શિખરોમાં સ્થાન ધરાવે છે. આ શિખરનું આરોહણ કરવા માટે વિશેષ પર્વતારોહણ કૌશલ્ય, બરફ અને હિમનદી વિસ્તારમાં ચાલવાની તાલીમ, દોરડા, બરફકુહાડી, પગમાં બાંધવાના વિશેષ લોખંડી સાધનો તથા અન્ય જરૂરી સાધનોનો કુશળ ઉપયોગ તેમજ મજબૂત શારીરિક અને માનસિક ક્ષમતા જરૂરી બને છે.

અભિયાન દરમિયાન વિહાને કપરા હવામાન, ઓક્સિજનની ઓછી માત્રા અને બરફથી ઢંકાયેલા જોખમી માર્ગો જેવા અનેક પડકારોનો સફળતાપૂર્વક સામનો કરીને શિખર પર રાષ્ટ્રધ્વજ લહેરાવ્યો હતો. તેની આ સિદ્ધિ માત્ર વ્યક્તિગત સફળતા પૂરતી મર્યાદિત નથી, પરંતુ સમગ્ર ગુજરાત માટે ગૌરવ અને પ્રેરણાનો વિષય બની છે.

વિહાન ચેતરીયા અગાઉ પણ હિમાલયના અનેક પર્વતીય પ્રવાસો અને શિખરો સફળતાપૂર્વક પૂર્ણ કરી ચૂક્યો છે. બાળ પર્વતારોહણ ક્ષેત્રે સતત નવી સિદ્ધિઓ હાંસલ કરીને તે અન્ય બાળકો અને યુવાનો માટે પ્રેરણાસ્ત્રોત બની રહ્યો છે.

# અંબાલાલ સાથેનો વિવાદ જયંત પંડ્યાની નિવૃત્તિનું કારણ બન્યો

### થોડા દિવસો પહેલા જ જયંત પંડ્યાએ ગુજરાતના જાણીતા હવામાન વિશ્લેષક અંબાલાલ પટેલની આગાહીઓ સામે મોરચો માંડ્યો હતો, તેમણે આરોપ લગાવ્યો હતો કે તથ્યવિહિન અને વૈજ્ઞાનિક આધાર વગરની આગાહીઓથી લોકોમાં ખોટો ભય અને ભ્રમ ફેલાવવામાં આવે છે

ગાંધીનગર

ગુજરાતમાં અંધશ્રદ્ધા અને કુરિવાજો સામે વર્ષોથી લડત ચલાવતા વિજ્ઞાન જાથાના ચેરમેન જયંત પંડ્યાએ અચાનક નિવૃત્તિની જાહેરાત કરતા જ અનેક તર્ક-વિતર્કો શરૂ થઈ ગયા છે. આ જાહેરાત પાછળનું ટાઈમિંગ એટલું ચોંકાવનારું છે કે લોકો પૂછી રહ્યા છે - શું આ માત્ર એક સંયોગ છે કે પડદા પાછળ કોઈ મોટી રમત રમાઈ છે?

થોડા દિવસો પહેલા જ જયંત પંડ્યાએ ગુજરાતના જાણીતા હવામાન વિશ્લેષક અંબાલાલ પટેલની આગાહીઓ સામે મોરચો માંડ્યો હતો. તેમણે આરોપ લગાવ્યો હતો કે તથ્યવિહિન અને વૈજ્ઞાનિક આધાર વગરની આગાહીઓથી લોકોમાં ખોટો ભય અને ભ્રમ ફેલાવવામાં આવે છે. વિજ્ઞાન જાથા દ્વારા આ બાબતે કડક વલણ અપનાવવામાં આવ્યું હતું.

પરંતુ, આ ગંભીર સવાલો ઉઠાવ્યાના માત્ર 4 થી 5 દિવસની અંદર જ જયંત પંડ્યાએ અચાનક પોતાના પદ પરથી નિવૃત્તિ જાહેર કરી દીધી. આ આકસ્મિક નિર્ણયથી સોશિયલ મીડિયાથી લઈને રાજકીય અને સામાજિક વર્તુળોમાં ચર્ચાનો દોર શરૂ થઈ ગયો છે.

શું આ માત્ર એક સંયોગ છે? એક તરફ મોટો વિવાદ ઊભો થાય અને તેના તુરંત બાદ નિવૃત્તિ આવી જાય, તે વાત પચી રહી નથી. શું કોઈ આંતરિક કે બાહ્ય દબાણ હતું? અંબાલાલ પટેલના બહોળા ચાહકવર્ગ અને લોકપ્રિયતાને કારણે શું જયંત પંડ્યા પર કોઈ મોટું દબાણ આવ્યું હતું?

આખરે સાચું કારણ શું? વધતી ઉંમર, સ્વાસ્થ્યના કારણો કે પછી વિજ્ઞાન જાથાની અંદરનો કોઈ આંતરિક વિખવાદ આ નિર્ણય પાછળ જવાબદાર છે?

સૂત્રો અને જયંત પંડ્યાના નજીકના વર્તુળો તરફથી મળતી માહિતી અનુસાર, આ નિર્ણય કોઈ દબાણ હેઠળ લેવાયો નથી. જયંત પંડ્યા છેલ્લા ચાર દાયકા (40 વર્ષ) કરતાં વધુ સમયથી અંધશ્રદ્ધા નિર્મૂલનની પ્રવૃત્તિઓમાં સક્રિય છે. વધતી ઉંમર અને સ્વાસ્થ્યના કારણોસર, તેઓ ઘણા સમયથી નવી પેઢીને કમાન સોંપવા માંગતા હતા. અંબાલાલ પટેલ સાથેનો વિવાદ અને નિવૃત્તિનો સમય એકસાથે આવ્યો હોવાથી લોકોને આમાં કોઈ કનેક્શન દેખાઈ રહ્યું છે, પરંતુ વાસ્તવિકતામાં આ લાંબા સમયથી આયોજિત નિર્ણય હોવાનું કહેવાય રહ્યું છે.

જો કે, વિજ્ઞાન જગત અને ચાહકો માટે આંચકા સમાન આ નિર્ણય બાદ હવે વિજ્ઞાન જાથાની કમાન કોણ સંભાળશે અને આગામી દિવસોમાં અંબાલાલ પટેલની આગાહીઓ સામેની ઝુંબેશ ચાલુ રહેશે કે કેમ, તે જોવું રહ્યું.

# રાજસ્થાનના CM ભજનલાલ શર્માએ અંબાજી માતાના દર્શન કર્યા

અંબાજી

અંબાજી મંદિરમાં માતા જગતજનની અંબાના દર્શન કરીને દેશના લોકોની સુખાકારી માટે પ્રાર્થના કરી હતી. મુખ્યમંત્રી માઉન્ટ આબુમાં યોગ દિવસના કાર્યક્રમમાં હાજરી આપ્યા બાદ અંબાજી પહોંચ્યા હતા. અંબાજી પહોંચતા જ મંદિર ટ્રસ્ટ દ્વારા મુખ્યમંત્રીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમને ખેસ અને ચુંદડી ઓઢાડી તિલક કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજસ્થાન અને ગુજરાત પોલીસનો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો, તેમજ ભાજપના સ્થાનિક નેતાઓ અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રી ભજનલાલ શર્માએ સૌપ્રથમ મંદિરમાં આવેલા સિદ્ધિવિનાયકના દર્શન અને પૂજા-અર્ચના કરી હતી. ત્યારબાદ



તેઓ નિજ મંદિરમાં જઈ માતા જગતજનની અંબા સમક્ષ શીશ નમાવી આશીર્વાદ મેળવ્યા હતા.

મંદિરના મહારાજ દ્વારા તેમને આશીર્વાદ આપવામાં આવ્યા હતા. શક્તિ, ભક્તિ અને આસ્થાના ત્રિવેણી સંગમ સમાન મા જગતજનની અંબાનું આ મંદિર વિશ્વવિખ્યાત છે.

# રાજકોટમાં હિટ એન્ડ રન: બેફામ કારે મોપેડ ચાલકને ઉડાવ્યો, હૃદય કંપાવનારા દ્રશ્યો CCTVમાં કેદ

રાજકોટ

રાજકોટના રૈયા રોડ પર રવિવારે (21મી જૂન) સવારે કંપારી છૂટી જાય તેવો અકસ્માત સર્જાયો હતો. આમ્રપાલી અંડરબ્રિજ નજીકથી પસાર થઈ રહેલી એક પૂરપાટ ઝડપે જતી કાર સ્પીડબ્રેકર પર એટલી જોરદાર અથડાઈ હતી કે તે હવામાં ઉછળી હતી. ત્યારબાદ બેકાબૂ બનેલી આ કારે માર્ગ પરથી પસાર થઈ રહેલા એક મોપેડ સવાર વૃદ્ધને અડફેટે લીધા હતા, તે હવામાં ફંગોળાઈને રસ્તા પર પટકાયા હતા. આ ભયાનક અકસ્માતના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે. મળતી માહિતી અનુસાર, મોપેડ સવાર વૃદ્ધને જોરદાર ટક્કર માર્યા બાદ કારચાલકે ઘટનાસ્થળેથી ભાગવાનો પ્રયાસ કર્યો હતો. આ દરમિયાન કારે માર્ગમાં અન્ય બે વાહનોને પણ હડફેટે લીધા હતા. અંતે ઘટનાસ્થળેથી આશરે 200 મીટર દૂર એક શેરીમાં વળવા જતાં આ બેકાબૂ કાર એક વૃક્ષ પાસે આવેલા બોર્ડ સાથે ધડાકાભેર અથડાઈને અટકી ગઈ હતી. અકસ્માત એટલો જોરદાર હતો કે અથડાતાંની સાથે જ કારની એરબેગ્સ ખુલી ગઈ હતી. કાર અથડાયા બાદ ચાલક સહિત તેમાં સવાર તમામ લોકો કારને ત્યાં જ મૂકીને ફરાર થઈ ગયા હતા.

## શક્તિપીઠ અંબાજી અને ગબ્બરના આંગણે યોગનો ત્રિવેણી સંગમ

# 12મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ભવ્ય ઉજવણી, 'યોગ ગરબા' બન્યા આકર્ષણનું કેન્દ્ર

અંબાજી

સુપ્રસિદ્ધ યાત્રાધામ અને આરાધ્ય દેવી મા અંબાના ધામ અંબાજી ખાતે ૧૨મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ - ૨૦૨૬ ની અત્યંત ઉત્સાહપૂર્ણ અને ભક્તિમય માહોલમાં ઉજવણી કરવામાં આવી છે. મા અંબાના પવિત્ર ચાચર ચોક અને ગબ્બર પર્વત ખાતે "સ્વસ્થ જીવન માટે યોગ" ના વિશેષ થીમ સાથે હજારો લોકોએ એકસાથે યોગાભ્યાસ કરીને તન અને મનને સ્વસ્થ રાખવાનો અનોખો સંદેશ આપ્યો હતો.

અંબાજી મંદિર ટ્રસ્ટ દ્વારા આયોજિત આ ભવ્ય કાર્યક્રમમાં બનાસકાંઠાના અધિક કલેક્ટર અને અંબાજી મંદિર ટ્રસ્ટના વહીવટદાર કૌશિક મોદી સહિતના ઉચ્ચ અધિકારીઓ, પૂજારીઓ, સ્થાનિક નાગરિકો અને મોટી સંખ્યામાં માઈભક્તો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કુશળ નેતૃત્વમાં ભારતીય સંસ્કૃતિને વૈશ્વિક સ્તરે મળેલા ગૌરવ અને તેમના પ્રાસંગિક ઉદ્‌બોધનનું જીવંત પ્રસારણ (Live Telecast) કરી ઉપસ્થિત જનમેદનીને દર્શાવવામાં આવ્યું હતું.

ત્યારબાદ ગુજરાત યોગ બોર્ડના પ્રશિક્ષિત અને અનુભવી નિષ્ણાતો દ્વારા ઉપસ્થિત સૌ નાગરિકોને યોગના વિવિધ આસનો, સૂર્ય નમસ્કાર, પ્રાણાયામ અને ધ્યાનની ગૂઢ ક્રિયાઓનું સરળ શૈલીમાં માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. ગબ્બરની પહાડીઓ અને મા અંબાના ચાચર ચોકમાં એકસાથે પઠન થતા મંત્રોચ્ચારો અને યોગાસનોથી સમગ્ર વાતાવરણ દિવ્ય અને સકારાત્મક ઉર્જાથી ભરાઈ ગયું હતું. આ વર્ષે અંબાજીના ચાચર ચોક ખાતે આયોજિત કાર્યક્રમમાં સૌથી મોટું અને વિશેષ આકર્ષણ "યોગ ગરબા" નું રહ્યું હતું. ગુજરાતની પરંપરાગત ગરબા શૈલી સાથે યોગના આસનોનો સમન્વય કરીને પ્રસ્તુત કરાયેલા આ યોગ ગરબામાં નાના બાળકોથી લઈને વડીલો સુધીના સૌ કોઈ ઉત્સાહપૂર્વક ઝૂમી ઉઠ્યા હતા.

# મહીસાગર જિ.કલેક્ટર અર્પિત સાગરના અધ્યક્ષ સ્થાને જિલ્લા સંકલન સમિતિની બેઠક યોજાઇ

મહિસાગર, વિજય ડામોર

મહીસાગર જિલ્લા સેવા સદનના સભાખંડ ખાતે જિલ્લા કલેક્ટર સુશ્રી અર્પિત સાગરના અધ્યક્ષ સ્થાને જિલ્લા સંકલન સમિતિ ભાગ-૧ અને ભાગ-૨ ની બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં જિલ્લાના સર્વાંગી વિકાસ અને પ્રજાકીય પ્રશ્નોના સત્વરે નિકાલ માટે સઘન સમીક્ષા કરવામાં આવી હતી. બેઠકમાં ઉપસ્થિત ધારાસભ્ય માનસિંહ ચૌહાણ, ગુલાબસિંહ ચૌહાણ તથા કુબેરભાઈ ડીંડોર દ્વારા વિવિધ પ્રજાલક્ષી અને વિકાસના કામોને લગતા પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હતા. કલેક્ટરે આ તમામ પ્રશ્નોની ઝીણવટભરી ચર્ચા કરી, સંબંધિત વિભાગના અધિકારીઓને સકારાત્મક અને સમયમર્યાદામાં તેનો યોગ્ય ઉકેલ લાવવા માટે જરૂરી માર્ગદર્શન અને સૂચનો આપ્યા હતા. જિલ્લામાં ચાલી રહેલી વિવિધ સરકારી યોજનાઓ, માળખાગત સુવિધાઓ અને કાયદો તથા વ્યવસ્થાની સ્થિતિ અંગે પણ આ બેઠકમાં ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

## સારંગપુર BAPS મંદિર ખાતે

# પ.પૂ. મહંત સ્વામી મહારાજના પાવન સાંનિધ્યમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ભવ્ય ઉજવણી કરાઈ

બોટાદ, વિપુલ લુહાર

'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ' ના પાવન અવસરે સમગ્ર વિશ્વ જ્યારે યોગમય બન્યું છે, ત્યારે બોટાદ જીલ્લાનું ઐતિહાસિક તીર્થધામ સારંગપુર સ્થિત BAPS સ્વામિનારાયણ મંદિર ખાતે પણ આ દિનની અત્યંત ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. BAPS સંસ્થાના આધ્યાત્મિક વડા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના દિવ્ય સાંનિધ્યમાં યોજાયેલા આ કાર્યક્રમમાં શારીરિક સ્વાસ્થ્ય અને આધ્યાત્મિક શાંતિનો અદ્દ્ભુત સમન્વય જોવા મળ્યો હતો.

ભારતીય સંસ્કૃતિની પ્રાચીન ધરોહર સમાન 'યોગ' ના મહિમાને ઉજાગર કરવા માટે સારંગપુર મંદિર પરિસરમાં વહેલી સવારે એક વિશેષ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંસ્થાના સંતો, યુવકો અને વિશાળ સંખ્યામાં ઉપસ્થિત હરિભક્તોએ વિવિધ યોગાસનો અને પ્રાણાયામનો અભ્યાસ કર્યો હતો. શિસ્તબદ્ધ રીતે થયેલા આ સામૂહિક યોગાભ્યાસથી સમગ્ર વાતાવરણ ઊર્જાવાન અને પવિત્ર બની ગયું હતું. ભારતીય ઋષિમુનિઓએ



આપેલું યોગશાસ્ત્ર માત્ર શારીરિક કસરત પૂરતું સીમિત નથી. 'યોગ' નો સાચો અર્થ છે જોડાણ - આત્માનું પરમાત્મા સાથેનું મિલન. જો શરીર સ્વસ્થ હશે, તો જ ભગવાનની ભક્તિ અને સમાજની સેવા ઉત્તમ રીતે થઈ શકશે. આ જ ઉદ્દેશ્ય સાથે આજની આ ઉજવણી કરવામાં આવી હતી.આ દિવ્ય પ્રસંગે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે સૌને પોતાના આશીર્વાદ પાઠવ્યા હતા. સ્વામીશ્રીએ ઉપસ્થિત સૌ ભક્તોને નિયમિત યોગાસન, પ્રાણાયામ અને વ્યાયામ કરવાની પ્રેરણા આપી હતી.

# વિદેશમાં નર્સની નોકરી અપાવવાના બહાને બે યુવતીઓ સાથે10.60 લાખની છેતરપિંડી

રાજકોટ

વડોદરાના ન્યૂ વી.આઈ.પી. રોડ પર ખોડિયારનગર પાસે આવેલા અર્થ આઈકોનમાં ઓફિસ ધરાવતા બે એજન્ટ ભાઈઓએ વિદેશમાં નર્સની નોકરી અપાવવાનું કહીને બે યુવતીઓ પાસેથી કુલ રૂ. 10.60 લાખ પડાવી લીધા હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. આણંદ જિલ્લાના બોરસદ તાલુકાના નાપા ગામની એકતાનગર કોલોનીમાં રહેતા અને નર્સિંગ ટ્યુટર તરીકે નોકરી કરતા નિકિતાબેન જયંતિભાઈ રોહિતે આ અંગે વડોદરાના વારસિયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. જેમાં પોલીસે જશવંત ચૌધરી અને તેના ભાઈ દુષ્યંત ચૌધરી સામે ગુનો દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ફરિયાદની વિગતો અનુસાર, નિકિતાબેને વર્ષ 2024 માં સોશિયલ મીડિયા પર જશવંત ચૌધરીની એકનાથ ઈમિગ્રેશન કન્સલટન્સીની વિગતો જોઈ હતી. નિકિતાબેન અને તેમની મિત્ર સિમરન ઈશ્વરભાઈ પરમાર ઓસ્ટ્રિયા (યુરોપ) ખાતે નર્સિંગની નોકરી કરવા જવા ઈચ્છતા હોવાથી તેઓ જશવંત ચૌધરીની ઓફિસે મળવા ગયા હતા. એજન્ટે તેમને યુરોપમાં નર્સિંગની નોકરીની પાકી ખાતરી આપીને ચાર મહિનામાં પ્રોસેસ પૂરી કરવાનું વચન આપ્યું હતું અને વ્યક્તિદીઠ 6 લાખનો ખર્ચ જણાવ્યો હતો. વિશ્વાસમાં આવીને નિકિતાબેને શરૂઆતમાં રૂ. દોઢ લાખ ચૂકવ્યા હતા. ઓક્ટોબર 2025 માં જશવંતના ભાઈ દુષ્યંત ચૌધરીએ યુવતીઓના પાસપોર્ટ નંબરનો ઉલ્લેખ કરેલો એક ઓફર લેટર આપ્યો હતો અને જણાવ્યું હતું કે, 10 નવેમ્બર 2025ના રોજ ઓસ્ટ્રિયા જવાનું છે.

# છોટાઉદેપુરના ઓડ ગામે વીજ કંપનીની બેદરકારીથી બાળકનું મોત

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

છોટાઉદેપુર તાલુકાના ઓડ ગામે ચોમાસાના પ્રારંભે જ વીજ કંપનીની ગંભીર લાપરવાહી સામે આવી છે. ભારે વરસાદ અને પવનના કારણે ગામના એક ખેતરમાં વીજ લાઈનનો જીવતો વાયર તૂટી પડ્યો હતો. ખેતરમાં પાણી ભરાયેલું હોવાના કારણે વીજ પ્રવાહ ફેલાઈ ગયો હતો, જેની ઝપેટમાં આવી જતાં ગામના એક ૭ વર્ષના માસૂમ બાળકનું અકાળે કમકમાટીભર્યું મોત નીપજ્યું છે.મૃતકના પરિવારજનો અને ઓડ ગામના સરપંચના જણાવ્યા અનુસાર, વાયર તૂટ્યો હોવાની જાણ સ્થાનિક MGVCLના હેલ્પર અને સ્ટાફને વારંવાર ફોન દ્વારા કરવામાં આવી હતી. આમ છતાં, વીજ કંપનીના કર્મચારીઓ સમયસર ન આવતા આ



મોટી દુર્ઘટના ઘટી છે.

બાળકના મોતના પગલે ગરીબ પરિવાર પર આભ તૂટી પડ્યું છે. હાલમાં પણ આ જોખમી વાયર ખેતરમાં એમ જ પડ્યો હોવાથી સ્થાનિકોમાં વહીવટી તંત્ર સામે ભારે આક્રોશ છે. ગામના અગ્રણીઓએ સરકાર પાસે પીડિત પરિવારને વહેલી તકે યોગ્ય આર્થિક વળતર આપવાની અને ફરજમાં બેદરકારી દાખવનાર કર્મચારીઓ સામે કાયદેસરની કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે.

## ગુજરાતની 4 વંદે ભારત ટ્રેનોમાં આર્ટ ઓફ લિવિંગ દ્વારા યોગ સત્રો યોજાયા

# વડોદરામાં 50થી વધુ સ્થળોએ 15,000થી વધુ લોકોએ આર્ટ ઓફ લિવિંગ સાથે યોગાભ્યાસ કર્યો

વડોદરા

ગુરુદેવ શ્રી શ્રી રવિશંકરજી દ્વારા સ્થાપિત આર્ટ ઓફ લિવિંગ સંસ્થા છેલ્લા ૪૫ વર્ષથી વિશ્વભરમાં યોગ, પ્રાણાયામ, ધ્યાન અને માનવ મૂલ્યોના પ્રચાર-પ્રસાર માટે કાર્યરત છે. આજે યોગના અભ્યાસથી થતા શારીરિક, માનસિક અને ભાવનાત્મક લાભોથી સમગ્ર વિશ્વ પરિચિત છે અને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ વિશ્વના દરેક ખૂણામાં ઉત્સાહપૂર્વક ઉજવવામાં આવે છે.

૧૨મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ પર એક અનોખી પહેલ નિમિત્તે, આર્ટ ઓફ લિવિંગ દ્વારા ગુજરાતમાંથી સંચાલિત ચાર વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનોમાં વિશેષ યોગ સત્રોનું આયોજન કરવામાં આવ્યું હતું. મુસાફરો અને રેલવે કર્મચારીઓએ



ઉત્સાહપૂર્વક યોગાભ્યાસમાં ભાગ લીધો હતો. તદુપરાંત, આ અવસરે વડોદરા શહેરમાં વડોદરા પોલીસના ૧,૫૦૦થી વધુ પોલીસકર્મીઓએ આર્ટ ઓફ લિવિંગના માર્ગદર્શન હેઠળ યોગાભ્યાસ કર્યો હતો. યોગ દ્વારા શારીરિક સ્ફૂર્તિ, માનસિક શાંતિ અને તણાવમુક્ત જીવનશૈલીનો સંદેશ આપતા આ કાર્યક્રમમાં પોલીસકર્મીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. તદુપરાંત વડોદરા તથા આસપાસના જિલ્લાઓમાં આર્ટ ઓફ લિવિંગ વડોદરા ચેપ્ટર દ્વારા સરકારી સંસ્થાઓ જેમકે પોલીસ હેડક્વાર્ટર્સ અને જી.એસ.ટી. ભવન , વિવિધ શાળાઓ, કોલેજો, ઓફિસો, કોર્પોરેટ સંસ્થાઓ, ઔદ્યોગિક એકમો, બેંકો અને જાહેર ઉદ્યાનો સહિત ૫૦થી વધુ સ્થળોએ યોગ, પ્રાણાયામ અને ધ્યાનના વિશાળ સત્રોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અભિયાન અંતર્ગત ૧૫,૦૦૦થી વધુ લોકોએ યોગાભ્યાસનો લાભ લીધો જેમા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, કર્મચારીઓ, અધિકારીઓ અને નાગરિકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. યોગના મહત્વ વિશે ગુરુદેવ શ્રી શ્રી રવિશંકરજી કહે છે કે, "યોગ તમને પડકારોનો સામનો કરવા માટે ઊર્જા અને સ્થિતિસ્થાપકતા આપે છે. આજે જ્યારે વિશ્વ ગંભીર માનસિક સ્વાસ્થ્ય સંકટનો સામનો કરી રહ્યું છે, ત્યારે યોગ જ તેનો અત્યંત જરૂરી અને અસરકારક ઉપચારરૂપ જવાબ છે."

# આરાસુરી અંબાજી ટ્રસ્ટની ઘોર બેદરકારી : વર્ષે કરોડોની સુરક્ષાનો ધુમાડો

### અંબાજી મંદિર ટ્રસ્ટના તમામ ટ્રસ્ટીઓ ઉચ્ચ સરકારી અધિકારીઓ છે અને બનાસકાંઠાના કલેક્ટર પોતે આ ટ્રસ્ટના ચેરમેન તરીકે બિરાજમાન છે. આમ છતાં, અતિ સંવેદનશીલ ગણાતા ગર્ભગૃહમાં કોઇ પણ સરકારી રેકોર્ડ કે આઇડી કાર્ડ વગરના ખાનગી માણસોને ભક્તિ કરવા, આશીર્વાદ આપવા અને પાટ પર બેસવાની સત્તાવાર પરવાનગી કોણે આપી? એ મોટો સવાલ છે



**અંબાજી**

દેશના ૫૧ શક્તિપીઠોમાં શિરમોર અને અતિ સંવેદનશીલ ગણાતા અંબાજી મંદિરની સુરક્ષા વ્યવસ્થા હાલ રામભરોસે હોય તેમ લાગી રહ્યું છે. મંદિરની કડક સુરક્ષા પાછળ દર વર્ષે સરકારી તિજોરીમાંથી કરોડો રૂપિયા પાણીની જેમ વહાવવામાં આવે છે અને સામાન્ય ભક્તો માટે ગર્ભગૃહમાં દર્શન કરવા પર સખત પ્રતિબંધ છે. પરંતુ આશ્ચર્યની વાત એ છે કે, જે ગર્ભગૃહમાં કાયદાનું શાસન હોવું જોઈએ, ત્યાં કોઈ પણ સરકારી ચોપડે નોંધાયા વગરના 'કાવડિયાઓ' અને સેવકો છેલ્લા ત્રણ-ત્રણ પેઢીઓથી અડિંગો જમાવીને બેઠા છે અને વહીવટી તંત્ર ઘોર નિંદ્રામાં છે! ઐતિહાસિક વિગતો મુજબ, દાંતાના મહારાણા દ્વારા પૂજા-પાઠ માટે સિદ્ધપુરના ઠાકર પરિવારને અંબાજી મુકવામાં આવ્યા હતા. આ ભટ્ટજી મહારાજો હાલ શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના તાબા હેઠળ કામગીરી કરે છે. ભટ્ટજી મહારાજો દ્વારા બનાવાયેલી ગાદી પરથી જે આવક થાય છે, તેમાં ૭૫ ટકાનો મોટો હિસ્સો અંબાજી મંદિર ટ્રસ્ટનો છે, જ્યારે બાકીના ૨૫ ટકા ભટ્ટજી મહારાજોના ભાગે આવે છે. પરાકાષ્ઠા તો એ છે કે, ભટ્ટજી મહારાજોએ પોતાના અંગત ખર્ચે કાવડિયા અને સેવક તરીકે પ્રજાપતિઓને રાખ્યા છે, જેમનું મુખ્ય કામ ભટ્ટજીના ધોતિયા ધોવાનું અને સેવા કરવાનું છે. આ સેવકો અને કાવડિયાઓ કોઈ એકાદ-બે વર્ષથી નહીં, પણ પેઢી દર પેઢીથી ગર્ભગૃહમાં ઘૂસીને રાજ ભોગવી રહ્યા છે અને તેમને પગારના નામે માત્ર નામ પૂરતો મામૂલી ટુકડો ફેંકવામાં આવે છે. અંબાજી મંદિર ટ્રસ્ટના તમામ ટ્રસ્ટીઓ ઉચ્ચ સરકારી અધિકારીઓ છે અને બનાસકાંઠા જિલ્લાના કલેક્ટર પોતે આ ટ્રસ્ટના ચેરમેન તરીકે બિરાજમાન છે. આમ છતાં, અતિ સંવેદનશીલ ગણાતા ગર્ભગૃહમાં કોઈ પણ સરકારી રેકોર્ડ કે આઈડી કાર્ડ વગરના ખાનગી માણસોને ભક્તિ કરવા, આશીર્વાદ આપવા અને પાટ પર બેસવાની સત્તાવાર પરવાનગી કોણે આપી? એ મોટો સવાલ છે. લોકોમાં ચર્ચાતી તીખી દલીલ મુજબ, જો ભટ્ટજી મહારાજો પાસે આખો દિવસ મંદિરના ગર્ભગૃહમાં બેસીને પૂજા-અર્ચના કરવાની શારીરિક ક્ષમતા કે હિંમત ન હોય, તો અન્ય ૫૧ શક્તિપીઠ ની જેમ અંબાજી મંદિરમાં પણ ૧૧ મહિનાના કરાર આધારિત (કોન્ટ્રાક્ટ) લાયક સ્ટાફ કે શાસ્ત્રીઓને કેમ નથી મૂકવામાં આવતા? આ કાવડિયાઓની પેઢીઓ મંદિરના ગર્ભગૃહને પોતાની જાગીર સમજીને બેઠી છે, જે મંદિરની પવિત્રતા અને સુરક્ષા બંને માટે જોખમી છે.

# 22 દિવસે 'ભૂત' આવ્યું સામે : આખરે સુરત મનપા કમિશનરે સ્વીકાર્યું

### સેન્ટ્રલ ઝોનના અધિકારીઓએ નાસીરનગરમાં ડિમોલિશન કર્યું

**સુરત**

સુરત મહાનગરપાલિકામાં છેલ્લા ૨૨ દિવસથી ચાલી રહેલી ભારે ખેંચતાણ અને રહસ્યનો આખરે અંત આવ્યો છે. નાસીરનગરમાં થયેલા વિવાદાસ્પદ ડિમોલિશન મામલે સુરત મનપા કમિશનરે આખરે સત્તાવાર રીતે સ્વીકાર કરી લીધો છે કે આ ડિમોલિશન સેન્ટ્રલ ઝોનના અધિકારીઓ દ્વારા જ કરવામાં આવ્યું હતું. આ સ્વીકારોક્તિ સાથે જ પાલિકા તંત્રમાં ભારે દોડધામ મચી ગઈ છે. છેલ્લા ૨૨ દિવસથી આ સમગ્ર મામલે ભારે રહસ્ય પ્રવર્તી રહ્યું હતું અને કયા અધિકારીએ કોના આદેશથી આ કાર્યવાહી કરી તે અંગે પાલિકાના વર્તુળોમાં અસમંજસની સ્થિતિ હતી. આ વિવાદ એટલો વકર્યો હતો કે તેને 'ભૂત' જેવી અદ્રશ્ય સત્તા સાથે સરખાવવામાં આવી રહ્યો હતો, કારણ કે કોઈ પણ વિભાગ આ ડિમોલિશનની જવાબદારી લેવા તૈયાર નહોતો. પરંતુ આખરે લાંબી તપાસ અને સતત વધી રહેલા



દબાણ બાદ મનપા કમિશનરે મૌન તોડ્યું છે. તેમણે સ્પષ્ટ કર્યું છે કે સેન્ટ્રલ ઝોનના અધિકારીઓએ જ નાસીરનગરમાં ડિમોલિશનની આ આખી કાર્યવાહી પાર પાડી હતી. કમિશનરના આ ખુલાસા બાદ હવે સેન્ટ્રલ ઝોનના જવાબદાર અધિકારીઓ સામે કાયદાકીય કે શિસ્તભંગના કેવા પગલાં લેવામાં આવે છે તેના પર સૌની નજર મંડાયેલી છે. પાલિકાની આ આંતરિક લડાઈ અને આખરે સામે આવેલી વાસ્તવિકતા હવે સુરતના રાજકારણમાં અને વહીવટી તંત્રમાં ભારે ચર્ચાનો વિષય બની છે.

# ભાજપના બેનર હેઠળ ગોરખધંધા કરનારાઓની હવે ખેર નથી : ખેડામાં દારૂના દલદલમાં હોદ્દેદારોના નામ ખુલતા જ જિલ્લા પ્રમુખ લાલઘુમ

### પોતાના જ ઘરમાં કાણું પડ્યું હોવાની વાત હાઈકમાન્ડ સુધી પહોંચતા જ ખેડા જિલ્લા ભાજપ પ્રમુખ એક્શન મોડમાં આવી ગયા

**ખેડા**

ખેડા જિલ્લામાંથી એક અત્યંત ચોંકાવનારો અને ગાંધીના ગુજરાતને શર્મસાર કરતો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. શાસક પક્ષ ભાજપના જ કેટલાક હોદ્દેદારો અને તેમના પરિવારજનોના નામ દારૂના કાળા કારોબારમાં ખુલતા જ રાજકીય આલમમાં ભૂકંપ આવી ગયો છે. પોલીસ રેડ દરમિયાન આ મોટો ભાંડો ફૂટ્યા બાદ હવે સંગઠન હરકતમાં આવ્યું છે અને ભાજપ જિલ્લા પ્રમુખે આવા તત્વો સામે આરપારની લડાઈનું એલાન કરી દીધું છે.

મળતી વિગતો અનુસાર, ખેડા જિલ્લામાં પોલીસે બાતમીના આધારે દારૂના અડ્ડાઓ અને સ્મગલિંગ નેટવર્ક પર ધબધબાટી બોલાવીને મોટી રેડ પાડી હતી. આ રેડમાં જે નામો સામે આવ્યા તેણે પોલીસ સહિત ઉચ્ચ અધિકારીઓને પણ ચોંકાવી દીધા. પક્ષની આબરૂના ધજાગરા ઉડાવતા આ કાળા ધંધામાં ભાજપના સક્રિય હોદ્દેદારો અને તેમના અંગત પરિવારજનોની સંડોવણી હોવાનું સપાટી પર આવ્યું છે. ડ્રાય સ્ટેટ ગુજરાતમાં સત્તાના જોરે અંદરખાને દારૂનું આખું સામ્રાજ્ય ધમધમતું હોવાની આ હકીકત સામે આવતા જ વિપક્ષોને પણ બેઠા થવાનો મોકો મળી ગયો છે. પોતાના જ ઘરમાં કાણું પડ્યું હોવાની વાત હાઈકમાન્ડ સુધી પહોંચતા જ ખેડા જિલ્લા ભાજપ પ્રમુખ એક્શન મોડમાં આવી ગયા છે. તેમણે એક જાહેર મંચ પરથી ગર્જના કરતા કડક શબ્દોમાં ચીમકી આપી છે કે: 'ભાજપ પક્ષ શિસ્ત અને સંસ્કાર પર ચાલે છે. પક્ષના ભગવા બેનર કે હોદ્દાનો દુરુપયોગ કરીને જે કોઈ પણ આવા ગોરખધંધા કે ગેરકાયદેસર પ્રવૃત્તિઓ કરશે, તેને સહેજ પણ સાંખી લેવામાં નહીં આવે. કાયદો પોતાનું કામ કરશે જ, પણ સંગઠન સ્તરેથી પણ આવા તત્વોને તાત્કાલિક અસરથી દૂધમાંથી માખીની જેમ ફેંકી દેવામાં આવશે.' આ મામલે સોશિયલ મીડિયા પર પણ ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. જિલ્લા પ્રમુખની આ કડક સ્પીચ બાદ સ્થાનિક પોલીસ (SP) અને વહીવટી તંત્ર પર પણ દબાણ વધ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, પક્ષ તરફથી લીલી ઝંડી મળી જતા જ પોલીસે હવે કોઈ પણ રાજકીય દબાણ વગર આ કેસમાં સંડોવાયેલા તમામ હોદ્દેદારો અને તેમના મળતિયાઓ સામે કાયદાનો ગાળિયો મજબૂત કર્યો છે. ગુજરાતમાં સત્તાધારી પક્ષના જ લોકો જ્યારે આવા ગંભીર ગુનાઓમાં પકડાય ત્યારે જનતામાં કેવો મેસેજ જાય છે તે ભાજપ સારી રીતે જાણે છે, અને એટલે જ આ વખતે કોઈ પણ 'સેટિંગ' વગર કડક ઓપરેશન પાર પાડવા પ્રમુખે કમર કસી લીધી છે. આગામી દિવસોમાં ખેડા ભાજપમાં મોટા પાયે ગાબડાં પડે અને કેટલાક મોટા માથાઓ જેલના સળિયા પાછળ ધકેલાય તો નવાઈ નહીં!

# પક્ષ પ્રત્યે વફાદારી કે માસૂમોની બલિ? NEET પરીક્ષાના પ્રેશરમાં 37 દિવસમાં 12 વિદ્યાર્થીઓની આત્મહત્યા


**ગાંધીનગર**

દેશના શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન ભારતીય જનતા પાર્ટી (BJP) માટે ખૂબ જ વફાદાર અને મહત્વના નેતા હોઈ શકે છે, પરંતુ દેશની જનતાને કે વાલીઓને કોઈની રાજકીય વફાદારી સાથે કોઈ લેવા-દેવા નથી. આજે દેશ સામે સૌથી મોટો અને કાળજું કંપાવી દેનારો મુદ્દો એ છે કે, NEET (નીટ) ની પરીક્ષાના અસહ્ય પ્રેશર અને સિસ્ટમની નાલાયકીના કારણે છેલ્લા માત્ર ૩૭ દિવસમાં ૧૨ જેટલા આશાસ્પદ વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી પોતાના જીવન ટૂંકાવી લીધા છે! જરા પૂછો એ માત-પિતાને કે પોતાના વ્હાલસોયા સંતાનોને ગુમાવવાનો વજ્રાઘાત કેટલો અસહ્ય હોય છે? શું એસી ચેમ્બરોમાં બેસીને આંકડાની માયાજાળ રચતા સત્તાધીશો આ દર્દની ટીશ ક્યારેય અનુભવી શકશે ખરા? સવાલ એ થાય છે કે જે પરીક્ષાઓ દેશના ભવિષ્ય સમાન યુવાનોનો ભોગ લેતી હોય, તે જાનલેવા પરીક્ષાઓ આખરે શેના માટે? અહીં વાત માત્ર પરીક્ષાની નથી, પરંતુ શિક્ષણના નામે ચાલતી ઉઘાડી લૂંટ અને ભ્રષ્ટાચારની છે. જે ૧૨ માસૂમોના જીવ ગયા છે અને અન્ય હજારો વિદ્યાર્થીઓ જે માનસિક ડિપ્રેશનમાં સરી પડ્યા છે, તે માટે જવાબદાર કોણ?

# RSSના મુદ્દે પ્રિયાંક ખડગે સામે ભાજપના રમેશ જિગજિનાનીનું વિવાદાસ્પદ નિવેદન, ઉઠ્યા ગંભીર સવાલો

**ગાંધીનગર**

દેશમાં કાયદો અને સંવિધાન સર્વોપરી છે કે પછી કોઈ સંગઠનની સત્તા? આ સવાલ ફરી એકવાર કર્ણાટકના રાજકારણમાંથી ઉઠીને સમગ્ર દેશમાં ચર્ચાનો વિષય બન્યો છે. કર્ણાટકના મંત્રી પ્રિયાંક ખડગે દ્વારા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) પાસે કાયદાકીય રજિસ્ટ્રેશનની માંગ કરવામાં આવી હતી, જે લોકશાહી ઢબે કોઈપણ નાગરિક કે લોકપ્રતિનિધિ કરી શકે છે. પરંતુ આ ન્યાયિક માંગ સામે ભાજપના સાંસદ રમેશ જિગજિનાનીએ જે પ્રકારની ભાષા અને માનસિકતા પ્રદર્શિત કરી છે, તેણે દેશના બુદ્ધિજીવીઓ અને સામાન્ય જનતાને ચોંકાવી દીધા છે.



ભાજપના સાંસદ રમેશ જિગજિનાનીએ વિવાદની તમામ સીમાઓ ઓળંગતા નિવેદન આપ્યું કે, 'એક દલિત વ્યક્તિએ આર.એસ.એસ.ના મામલામાં પડવાની શું જરૂર છે!' આ નિવેદન ખુલ્લેઆમ એક ચોક્કસ જ્ઞાતિ કે વર્ગના અધિકારો પર તરાપ મારવા સમાન છે. શું સંવિધાને આપેલા સમાનતાના અધિકારો કોઈ ચોક્કસ જ્ઞાતિના વ્યક્તિને સવાલ પૂછતા રોકે છે? એટલું જ નહીં, સાંસદે આગળ વધતા અંધારી આલમના કોઈ ડૉન કે દાંડ જેવી ભાષા વાપરીને ધમકીભર્યા સૂરે કહ્યું કે, 'જેણે પણ આર.એસ.એસ. સામે પંગો લીધો છે, તે બચી શક્યો નથી.' લોકશાહી દેશમાં એક ચૂંટાયેલા સાંસદના મુખેથી આવી ધમકીભરી ભાષા નીકળે તે અત્યંત ચિંતાજનક અને નિમ્નસ્તરીય માનસિકતાનું પ્રતીક છે. બાબા સાહેબ આંબેડકરે આપેલા ભારતના સંવિધાનમાં દેશનો પ્રત્યેક નાગરિક, પછી તે ગમે તે જ્ઞાતિ, ધર્મ કે વર્ગનો હોય, કાયદાની નજરમાં સમાન છે. જ્યારે પ્રિયાંક ખડગેએ માત્ર રજિસ્ટ્રેશનની કાયદાકીય માંગ કરી, ત્યારે તેમની જ્ઞાતિને વચ્ચે લાવીને તેમને ડરાવવાનો પ્રયાસ કરવો એ સીધેસીધું ભારતીય સંવિધાનનું અપમાન છે. કોઈપણ સંગઠન દેશના કાયદા અને બંધારણથી ઉપર હોઈ શકે નહીં. 'પાક્કો ગુજરાત' સવાલ ઉઠાવે છે કે, લોકશાહીના ચોથા સ્તંભ તરીકે આવા ખુલ્લા ધમકીભર્યા નિવેદનો અને બંધારણ વિરોધી માનસિકતાને કઈ રીતે ચલાવી લેવાય? શું કાયદો અને વ્યવસ્થા આવા નિવેદનો કરનારાઓ સામે લાલ આંખ કરશે કે પછી સત્તાના જોરે સંવિધાનના લીરેલીરા ઉડતા રહેશે?

### આદિવાસીને આદિવાસી સામે લડાવવાની આ કેવી રાજનીતિ?

# આપ પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી સામે સળગતા સવાલો: છોટાઉદેપુરમાં આપના જ હોદ્દેદારો વચ્ચે લોહિયાળ ખેલ?

**ગાંધીનગર**

ગુજરાતના રાજકારણમાં ત્રીજો ફાંટો બનીને ઉભરેલી આમ આદમી પાર્ટી (AAP) ની અંદરનો આંતરિક સડો અને જૂથબંધી હવે ચરમસીમાએ પહોંચી ગઈ છે. છોટાઉદેપુર જિલ્લામાં 'આપ' ના સંગઠનમાં જે સ્તરનો વિખવાદ સામે આવ્યો છે, તેણે પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીની નેતૃત્વ ક્ષમતા અને તેમની રાજનીતિ સામે મસમોટા સવાલો ઉભા કરી દીધા છે. હક અને ન્યાયની વાતો કરનારી પાર્ટીના પોતાના જ હોદ્દેદારો આજે એકબીજાના લોહીના તરસ્યા બન્યા છે.



છોટાઉદેપુરના આદિવાસી પંથકમાંથી સામે આવેલી વિગતો અનુસાર, આમ આદમી પાર્ટીના જ તાલુકા પ્રમુખે પોતાના જ પક્ષના જિલ્લા પંચાયત સભ્ય સામે ગંભીર પ્રકારની પોલીસ ફરિયાદ નોંધાવવા માટે મજબૂર થવું પડ્યું છે. આ કોઈ સામાન્ય મનભેદ નથી, પરંતુ સૂત્રોના જણાવ્યા મુજબ આ આંતરિક લડાઈમાં હત્યા (મર્ડર) સુધીની ગંભીર અને લોહિયાળ ઘટના બનતા બનતા રહી ગઈ છે! પક્ષની અંદર જ કાર્યકરો અને હોદ્દેદારો સુરક્ષિત નથી, તે વાત હવે સપાટી પર આવી ગઈ છે.

સૌથી મોટો અને સળગતો સવાલ એ છે કે આ બંને હોદ્દેદારો આદિવાસી સમાજમાંથી આવે છે. જે આદિવાસી સમાજના ઉત્થાનના નામે 'આપ' રાજનીતિ ચમકાવવા માંગે છે, તે જ સમાજના બે આગેવાનોને આ રીતે આમને-સામને લડાવીને ઈસુદાન ગઢવી કેવા પ્રકારનું રાજકીય રોટલો શેકવા માંગે છે?

જ્યારે મામલો આટલો ગંભીર હતો અને તાલુકા પ્રમુખ પર હુમલો થવાની આશંકા હતી, ત્યારે પ્રદેશ નેતૃત્વએ સમય રહેતા કોઈ ચર્ચા, બેઠક કે સમાધાનનો પ્રયત્ન કેમ ન કર્યો? હુમલો થઈ ગયા પછી અને મામલો પોલીસ સ્ટેશને પહોંચી ગયા પછી પણ પ્રદેશ પ્રમુખનું મૌન ઘણું બધું કહી જાય છે. છોટાઉદેપુરની આ ઘટનાએ સાબિત કરી દીધું છે કે 'આપ' ના પ્રદેશ પદાધિકારીઓને ગ્રાઉન્ડ લેવલના કાર્યકરો કે હોદ્દેદારોની સુરક્ષાની કોઈ પરવા નથી. પક્ષના જ બે જવાબદાર માણસો વચ્ચે આટલી મોટી દુશ્મની પાંગરી રહી હતી અને મોવડીમંડળ ઊંઘતું રહ્યું. 'પાક્કો ગુજરાત' સવાલ પૂછે છે કે, ઈસુદાન ગઢવી આ ગંભીર મામલે પોતાની રાજકીય પિચ પરથી બહાર આવીને કોઈ ઠોસ ખુલાસો કરશે ખરા? કે પછી પોતાની જ પાર્ટીના આદિવાસી હોદ્દેદારોને ન્યાય આપવાને બદલે વાતને દબાવી દેવાનો પ્રયાસ કરશે? છોટાઉદેપુરની જનતા અને આદિવાસી સમાજ હવે આ બેવડી રાજનીતિને બરાબર ઓળખી ગયો છે.

### એજ્યુકેશન માફિયાઓને ક્યારે મળશે સજા?

# મેડિકલ શિક્ષણ અને હોસ્પિટલોમાં ચાલતી ઉઘાડી લૂંટ: 'પાછલા બારણે' દર્દીઓની તસ્કરીનું મોટું કૌભાંડ

**ગાંધીનગર**

ગુજરાતના મેડિકલ શિક્ષણ અને સરકારી હોસ્પિટલોના વહીવટમાં કેટલો મોટો સડો વ્યાપી ગયો છે તેનો વધુ એક જીવતો-જાગતો પુરાવો સામે આવ્યો છે. સરકારી હોસ્પિટલોમાં ગરીબ અને મધ્યમ વર્ગના દર્દીઓની સારવારના નામે ચાલતી આખી આખી સિસ્ટમ જ શંકાના દાયરામાં આવી ગઈ છે. સમગ્ર ઈન્ટરવ્યુ અને ઘટનાક્રમ પર નજર નાખતા જ સાફ ખબર પડી જાય છે કે આમાં ઉપરથી નીચે સુધી બહુ મોટી ગરબડ અને સાંઠગાંઠ ચાલી રહી છે. સૌથી મોટો સવાલ એ છે કે, જેઓ ખુલ્લેઆમ પ્રાઈવેટ પ્રેક્ટિસ કરે છે, તેવા તબીબોને સરકારી નોકરી પર રાખવામાં જ કેમ આવ્યા? એટલું જ નહીં, સરકારી હોસ્પિટલમાં આશા સાથે સારવાર લેવા આવતા લાચાર દર્દીઓને કથિત રીતે પાછલા બારણેથી ખાનગી હોસ્પિટલોમાં ધકેલી દેવાનું એક વ્યવસ્થિત નેટવર્ક ચાલી રહ્યું છે. ચોંકાવનારી વિગત તો એ છે કે, જે પ્રાઈવેટ



હોસ્પિટલોમાં દર્દીઓને મોકલવામાં આવે છે, તેમાં ખુદ સરકારી વિભાગના એચઓડી (HOD - હેડ ઓફ ડિપાર્ટમેન્ટ) ની પણ ભાગીદારી હોવાની આશંકા સેવાઈ રહી છે! આ આખા કૌભાંડમાં માત્ર નાના કર્મચારીઓ જ નહીં, પરંતુ એચઓડીથી માંડીને હોસ્પિટલના ડીન સુધીના તમામ ઉચ્ચ અધિકારીઓ પણ મળેલા હોય તેવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. આ બધું જ ડીનની આંખ નીચે 'એલાઉડ' કરવામાં આવ્યું અને હવે જ્યારે ભાંડો ફૂટ્યો છે ત્યારે જવાબદારો એવું કહીને હાથ ઊંચા કરી રહ્યા છે કે 'અમને આ વાતની કોઈ જાણ જ નથી.' આટલા જવાબદાર પદ પર બેસીને આવી અજ્ઞાનતા બતાવવી એ જ જનતાની આંખોમાં ધૂળ નાખવા બરાબર છે. આજે રાજ્યની જનતામાં ભારે આક્રોશ છે. જ્યાં સુધી ભાજપ સરકાર પોતે જ વહીવટી તંત્રમાં ઘૂસી ગયેલા આવા એજ્યુકેશન અને મેડિકલ માફિયાઓ સામે કડક કાયદાકીય પગલાં ભરીને સજા નહીં કરે, ત્યાં સુધી શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રમાં રહેલો આ સડો ક્યારેય દૂર નહીં થાય.

સરકારે સમજવું પડશે કે જો આ માફિયાઓ સામે કડક પગલાં લેવામાં વિલંબ થશે, તો સામાન્ય જનતાનો સરકાર અને ભાજપ ઉપરથી ભરોસો સંપૂર્ણપણે તૂટી જશે. હવે સમય આવી ગયો છે કે સરકારે કોઈની પણ શરમ રાખ્યા વિના, પોતાના જ વિભાગોમાં બેઠેલા ભ્રષ્ટ અને ખરાબ માણસોને વીણી-વીણીને સજા આપવી પડશે, જેથી જનતાનો વિશ્વાસ કાયમ રહી શકે.

# વડીલ પરિવાર સુભાનપુરા દ્વારા બારમા આંતરરાષ્ટ્રીય યોગા દિવસની ઉજવણી કરાઈ

**વડોદરા**

સિનિયર સિટીઝન ગ્રુપ ના સંપાદક અને માનદ તંત્રી ની એક યાદી જણાવે છે કે, તારીખ 21/6/26 ને રવિવારે વડીલ પરિવાર સિનિયર સિટીઝન ગ્રુપ ના પ્રમુખ શ્રી કનુભાઈ પટેલ દ્વારા વડીલ પરિવાર ના ભવન માં યોગા દિવસ ની ઉજવણી કરવામાં આવી. મુખ્ય અતિથિ તરીકે વડીલ પરિવાર ના અધ્યક્ષા ટીનુબેન ચાવલા અને ઘનશ્યામભાઈ રાવ હતા. તેઓનું યોગા ક્લાસ ની બેહનો દ્વારા પુષ્પગુચ્છ થી સ્વાગત કરવામાં આવ્યું, કાર્યક્રમ ની શરૂઆત ગણેશજી ની પ્રાર્થના થી કરવામાં આવી, ત્યારબાદ યોગ શિક્ષક અલ્પનાબેન અમીન દ્વારા પ્રાસંગિક પ્રવચન કરવામાં આવ્યું જેમાં તેમણે યોગ માં ચાલતા પ્રોગ્રામ ની ખુબજ સુંદર માહિતી આપી, યોગ ક્લાસ માં દરરોજ આવતા પૂર્ણિમાબેન પટેલ અને તેમના સહયોગીઓ દ્વારા યોગ ને લગતા આસનો બતાવતા પ્રયોગ બતાવવામાં આવ્યા. યોગ ક્લાસ માં દરરોજ આવતી અન્ય બેહનો દ્વારા પણ વિવિધ આસનો કરી બતાવ્યા



અને તેની સ્વાસ્થ્ય ઉપર શું અસર થાય છે તે બતાવ્યું, બેહનો દ્વારા સૂર્ય નમસ્કાર તથા વિધ વિધ આસનો બીજી બેહનો દ્વારા કરી બતાવવામાં આવ્યા, જેથી ખુબજ આનંદ થયો. યોગ એ વર્ક આઉટ નથી પણ વર્ક ઈન છે, અને આ આધ્યાત્મિક અભ્યાસ નો મુદ્દો છે જે આપણને આપણા હૃદય ખોલવા અને આપણી જાગૃતિ પર ધ્યાન કેન્દ્રિત કરવામાટે શીખવવા યોગ્ય બનાવેછે. ટીનુબેન ચાવલા એ pan તેમના પ્રવચન ઉપર યોગા જણાવ્યું કે સ્વાસ્થ્ય સુધારવું હોય યોગા ખુબજ જરૂરી છે.

### પરિવારને આપેલી છેલ્લી ચિઠ્ઠી/સૂચના: "મારી પાછળ મરણોત્તર ક્રિયાઓ ન કરતા"

# થરાદના વૃદ્ધની હરિદ્વારમાં ગંગા નદીમાં જળસમાધિ! સો. મીડિયામાં વાયરલ વીડિયો પાછળનું સત્ય શું...?

**બનાસકાંઠા**

બનાસકાંઠાના થરાદ પંથકમાંથી એક અત્યંત ચોંકાવનારી અને વિચિત્ર ઘટના સામે આવી છે, જેણે સમગ્ર પંથકમાં ભારે ચર્ચા જગાવી છે. એક તરફ સોશિયલ મીડિયા પર આ ઘટનાનો વીડિયો ઝડપથી વાયરલ થઈ રહ્યો છે, તો બીજી તરફ આ જળસમાધિ પાછળના રહસ્યો અને વૃદ્ધે પરિવારને આપેલી છેલ્લી સૂચનાઓએ લોકોને સ્તબ્ધ કરી દીધા છે.

મળતી માહિતી અનુસાર, થરાદ પંથકના એક વડીલે પવિત્ર યાત્રાધામ હરિદ્વાર ખાતે જઈને ગંગા નદીના પવિત્ર પ્રવાહમાં જળસમાધિ લઈ લીધી છે. સામાન્ય રીતે લોકો જીવનના અંતિમ પડાવમાં ધાર્મિક યાત્રાએ જતા હોય છે, પરંતુ આ વૃદ્ધે અગાઉથી જ પોતાનો સંકલ્પ નક્કી કરી લીધો



હોય તેમ ગંગાજીમાં વિલીન થવાનો માર્ગ પસંદ કર્યો. આ ઘટનાનો એક વીડિયો હાલ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર જોરદાર વાયરલ થઈ રહ્યો છે, જેમાં વૃદ્ધ નદીના પ્રવાહ તરફ આગળ વધતા દેખાઈ રહ્યા હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. આ ઘટનામાં સૌથી મોટો વળાંક ત્યારે આવ્યો જ્યારે એ જાણવા મળ્યું કે વૃદ્ધે જળસમાધિ લેતા પહેલા પોતાના પરિવારને એક ચોંકાવનારી સૂચના આપી હતી. તેમણે પરિવારને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે: 'મારી પાછળ કોઈ પણ પ્રકારની મરણોત્તર ક્રિયાઓ (ઉત્તરક્રિયા કે બારમું-તેરમું) કરતા નહીં.'

વૃદ્ધના આ છેલ્લા શબ્દો અને આ પ્રકારનો નિર્ણય સોશિયલ મીડિયા પર ભારે ચર્ચાનો વિષય બન્યો છે. લોકો આને આધ્યાત્મિક વૈરાગ્ય ગણાવી રહ્યા છે, તો કેટલાક આ નિર્ણય પાછળના સામાજિક કે કૌટુંબિક કારણો અંગે પણ સવાલો ઉઠાવી રહ્યા છે. સોશિયલ મીડિયા પર આ વીડિયો વાયરલ થતાં જ લોકોમાં અનેક તર્ક-વિતર્કો શરૂ થઈ ગયા છે.

### સિદ્ધપુરમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે

# ધારાસભ્ય બલવંતસિંહ રાજપુતના અધ્યક્ષ સ્થાને કાર્યક્રમ યોજવામાં આવ્યો

**સિદ્ધપુર**

સિદ્ધપુર ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે ધારાસભ્ય બલવંતસિંહ રાજપૂતના અધ્યક્ષસ્થાને પવિત્ર માતૃગયા તીર્થ બિંદુ સરોવર ખાતે નગરપાલિકા દ્વારા યોગ કાર્યક્રમ યોજાયો.

કાર્યક્રમ બાદ ધારાસભ્ય બલવંતસિંહ રાજપૂતે જણાવ્યું કે યોગ એ માત્ર શારીરિક કસરત નહીં, પરંતુ સ્વસ્થ શરીર, શાંત મન અને સંતુલિત જીવન જીવવાનો ઉત્તમ માર્ગ છે. માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના અથાગ પ્રયાસોના પરિણામે આજે યોગને વૈશ્વિક માન્યતા પ્રાપ્ત થઈ છે અને સમગ્ર વિશ્વ ભારતીય સંસ્કૃતિની આ અમૂલ્ય ધરોહરને અપનાવી રહ્યું છે. તેઓએ આ કાર્યક્રમ દ્વારા નિયમિત યોગને જીવનશૈલીનો અભિન્ન ભાગ બનાવી સ્વસ્થ, સશક્ત અને નિરોગી સમાજના નિર્માણનો સંકલ્પ લેવડાવ્યો.



આ કાર્યક્રમમાં નગરપાલિકા પ્રમુખ રણજીતસિંહ સોલંકી, પ્રમોદભાઈ પટેલ, કૌશલભાઈ જોશી, પ્રાંત અધિકારી, ડીવાયએસપી, પી.આઈ., જશુભાઈ પટેલ, ભરતભાઈ મોદી, શહેર મહામંત્રી દશરથભાઈ પટેલ, જયેશભાઈ પંડ્યા તેમજ યોગ ટ્રેનર જલકબેન પટેલ, અલકાબેન મોઢ અને રાગિણીબેન પટેલ સહિત નગરપાલિકાના સદસ્યો, સંગઠનના હોદ્દેદારો, પોલીસ સ્ટાફ, હોમગાર્ડ જવાનો, ડોકરા રનિંગ ક્લબના સભ્યો અને મોટી સંખ્યામાં નાગરિકોએ ઉત્સાહભેર ભાગ લઈ યોગાભ્યાસ કર્યો.

## તંત્રી લેખ...

## માણસ ભલે લાખ સમજદાર હોય, પણ જો કોઈની લાગણી ના સમજે તો એ સમજદારી નકામી છે!

આજના આધુનિક યુગમાં આપણે ડિગ્રીઓ મેળવી લીધી, ટેક્નોલોજીના માસ્ટર બની ગયા, અને પૈસા કમાવવાની રેસમાં સૌથી આગળ નીકળી ગયા. ટૂંકમાં કહીએ તો, આજનો માણસ બહુ 'સમજદાર' થઈ ગયો છે. પણ આ બધી સમજદારી વચ્ચે ક્યાંક આપણી અંદરની માણસાઈ અને સંવેદનાઓ ભૂંસાતી જાય છે. એક બહુ સરસ વાત કહેવાઈ છે કે, 'માણસ ભલે લાખ સમજદાર હોય, પણ જો એ કોઈની લાગણી ના સમજે તો એ સમજદારીનો કોઈ મતલબ નથી.'

આજે આપણે આ જ વિષય પર ઊંડાણપૂર્વક ચિંતન કરીશું કે આખરે કેમ લાગણી વગરની સમજદારી માત્ર એક ખોખલું પ્રદર્શન છે.



માત્ર મગજથી નહીં, ક્યારેક દિલથી પણ વિચારવું જરૂરી છે

આજના સમયમાં લોકો દરેક સંબંધને નફા-નુકસાનના ત્રાજવે તોલે છે. કોઈની મદદ કરતાં પહેલાં પણ માણસ પોતાની 'સમજદારી' વાપરીને વિચારે છે કે આમાં મારો શું ફાયદો? પરંતુ, સાચી સમજદારી એ નથી જે માત્ર મગજથી ચાલે; સાચી સમજદારી એ છે જે સામેવાળાની આંખોમાં છુપાયેલું દર્દ અને તેના દિલની વાતને સમજી શકે. જો તમારી પાસે દુનિયાભરનું જ્ઞાન હોય, તમે બધી જ પરિસ્થિતિઓને હેન્ડલ કરી શકતા હો, પણ તમારી સામે બેઠેલી વ્યક્તિ કઈ પરિસ્થિતિમાંથી પસાર થઈ રહી છે તેની તકલીફ તમને ન દેખાય, તો એ જ્ઞાન પથ્થર સમાન છે. લાગણી વિનાની બુદ્ધિ માણસને ક્રૂર અને સંવેદનહીન બનાવી દે છે.

સંબંધોમાં 'લાગણી' એ જ સાચો સેતુ છે

ઘણીવાર ઘરોમાં કે મિત્રતામાં વિવાદો થતા આપણે જોઈએ છીએ. વ્યક્તિ પોતાની જગ્યાએ કાયદાકીય રીતે કે તાર્કિક રીતે એકદમ સાચી (સમજદાર) હોઈ શકે છે, છતાં તે સંબંધો હારી જાય છે. કેમ? કારણ કે ત્યાં તર્ક જીતી જાય છે પણ લાગણી હારી જાય છે.

પરિવારમાં: મા-બાપની ઉંમર થતાં કદાચ તેમની વાતો આજના જમાના પ્રમાણે તાર્કિક ન લાગે, પણ તેની પાછળ તેમનો પ્રેમ અને ચિંતા હોય છે. જો સંતાનો ત્યાં માત્ર પોતાની 'આધુનિક સમજદારી' બતાવે અને મા-બાપની લાગણી ન સમજે, તો એ ભણતર નકામું છે. મિત્રતા અને પ્રેમમાં: ક્યારેક સામેવાળી વ્યક્તિ માત્ર એટલું જ ઈચ્છતી હોય છે કે કોઈ તેની વાતને શાંતિથી સાંભળે અને સમજે. ત્યાં કોઈ જ્ઞાનના વક્તવ્યની કે વકીલાતની જરૂર હોતી નથી.

ડિજિટલ દુનિયામાં ખોવાતી સંવેદનાઓ

આજે સોશિયલ મીડિયા પર કોઈના દુઃખદ સમાચાર જોઈને 'Sad' ઈમોજી મૂકી દેવું એ આપણી સમજદારી બની ગઈ છે. પણ શું ખરેખર આપણે એ વ્યક્તિના દુઃખને અનુભવી શકીએ છીએ? કોઈ રસ્તા પર મદદ માટે વલખાં મારતું હોય ત્યારે વીડિયો ઉતારવો એ સમજદારી નથી, પણ મોબાઈલ બાજુ પર મૂકીને તેને ઊભો કરવો એ સાચી સંવેદનશીલતા છે. દુનિયાના તમામ શાસ્ત્રો અને મહાન પુરુષોએ પણ એ જ કહ્યું છે કે દયા, કરુણા અને પ્રેમ એ જ મનુષ્ય હોવાની સાચી ઓળખ છે. બુદ્ધિશાળી તો કોમ્પ્યુટર અને રોબોટ પણ હોઈ શકે છે, પણ લાગણી માત્ર માણસ પાસે જ હોય છે. જો માણસ જ લાગણી શૂન્ય થઈ જશે તો રોબોટ અને માણસમાં કોઈ ફરક નહીં રહે.

છેલ્લી વાત...

સમજદાર બનવું ખૂબ સારી બાબત છે, તેનાથી દુનિયામાં પ્રગતિ કરી શકાય છે. પરંતુ એ સમજદારીના અહંકારમાં એટલા અંધ ન બની જઈએ કે સામેવાળાના આંસુ આપણને પાણી સમાન લાગે.

જો કોઈ તમારી સામે પોતાનું દિલ ખોલીને બેસે, તો ત્યાં ન્યાયાધીશ બનવાને બદલે એક સાચા માણસ બનો. કોઈની લાગણીને માન આપવું, કોઈના મનની મૂંઝવણને સમજવી અને મુશ્કેલ સમયમાં કોઈનો હાથ પકડવો - એ જ દુનિયાની સૌથી મોટી સમજદારી છે. માટે જ, હૃદય વિનાની બુદ્ધિ કરતાં બુદ્ધિ વિનાનું પવિત્ર હૃદય હજાર ગણું શ્રેષ્ઠ છે.

**- ગ્રુપ એડિટર પવન માકન**


# સામાજિક અધઃપતન: ગુજરાતમાં 400થી વધુ દંપતીઓનું 'કપલ સ્વેપિંગ'નું રાજ્યવ્યાપી રેકેટ

## ગુડ લુકિંગ કપલને એક રાતના 1 લાખ સુધીની ઓફર!

સુરત અને રાજકોટ સહિત સમગ્ર ગુજરાતને શર્મસાર કરતી એક અત્યંત ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે. સુરતમાં થોડા દિવસો પહેલા સામાજિક આગેવાનોએ જે મુદ્દો ઉઠાવ્યો હતો, તેની પાછળનું ભયાનક સત્ય હવે સામે આવ્યું છે. સુરતની એક પરણીતા, જે આ દલદલમાંથી બચીને રાજકોટ આવી ગઈ હતી, તેણે આ આખા ગોરખધંધા પરથી પડદો ઉઠાવ્યો છે. ગુજરાતના ધનાઢ્ય અને મધ્યમ વર્ગના આશરે 400થી વધુ કપલ્સ છેલ્લા 4 વર્ષથી આ કાળા કારોબારમાં સક્રિય હોવાની વિગતોથી ખળભળાટ મચી ગયો છે.



representative image



### લગ્નના ત્રણ મહિના પછી શરૂ થયો અસલી ખેલ: પીડિતાની આપવીતી

પીડિતાના જણાવ્યા અનુસાર, તેના લગ્ન જુલાઈ-2022માં સુરતના એક યુવક સાથે થયા હતા. શરૂઆતના ત્રણ મહિના બધું બરાબર ચાલ્યું. જોકે, પડોશમાં રહેતા જેઠ-જેઠાણીના ઘરે અવારનવાર અલગ-અલગ કપલોની અવરજવર અને સામાજિક રીતે અયોગ્ય હરકતો જોઈને તેણે સાસુને ફરિયાદ કરી હતી.

આ ફરિયાદ બાદ તેના લગ્નજીવનમાં ભૂકંપ આવી ગયો. સાસુને ફરિયાદ કરવા છતાં પતિએ જ પત્નીને 'કપલ સ્વેપિંગ' (પત્નીઓની અદલાબદલી)ના આ રેકેટમાં જોડાવા દબાણ કર્યું. પતિએ એવી વિચિત્ર દલીલ કરી હતી કે જો કોઈ એક વ્યક્તિ એક્સ્ટ્રા મેરિટલ અફેર કરે તો લગ્ન તૂટે, પણ જો બંને સાથે મળીને આ ગોઠવણ કરે તો મજા પણ આવે અને વિવાદ બહાર ન જાય! જ્યારે પત્નીએ આ સામાજિક દૂષણમાં જોડાવાની ના પાડી, ત્યારે તેની સાથે ઢોર માર મારવામાં આવ્યો હતો.

### સોશિયલ મીડિયા પર ફેક આઈડી અને ASL કોડથી ઓપરેટ થતું નેટવર્ક

આ હાઈપ્રોફાઈલ રેકેટ ખૂબ જ આયોજનબદ્ધ રીતે ચલાવવામાં આવી રહ્યું છે:

ફેક એકાઉન્ટ્સ: ફેસબુક પર ખોટા નામે એકાઉન્ટ બનાવી કપલના ફોટા અપલોડ કરી એકબીજાને ટેગ કરવામાં આવે છે.

ASL કોડ: ગ્રુપમાં જોડાતી વખતે ASL એટલે કે એજ (Age), સેક્સ (Sex) અને લોકેશન (Location) પૂછવામાં આવે છે.

વીડિયો કોલ: લુક જોવા માટે સામસામે વીડિયો કોલ થાય છે અને ત્યારબાદ જ મીટિંગ ફિક્સ થાય છે. આ નેટવર્કમાં માત્ર કપલ્સ જ નહીં, પરંતુ સિંગલ યુવક-યુવતીઓ પણ સામેલ થાય છે.

### એક રાતના 20 હજારથી 1 લાખ સુધીના રેટ!

આ નેટવર્ક માત્ર ધનાઢ્ય લોકો પૂરતું સીમિત નથી, તેમાં મધ્યમ વર્ગના લોકો પણ પૈસાની લાલચે જોડાયા છે. જો કોઈ કપલ મધ્યમ વર્ગનું હોય પણ દેખાવમાં 'ગુડ લુકિંગ' હોય, તો ધનાઢ્ય પરિવારો દ્વારા તેમને એક નાઈટ માટે રૂપિયા 20 હજારથી લઈને 1 લાખ સુધીની ઓફર કરવામાં આવે છે. આ રેકેટમાં પહેલા સામાન્ય મીટિંગ થાય છે, ત્યારબાદ સાથે ફરવા જવાનું બહાનું કાઢી હોટલોમાં રોકાઈને પત્નીઓની અદલાબદલીનો ખેલ ખેલાય છે.

### ગુજરાતના કયા શહેરોમાં ફેલાયેલું છે આ દૂષણ?

પીડિતાના ખુલાસા મુજબ, આ સામાજિક દૂષણ માત્ર સુરત પૂરતું મર્યાદિત નથી. ગુજરાતના મોટાભાગના મુખ્ય શહેરો આના સકંજામાં છે, જેમાં:

- સુરત અને રાજકોટ
- અમદાવાદ અને વડોદરા
- વાપી, આણંદ અને નડિયાદ

સંસ્કારી ગણાતા ગુજરાતમાં અંદરખાને ચાલી રહેલા આ આધુનિક સામાજિક કેન્સર જેવા રેકેટે ચિંતા જન્માવી છે. પીડિતાના આ પર્દાફાશ બાદ હવે સામાજિક સંગઠનો અને કાયદાકીય એજન્સીઓ આ બાબતે કેવા પગલાં ભરે છે તેના પર સૌની નજર છે.

# છાપામાં વીંટેલું ખાવાથી નપુંસકતા આવી શકે!

## પેપરની શાહીથી કેન્સર લઈને ફૂડ પોઈઝનિંગ સુધીનું પણ જોખમ


જો તમને સ્ટ્રીટ ફૂડ પસંદ છે, તો તમે અખબારમાં લપેટાયેલા સમોસા, વડા પાઉં કે જલેબી ખાધા જ હશે. પરંતુ શું તમે જાણો છો કે ખાવા-પીવાની વસ્તુઓને ક્યારેય અખબારમાં રાખવી કે લપેટવી ન જોઈએ? અખબારની શાહી સ્વાસ્થ્ય માટે ખતરનાક છે. તેનાથી લીવર, કિડનીને નુકસાન થઈ શકે છે અને કેન્સર જેવી ગંભીર બીમારી પણ થઈ શકે છે. તાજેતરમાં મહારાષ્ટ્ર 'ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન' (FDA) એ ખાવાની વસ્તુઓ અખબારમાં પેક કરતા વિક્રેતાઓ સામે અભિયાન ચલાવ્યું. આ દરમિયાન 55માંથી 26 વિક્રેતાઓ અખબારમાં ફૂડ પેક કરતા જોવા મળ્યા, જેમની સામે કાર્યવાહી કરવામાં આવી. વર્ષ 2016 માં જારી કરાયેલી 'ફૂડ સેફ્ટી સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયા' (FSSAI) ની સલાહ મુજબ, ફૂડને અખબારમાં લપેટવું અનહેલ્ધી છે. ભલે ખાવા-પીવાની વસ્તુઓ સ્વચ્છ રીતે તૈયાર કરવામાં આવી હોય, પરંતુ અખબારના સંપર્કથી તેની ગુણવત્તા અને સલામતી પ્રભાવિત થઈ શકે છે. અખબારની શાહી અને પ્રિન્ટિંગમાં વપરાયેલા રસાયણો ખોરાકમાં ભળી શકે છે. તે સ્વાસ્થ્ય માટે હાનિકારક છે. તેથી FSSAI એ ચેતવણી જારી કરી છે કે ખોરાકને અખબારમાં લપેટવો અથવા તેમાં રાખવો સુરક્ષિત નથી. આ કેમિકલ્સ શરીરના બ્લુપ્રિન્ટ એટલે કે DNA, મગજ, હોર્મોન્સ, લિવર અને કિડનીને નુકસાન પહોંચાડે છે, જેનાથી અનેક બીમારીઓનું જોખમ વધી શકે છે. અખબારની શાહીથી ઘણા ગંભીર સ્વાસ્થ્ય જોખમો થઈ શકે છે, જેમ કે-



DNA ડેમેજ, લિવર ડેમેજ, કિડની ડેમેજ, બ્રેઈન, નર્વસ સિસ્ટમ ડેમેજ, કેન્સર, હોર્મોનલ ઈમ્બેલેન્સ, ડાયજેસ્ટિવ પ્રોબ્લેમ્સ, સેલ્સમાં ઈન્ફ્લેમેશન, લાંબા ગાળે ક્રોનિક ડિસીઝ, મેમરી લોસ, લર્નિંગ એબિલિટી પર અસર, બાળકોની ફિઝિકલ-મેન્ટલ ગ્રોથ પર અસર. તેના કેટલાક રસાયણો DNA ને નુકસાન પહોંચાડી શકે છે, જેનાથી કોષોની સામાન્ય વૃદ્ધિ પ્રભાવિત થાય છે. DNA માં મ્યુટેશન કેન્સરનું કારણ બની શકે છે. શાહીમાં MOAH (મિનરલ ઓઈલ એરોમેટિક હાઈડ્રોકાર્બન), PAHs (પોલીસાયક્લિક એરોમેટિક હાઈડ્રોકાર્બન) અને એરોમેટિક એમાઈન્સ જેવા રસાયણો હોય છે, જે કેન્સરકારક હોય છે. આ રસાયણો ઓક્સિડેટીવ સ્ટ્રેસ વધારીને કોષોને નુકસાન પહોંચાડે છે, જેનાથી કેન્સરનું જોખમ વધી શકે છે. શાહીમાં રહેલા કેટલાક રસાયણો હોર્મોન્સના કાર્યમાં અવરોધ ઊભો કરી શકે છે. આનાથી હોર્મોનલ સંતુલન બગડી શકે છે. આના કારણે થાઈરોઈડની સમસ્યા થઈ શકે છે. પ્રજનન ક્ષમતા પણ પ્રભાવિત થઈ શકે છે. બાળકો અને કિશોરો પર તેની વધુ અસર થઈ શકે છે. હોર્મોનલ ગડબડીથી પુરુષો અને મહિલાઓ, બંનેની ફર્ટિલિટી પ્રભાવિત થઈ શકે છે. શાહીમાં રહેલા કેટલાક કેમિકલ પ્રેગ્નન્સીમાં ફીટસની ગ્રોથને પણ પ્રભાવિત કરી શકે છે. FSSAI એ સ્પષ્ટ કર્યું છે કે અખબાર ફૂડ પેકેજિંગ માટે નથી હોતું. તે ઘણા હાથોમાંથી પસાર થાય છે. આ દરમિયાન જર્મ્સ, ધૂળ અને ગંદકી લાગી શકે છે. તેનાથી ફૂડ પોઈઝનિંગ અને ગટ ઈન્ફેક્શનનું જોખમ થઈ શકે છે. ગરમીથી અખબારની શાહીના રસાયણો ખોરાકમાં ઝડપથી ભળી જાય છે. ઘણા રસાયણો તેલમાં સરળતાથી ઓગળી જાય છે. તેથી તેલવાળા ખોરાકને અખબારમાં લપેટવો વધુ જોખમી છે. આથી સમોસા, ભજીયા, કચોરી અને પરાઠા જેવા ગરમ અને તેલવાળા ખોરાક અખબારમાં રાખીને બિલકુલ ન ખાવા જોઈએ. આ થોડું ઓછું જોખમી હોઈ શકે છે, પરંતુ સુરક્ષિત નથી. ખરેખર, અખબાર ફૂડ-ગ્રેડ સામગ્રી નથી. તેથી તેમાં ખાવા-પીવા સંબંધિત કોઈ પણ વસ્તુ લપેટવી ન જોઈએ. સ્ટ્રીટ ફૂડ ખરીદતી-ખાતી વખતે આ બાબતોનું ધ્યાન રાખો- તે અખબારમાં પીરસવામાં કે પેક કરવામાં ન આવ્યું હોય. વિક્રેતા ખાવાની વસ્તુ તૈયાર કરીને અખબારમાં સંગ્રહ ન કરતો હોય. દુકાન અને આસપાસ સ્વચ્છતા હોય. વિક્રેતાના હાથ અને વાસણો સ્વચ્છ હોય. ગરમ ખોરાક સુરક્ષિત કન્ટેનરમાં રાખવામાં આવ્યો હોય. ખોરાક ઢાંકીને રાખવામાં આવ્યો હોય. ખોરાક તાજો અને ગરમ હોય. ખોરાક ધૂળ અને માખીઓના સંપર્કમાં ન હોય. સ્વચ્છ પાણીનો ઉપયોગ કરવામાં આવતો હોય. ખોરાક હંમેશા ફૂડ-ગ્રેડ પેપર, કન્ટેનર, સ્ટીલ અથવા કાચના વાસણોમાં જ રાખો. અખબાર, જૂના કાગળ અથવા પ્રિન્ટેડ પેપરનો ઉપયોગ ખોરાકને લપેટવા અથવા પીરસવા માટે ન કરો. હા, મેગેઝિન, પેમ્ફલેટ કે કોઈપણ પ્રિન્ટેડ પેપરમાં શાહી અને રસાયણો હોઈ શકે છે. તેથી તેમાં રાખેલો ખોરાક પણ અસુરક્ષિત છે, કારણ કે- તેનો કાગળ ફૂડ-ગ્રેડ નથી હોતો. તેમાં રહેલી શાહી અને અન્ય રસાયણો ખોરાકના સંપર્કમાં આવી શકે છે. જૂના પાના પર ધૂળ, ગંદકી અને જંતુઓ હોઈ શકે છે.

# બ્રિટનના વડાપ્રધાન કીર સ્ટાર્મર રાજીનામું આપે તેવી શક્યતા, પાર્ટીના 100થી વધુ સાંસદોનો બળવો

યુકેના વડાપ્રધાન કીર સ્ટાર્મર પોતાના પદ પરથી રાજીનામું આપે તેવી પ્રબળ શક્યતા છે. છેલ્લા ઘણાં મહિનાઓથી મુશ્કેલીમાં ઘેરાયેલા પીએમ સ્ટાર્મર આખરે પદ છોડવા માટે તૈયાર થયા હોવાના અહેવાલો છે, જેમાં તે પોતાના ગૌરવપૂર્ણ પ્રસ્થાન માટે વિગતવાર સમયરેખા (ટાઈમલાઇન) પણ જાહેર કરી શકે છે. પોતાની જ પાર્ટીના સાંસદોએ બ્યૂગલ ફૂંક્યું હાઉસ ઓફ કોમન્સ (બ્રિટિશ સંસદ) માં લેબર પાર્ટીના લગભગ એક ચતુર્થાંશ એટલે કે 100થી વધુ ચૂંટાયેલા સાંસદોએ વડાપ્રધાન કીર સ્ટાર્મર સામે જાહેરમાં બળવો પોકાર્યો છે. આ અસંતુષ્ટ સાંસદો માંગ કરી રહ્યા છે કે સ્ટાર્મર કાં તો તાત્કાલિક પોતાના પદ પરથી હટી જાય અથવા તો રાજીનામા માટેની ચોક્કસ તારીખ જાહેર કરે એન્ડી બર્નહામની જીતથી સંકટ ઘેરાયું પીએમ સ્ટાર્મરની ખુરશી પર જે સંકટ તોળાઈ રહ્યું હતું, તે શુક્રવારે (19 જૂન) વધુ ઘેરૂ બન્યું હતું. તેમના કટ્ટર હરીફ એન્ડી બર્નહામે સંસદીય પેટાચૂંટણીમાં મોટી જીત મેળવી છે. આ વિજય સાથે જ બર્નહામ માટે કીર સ્ટાર્મર સામે નેતૃત્વનો સીધો પડકાર ફેંકવાનો રસ્તો સાફ થઈ ગયો છે. પત્ની સાથે ચેકર્સમાં મંથન સૂત્રોના જણાવ્યા અનુસાર, વડાપ્રધાન કીર સ્ટાર્મર હાલમાં તેમના નિવાસસ્થાન 'ચેકર્સ' ખાતે છે. અંતિમ નિર્ણય લેતા પહેલા તે આ સમગ્ર રાજકીય ગતિરોધ મુદ્દે પોતાની પત્ની સાથે ગંભીર ચર્ચા-વિચારણા કરી રહ્યા છે. લેબર પાર્ટીના વરિષ્ઠ નેતાઓનું માનવું છે કે સોમવાર સાંજ સુધીમાં સ્ટાર્મરના ભવિષ્ય અંગેનું ચિત્ર સંપૂર્ણપણે સ્પષ્ટ થઈ જશે. આ તમામ અટકળો વચ્ચે સૂત્રોનું કહેવું છે કે પીએમ સ્ટાર્મર હજુ પણ દેશ ચલાવવા અને પોતાના



કામ પર ધ્યાન કેન્દ્રિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. શુક્રવારે તેમણે મક્કમતાથી કહ્યું હતું કે, 'હું મારું પદ જાળવી રાખવા માટે કોઈપણ પડકારનો સામનો કરવા તૈયાર છું.' આ સાથે જ તેમણે લેબર પાર્ટીના નેતાઓને અપીલ કરી હતી કે તેઓ પરસ્પર અને આંતરિક ઝઘડાઓમાં સામેલ થઈને પાર્ટીને બરબાદ ન કરે. જો કે, પક્ષની અંદર વધી રહેલા ભારે અસંતોષને જોતાં હવે સ્ટાર્મર માટે વડાપ્રધાન પદ પર ટકી રહેવું મુશ્કેલ લાગી રહ્યું છે.

# સ્વિટ્ઝરલેન્ડમાં મંત્રણા : અમેરિકા સાથેના કરાર પર પેઝેશ્કિયાનનો મોટો દાવો, 6 અબજ ડોલર પરત મળશે

યુનાઈટેડ સ્ટેટ્સ અને ઈરાન વચ્ચે કાયમી શાંતિ અને પશ્ચિમ એશિયામાં શાંતિ પુનઃસ્થાપિત કરવા માટે સ્વિટ્ઝરલેન્ડના જ્યુરીખ માં ઉચ્ચ સ્તરીય વાટાઘાટો ચાલી રહી છે. જેમાં યુએસના ઉપરાષ્ટ્ર પ્રમુખ જેડી વેન્સ, ઈરાની સંસદના સ્પીકર મોહમ્મદ બાઘેર ગાલિબાફ અને પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફ સહિત અનેક ટોચના નેતાઓ ભાગ લઈ રહ્યા છે. તેમજ કતારના પ્રતિનિધિઓ પણ ભાગ લેશે. આ દરમિયાન ઈરાનના રાષ્ટ્ર પ્રમુખ મસૂદ પેઝેશ્કિયાને યુનાઈટેડ સ્ટેટ્સ સાથે થયેલા પ્રારંભિક કરાર અંગે અનેક મહત્ત્વપૂર્ણ ખુલાસા કર્યા છે. અમેરિકા સાથેના કરાર પર પેઝેશ્કિયાનનો મોટો દાવો ઈરાનની તસ્નીમ ન્યૂઝ એજન્સી અનુસાર પેઝેશ્કિયાને મોટો દાવો કરતા કહ્યું કે, 'કતારમાં ફ્રીઝ કરાયેલા ઈરાનના 6 બિલિયન ડોલર આ કરાર હેઠળ નાણાં પરત કરવામાં આવશે. સમજૂતી કરાર (MoU)ની બધી શરતો અમારા પક્ષમાં છે અને આ વાટાઘાટો અને વાટાઘાટોના પરિણામો ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે. તાજેતરના ભાષણમાં ઈરાન પર અસંખ્ય પ્રતિબંધો લાદનારા ડોનાલ્ડ ટ્રમ્પે હવે તે જ મુદ્દાઓને ઈરાની લોકોના અધિકારો તરીકે સ્વીકારી લીધા છે.' પેઝેશ્કિયાને ઈઝરાયલી વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ પર પણ નિશાન સાધતા કહ્યું કે, 'તેઓ સ્વિટ્ઝરલેન્ડમાં થઈ રહેલી વાટાઘાટોથી સૌથી વધુ અસંતુષ્ટ હશે. અમેરિકાની ફક્ત એક જ શરત છે કે, પરમાણુ બોમ્બ ન હોવો જોઈએ. અમને પરમાણુ બોમ્બ નથી જોઈતો.' અમેરિકાના ઉપરાષ્ટ્ર પ્રમુખ જેડી વેન્સ રવિવારે(21જૂન) સવારે જ્યુરિખ પહોંચ્યા હતા, જ્યારે ટ્રમ્પના ખાસ દૂત સ્ટીવ વિટકોફ અને સલાહકાર જેરેડ કુશનર પહેલેથી જ ત્યાં હાજર હતા. સ્વિટ્ઝરલેન્ડ જતા પહેલા વાન્સે કહ્યું હતું કે, 'મેં આજે સવારે જેરેડ અને સ્ટીવ સાથે વાત કરી હતી. મારી સમજ મુજબ, વસ્તુઓ સારી દિશામાં આગળ વધી રહી છે.' જ્યારે ઈરાનની રાજ્ય સમાચાર એજન્સી IRNA અનુસાર, ઈરાની પ્રતિનિધિમંડળનું નેતૃત્વ સંસદના અધ્યક્ષ મોહમ્મદ બાઘેર ગાલિબાફ કરી રહ્યા છે.

# શિકાગોમાં કારમાં આવેલા હુમલાખોરો દ્વારા ભીડ પર અંધાધૂંધ ગોળીબાર

સંયુક્ત રાષ્ટ્ર

સંયુક્ત રાષ્ટ્ર (UN) માં શુક્રવારે એક બેઠક દરમિયાન ઈઝરાયલના રાજદૂત ડેની ડેનોન અને UN મહાસચિવના વિશેષ પ્રતિનિધિ પ્રમિલા પેટન વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ. આ બેઠક યુદ્ધ દરમિયાન થતી યૌન હિંસાને રોકવાના આંતરરાષ્ટ્રીય દિવસના પ્રસંગે ન્યૂયોર્કમાં યોજાઈ હતી. બેઠકમાં ઈઝરાયલના રાજદૂતે UN અધિકારી પેટનના રાજીનામાની માંગ કરી. ડેનને આરોપ લગાવ્યો કે પેટનના રિપોર્ટને કારણે ઈઝરાયલનું નામ પ્રથમ વખત યૌન હિંસા સંબંધિત આરોપોના મામલે સંયુક્ત રાષ્ટ્રની બ્લેકલિસ્ટમાં આવ્યું. તેમનું કહેવું હતું કે રિપોર્ટ નિષ્પક્ષ ન હતો અને તેમાં ઈઝરાયલ વિરુદ્ધ પક્ષપાત દર્શાવવામાં આવ્યો હતો. ડેનને પેટન પર આરોપ લગાવતા કહ્યું, "તમે સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસના ઈઝરાયલ-વિરોધી વલણના દબાણમાં આવી ગયા છો." તેમનો દાવો હતો કે ગુટેરેસ સતત ઈઝરાયલની ટીકા કરતા રહ્યા છે અને પેટનનો રિપોર્ટ પણ તે જ વિચારથી પ્રભાવિત હતો. વિવાદ વધ્યા પછી UNના અધિકારી વેનેસા ફ્રેઝરે હસ્તક્ષેપ કર્યો. ફ્રેઝરે ડેનનને કહ્યું કે તેઓ વ્યક્તિગત હુમલા કરવાનું ટાળે. તેમણે એમ પણ કહ્યું કે રિપોર્ટ પુરાવાઓ પર આધારિત છે. આના પર ડેનન વધુ નારાજ થયા. તેમણે ફ્રેઝરને કહ્યું કે તેઓ ચૂપ રહે. ડેનને કહ્યું, અમે સંયુક્ત રાષ્ટ્રના સભ્ય દેશ છીએ અને તમે સંયુક્ત રાષ્ટ્રના કર્મચારી છો. હવે તમે ચૂપ રહેશો. તમે અને તમારો આ શરમજનક રિપોર્ટ બંને ચૂપ રહેશે ખરેખરમાં, સંયુક્ત રાષ્ટ્ર દર વર્ષે એવા દેશો, સેનાઓ અને સશસ્ત્ર જૂથોની યાદી બહાર પાડે છે જેના પર સંઘર્ષ દરમિયાન જાતીય હિંસાના ગંભીર આરોપો હોય છે. આ વખતે પ્રથમ વખત ઈઝરાયલને આ યાદીમાં સામેલ કરવામાં આવ્યું. આ સાથે જ હમાસ અને અન્ય પેલેસ્ટિનિયન સશસ્ત્ર જૂથોને પણ યાદીમાં રાખવામાં આવ્યા. 29 મેના રોજ જાહેર કરાયેલા આ અહેવાલ અનુસાર- ગાઝા યુદ્ધ દરમિયાન ઈઝરાયલી અટકાયત કેન્દ્રો સાથે સંકળાયેલી યૌન હિંસા અને જાતીય દુર્વ્યવહારના આરોપો સામે આવ્યા છે. આરોપો ઈઝરાયલી સેના, પોલીસ અને જેલ સેવાના કેટલાક અધિકારીઓ પર લાગ્યા.




પાક્કો ગુજરાત
સોમવાર | 22 જૂન 2026 | અમદાવાદ

### ડોર-ટુ-ડોર કલેક્શનમાં ગાર્ડન વેસ્ટનો સ્વીકાર ન થતાં નાગરિકો મૂંઝવણમાં

# સ્વચ્છ સુરતમાં ચોમાસા પહેલાં ઠેર-ઠેર ગાર્ડન વેસ્ટનો ગંભીર પ્રશ્ન

- એક તરફ સુરત મહાનગરપાલિકા સ્વચ્છતાના રાષ્ટ્રીય મોડેલ તરીકે પોતાની ઓળખ જાળવવાના મોટા-મોટા દાવા કરે છે
- રહેણાંક સોસાયટીઓ અને બગીચાઓ હરિયાળા બન્યા છે, પરંતુ હવે આ હરિયાળી જાળવવા માટે સમયાંતરે કરાતા ટ્રિમિંગનો કચરો માથાનો દુખાવો બન્યો છે

ડભોઇ

દેશના સૌથી સ્વચ્છ શહેરનો ખિતાબ મેળવનાર સુરતમાં આજે ગાર્ડન વેસ્ટના નિકાલનો પ્રશ્ન અત્યંત ચિંતાજનક બન્યો છે. ચોમાસા પહેલાં અગમચેતીના ભાગરૂપે શહેરભરમાં વૃક્ષોની ડાળીઓની કાપકૂપ, બગીચાઓની સફાઈ અને સોસાયટીઓમાં સ્વચ્છતા અભિયાન ચાલી રહ્યું છે. પરંતુ, તેના પરિણામે ઊભા થતા ગાર્ડન વેસ્ટના યોગ્ય અને સમયસર નિકાલ માટે તંત્ર પાસે કોઈ સુવ્યવસ્થિત વ્યવસ્થા જોવા મળતી નથી. પરિણામે, શહેરના અનેક મુખ્ય રસ્તાઓ, ખાલી પ્લોટ અને જાહેર સ્થળો પર કપાયેલી ડાળીઓ, સુકા પાંદડા અને ઝાડી-ઝાંખરાના મોટા ઢગલા ખડકાઈ રહ્યા છે, જે સુરતની સુંદરતાને ડાગ લગાવી રહ્યા છે.

એક તરફ સુરત મહાનગરપાલિકા સ્વચ્છતાના રાષ્ટ્રીય મોડેલ તરીકે પોતાની ઓળખ જાળવવાના મોટા-મોટા દાવા કરે છે, તો બીજી તરફ ડોર-ટુ-ડોર કચરા સંગ્રહ વ્યવસ્થામાં ગાર્ડન વેસ્ટનો સમાવેશ ન થતાં નાગરિકો ભારે મૂંઝવણમાં મુકાયા છે. ગાર્ડન વેસ્ટ ક્યાં નાખવો અને તેનો સુરક્ષિત નિકાલ કેવી રીતે કરવો તે અંગે પાલિકાની સ્પષ્ટ નીતિના અભાવે કચરાના ઢગલા દિનપ્રતિદિન વધતા જઈ રહ્યા છે. શહેરમાં છેલ્લા કેટલાક વર્ષોમાં ગ્રીન કવર વધારવા માટે મોટા પાયે વૃક્ષારોપણ કરવામાં આવ્યું છે. રહેણાંક સોસાયટીઓ અને બગીચાઓ હરિયાળા બન્યા છે, પરંતુ હવે આ હરિયાળી જાળવવા માટે સમયાંતરે કરાતા ટ્રિમિંગનો કચરો માથાનો દુખાવો બન્યો છે.

ચોમાસાની શરૂઆત પહેલાં સોસાયટીઓમાં ગાર્ડનની સફાઈ બાદ નીકળતો કચરો લોકો મજબૂરીમાં સોસાયટીની બહાર અથવા જાહેર રસ્તા કિનારે મૂકી દે છે. આ કચરો ઉપાડવા માટે કોઈ નિયમિત વાહન ન આવતું હોવાથી તે દિવસો સુધી રસ્તા પર જ સડે છે. પાલિકાની ડોર-ટુ-ડોર સેવા માત્ર ઘરેલુ કચરો એકત્ર કરે છે અને ગાર્ડન વેસ્ટ સ્વીકારવાની સાફ ના પાડી દે છે, જ્યારે સફાઈ વિભાગ પણ આની જવાબદારી લેવા તૈયાર નથી. તંત્રની આ આળસ માત્ર દ્રશ્ય પ્રદૂષણ નથી ફેલાવતી, પરંતુ ચોમાસા દરમિયાન આ સુકા પાંદડા અને ડાળીઓ પાણીના પ્રવાહમાં તણાઈને ગટરો તેમજ ડ્રેનેજ લાઈનમાં અવરોધ સર્જી શકે છે, જેનાથી સ્થાનિક સ્તરે જળબંબાકારની સ્થિતિ સર્જાવાનો મોટો ખતરો ઊભો થયો છે.



# હિંમતનગર તાલુકાના કડોલીમાં ડેભોલ નદી પર બની રહેલા ઓવરબ્રિજ અને ચેકડેમના વિકાસકાર્યોનું નિરીક્ષણ કરતા ધારાસભ્ય

### કટ્ટી મંદિર અને સપ્તેશ્વર મંદિરને જોડતા આ નવા ઓવરબ્રિજનું નિર્માણ આશરે રૂ.14 કરોડના ખર્ચે થઈ રહ્યું છે

ઈડર

સાબરકાંઠા જીલ્લામાં હિંમતનગર તાલુકાના કડોલી ગામે ડેભોલ નદી પર બની રહેલા ઓવરબ્રિજ અને ચેકડેમના વિકાસકાર્યોનું ધારાસભ્ય વી.ડી.ઝાલાએ સ્થળ નિરીક્ષણ કર્યું હતું. રાજ્ય સરકારના કરોડો રૂપિયાના ખર્ચે આ પ્રોજેક્ટ્સનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે જેની ગુણવત્તા અને સમયસર પૂર્ણતા સુનિશ્ચિત કરવા માટે સમીક્ષા કરવામાં આવી હતી.

આ અંગે મળતી વિગતો મુજબ કડોલીનું કટ્ટી મંદિર અને સપ્તેશ્વર મહાદેવ મંદિરને જોડતા આ નવા ઓવરબ્રિજનું નિર્માણ આશરે ૧૪ કરોડ રૂપિયાના ખર્ચે થઈ રહ્યું છે. આ વિસ્તારમાં આવેલા ધાર્મિક સ્થળોએ દર વર્ષે મોટી સંખ્યામાં ભક્તો દર્શનાર્થે આવતા હોવાથી, તેમને સરળતાથી અવરજવર કરી શકે તે હેતુથી આ બ્રિજ બનાવવામાં આવી રહ્યો છે.



બ્રિજની બાજુમાં આવેલા અરસોડિયા ચેકડેમનું કામ પણ ઝડપથી પ્રગતિ કરી રહ્યું છે. અંદાજે ૧ કરોડ ૪૭ લાખ રૂપિયાના ખર્ચે તૈયાર થઈ રહેલો આ ચેકડેમ પાણી સંગ્રહની દ્રષ્ટિએ અત્યંત મહત્વનો સાબિત થશે જે સ્થાનિક ખેડૂતો અને વિસ્તાર માટે ફાયદાકારક રહેશે.

ધારાસભ્ય વી.ડી.ઝાલા સાથે અન્ય આગેવાનો અને અધિકારીઓએ સ્થળ પર પહોંચી કામગીરીની ઝીણવટભરી સમીક્ષા કરી હતી.

તેમણે કામની ગુણવત્તા જાળવવા અને નિર્ધારિત સમયમર્યાદામાં પ્રોજેક્ટ પૂર્ણ કરવા માટે જરૂરી સૂચનો આપ્યા હતા. હાલ ઓવરબ્રિજ અને ચેકડેમ બંનેના કામો યુદ્ધના ધોરણે ચાલી રહ્યા છે. અને આગામી સમયમાં આ કામગીરી પૂર્ણ થતાં સ્થાનિકો તેમજ ભક્તોને મોટી રાહત મળશે.

### ડભોઈ સતર ગામ પટેલ સમાજ વાડી ખાતે

# PM કિસાન ઉત્સવ દિવસની ભવ્ય ઉજવણી વડાપ્રધાન મોદીના હસ્તે ખેડૂતોના ખાતામાં સીધા નાણાં જમા કરાયા..!

ડભોઇ, ફકીરા ખત્રી

ડભોઈ સતર ગામ પટેલ સમાજ વાડી ખાતે આજરોજ પી.એમ કિસાન ઉત્સવ દિવસ' નિમિત્તે એક વિશેષ કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવો અને વિશાળ સંખ્યામાં હાજર રહેલા નગરજનો તથા ખેડૂતોએ માનનીય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા દેશના અન્નદાતા ખેડૂતોના હિતાર્થે આપવામાં આવેલા પ્રેરણાદાયી સંબોધનનું જીવંત શ્રવણ કર્યું હતું.

આ કાર્યક્રમ અંતર્ગત પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીજીના હસ્તે 'પી.એમ. કિસાન સન્માન નિધિ યોજના'ના હપ્તાની રકમ સીધી જ દેશના લાખો ખેડૂતોના બેંક ખાતામાં જમા (DBT) કરવામાં આવી



હતી, જેને ઉપસ્થિત સૌ કોઈએ હર્ષભેર વધાવી લીધી હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત મુખ્ય મહાનુભાવો: આ ગરિમાપૂર્ણ અવસરે વડોદરા જિલ્લાના સંગઠન અને વહીવટી તંત્રના ઉચ્ચ પદાધિકારીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા:

ડો. બી. જે. બ્રહ્મભટ્ટ વડોદરા જિલ્લા પ્રમુખ જ્યોત્સનાબેન રબારી જિલ્લા પંચાયત પ્રમુખ જિલ્લા તથા તાલુકા પંચાયતના અન્ય સદસ્યઓવહીવટી અને કૃષિ વિભાગના અધિકારીઓની ઉપસ્થિતિ

ખેડૂતોને માર્ગદર્શન પૂરું પાડવા માટે કૃષિ અને વહીવટી તંત્રની આખી ટીમ હાજર રહી હતી, જેમાં જિલ્લા વિકાસ અધિકારી (DDO)

જિલ્લા ખેતીવાડી અધિકારી તેમજ નાયબ ખેતી નિયામક વિસ્તરણઆત્મા (ATMA) પ્રોજેક્ટ ડાયરેક્ટર તાલુકા વિકાસ અધિકારી (TDO) મદદનીશ ખેતી નિયામક (ડભોઈ)

બાગાયત અધિકારી તથા ડભોઈ ખેતીવાડી વિસ્તરણ અધિકારીતમામ ગ્રામ સેવકઓ અને 'આત્મા' તેમજ પ્રાકૃતિક કૃષિ બોર્ડની ટીમ ખેડૂત કલ્યાણનો સંકલ્પ: આ પ્રસંગે પ્રાકૃતિક ખેતી વેગવંતી બને અને સરકારની કલ્યાણકારી યોજનાઓ છેવાડાના ખેડૂત સુધી પહોંચે તેવા સંકલ્પ સાથે મોટી સંખ્યામાં નગરજનો અને પ્રગતિશીલ ખેડૂતોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

### સવારે મોટી સંખ્યામાં નગરજનો યોગ સાધનામાં જોડાયા

# ઇડરમાં 12મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી

ઈડર, જાકીર મેમણ

વડાપ્રધાન મોદીની પ્રેરણાથી નગરજનો અને અધિકારીઓ જોડાયાઈડર ખાતે 21મી જૂનના રોજ 12મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે ઈડરના સ્કૂલ ગ્રાઉન્ડ ખાતે સવારે મોટી સંખ્યામાં નગરજનો યોગ સાધનામાં જોડાયા હતા. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી દર વર્ષે 21મી જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. રાજ્ય સરકારના રમતગમત અને યુવા સાંસ્કૃતિક વિભાગ દ્વારા આ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. આધુનિક જીવનશૈલીમાં સંતુલન જાળવવા માટે યોગને અત્યંત ફાયદાકારક માનવામાં આવે છે.આ યોગ કાર્યક્રમમાં ઈડર પાલિકાના ચીફ ઓફિસર જૈમીનભાઈ ચૌધરી, ઈડર શહેર પ્રમુખ કુણાલભાઈ કંસારા,પાલિકા પ્રમુખ સૂર્યાબેન પટેલ, અનિલભાઈ પટેલ, રાજેશભાઈ



પરમાર,લઘુમતી મોરચાના પ્રમુખ જાકીર એસ મેમણ. કારોબારી અધ્યક્ષ જીનલભાઈ સગર, કેતનભાઈ પટેલસહિતઈડરનગરપાલિકાના તમામ સ્ટાફ અને ચૂંટાયેલા સદસ્યો ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત, પોલીસ સ્ટાફ, હોમગાર્ડ સ્ટાફ અને વિવિધ શાળાઓના બાળકો પણ ઉત્સાહભેર યોગ સાધનામાં જોડાયા હતા.

### ધોરણ 12 સાયન્સ પ્રવાહ માટે ભારત સરકાર દ્વારા

# સાબરકાંઠા જિલ્લામાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે NEET પરીક્ષા લેવાઈ

ઈડર, જાકીર મેમણ

ધોરણ ૧૨ સાયન્સ પ્રવાહ માટે ભારત સરકાર દ્વારા NEET પરીક્ષા લીધી હતી ત્યારે આ પરીક્ષાનું પેપર જાહેર થતાં વિદ્યાર્થીઓના જીવન સાથે ચેડા થયાનું માલુમ પડતાં સરકાર દ્વારા આ પરીક્ષા મોકૂફ રાખી ફરી પરીક્ષા લેવાનું નક્કી કરતાં આજ રોજ ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે દરેક સ્કૂલોમાં મામલતદારની સીધી દોરવણી હેઠળ પરીક્ષા લેવામાં આવી હતી જેમાં વિદ્યાર્થીઓ માટે કોઈપણ પ્રકારનું સાહિત્ય પેન સાથે લઈ જવા દેવામાં આવી ન હતી તથા ડ્રેસ કોડ નક્કી કર્યા




મુજબનું પહેરણ પહેરવાનું જો ના પહેર્યું હોય તો પરીક્ષા ખંડમાં બેસવા દેવામાં આવ્યા ન હતા પેન પણ વર્ગખંડમાં દરેકને આપવામાં આવી હતી જે ચુસ્ત બંદોબસ્ત સાથે ફરી ધોરણ ૧૨ સાયન્સ પ્રવાહ માટે NEET પરીક્ષાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો જ્યારે વાલીઓને સ્કૂલથી દૂર રહેવા જણાવાયું હતુ જ્યારે પરીક્ષા શરૂ થયાના ૩ કલાક પહેલાં વર્ગખંડમાં વિદ્યાર્થીઓને લેવામાં આવ્યા હતા જેમની બારીકાઈથી તપાસ કરવામાં આવી હતી.

જ્યારે હોશિયાર વિદ્યાર્થી વિરુદ્ધ પેપર લીક કરી પાસ થયેલા વિદ્યાર્થીઓ આ પરીક્ષા પાસ કરે છે તો આ મેડિકલ લાઈન હોવાથી અગાઉના ગંભીર પરિણામો આવે છે તેથી આ વખત ચુસ્ત બંદોબસ્ત રીતે NEET પરીક્ષા સાબરકાંઠા જિલ્લા મથકે લેવામાં આવી હતી.

### છોટા ઉદેપુરમાં આમ આદમી પાર્ટીની મોટી કાર્યવાહી

# કદવાલ તાલુકા પંચાયત સદસ્ય સહિત 6 કાર્યકરો સસ્પેન્ડ કરાયા

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

છોટા ઉદેપુરમાં આમ આદમી પાર્ટીની મોટી કાર્યવાહી, કદવાલ તાલુકા પંચાયત સદસ્ય સહિત 6 કાર્યકરો સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

છોટા ઉદેપુર જિલ્લામાં આમ આદમી પાર્ટી (AAP) દ્વારા પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરનારાઓ સામે લાલ આંખ કરીને એક સાથે 6 જણાને પક્ષમાંથી સસ્પેન્ડ કરી ઘરભેગા કરી દેવામાં આવ્યા છે. કદવાલ તાલુકા પંચાયતમાં પ્રમુખની વરણી વખતે પાર્ટીના આદેશ (વ્હીપ)નો અનાદર કરી ગેરહાજર રહેનારા એક ચૂંટાયેલા તાલુકા પંચાયત સદસ્ય અને અન્ય 5 કાર્યકરોને આમ આદમી પાર્ટીના પ્રદેશ નેતૃત્વ દ્વારા તાત્કાલિક અસરે સસ્પેન્ડ કરવાનો નિર્ણય લેવાયો છે.

મળતી માહિતી અનુસાર, કદવાલ તાલુકા પંચાયતમાં આમ આદમી પાર્ટી પાસે 8 બેઠકો અને ભારતીય જનતા પાર્ટી (BJP) પાસે પણ 8 બેઠકો હતી. બંને પક્ષો પાસે સરખી બેઠકો હોવાથી




પ્રમુખ પદની ચૂંટણી ખૂબ જ રસપ્રદ અને મહત્ત્વની બની હતી. જોકે, પ્રમુખની વરણીના મતદાન સમયે 'આપ'ની ટિકિટ પરથી વિજેતા બનેલા કદવાલ બેઠકના સદસ્ય પક્ષના વ્હીપનો અનાદર કરીને ગેરહાજર રહ્યા હતા. સદસ્યની આ ગેરહાજરીના કારણે આમ આદમી પાર્ટીએ બહુમતી ગુમાવી દીધી હતી અને શાસન ગુમાવવાનો વારો આવ્યો હતો, જ્યારે સીધો ફાયદો ભાજપને થતાં ત્યાં ભાજપનું શાસન સ્થપાયું હતું.

# ત્રણ વર્ષથી ફરાર બે ઘરફોડ ચોરોને LCBએ મુંબઈ બોઈસરથી ઝડપી પાડ્યા

### આરોપીઓને ઝડપી પાડ્યા બાદ આગળની કાયદેસરની કાર્યવાહી માટે ઉપલેટા પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યા છે

સૌજન્ય રાજકોટ

રાજકોટ ગ્રામ્ય પોલીસની લોકલ ક્રાઈમ બ્રાન્ચ (એલસીબી)એ ઉપલેટા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ઘરફોડ ચોરીના ગુનામાં છેલ્લા ત્રણ વર્ષથી નાસતા ફરતા બે આરોપીઓને ઝડપી પાડી મહત્વની સફળતા મેળવી છે. આ કામગીરી રાજકોટ ગ્રામ્ય જિલ્લાના પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જરના માર્ગદર્શન હેઠળ હાથ ધરવામાં આવી હતી. ઉપલેટા પોલીસ સ્ટેશનમાં આઈપીસી કલમ 454, 457 અને 380 મુજબ નોંધાયેલા ઘરફોડ ચોરીના ગુનામાં ચાર્જશીટ પછીથી ફરાર જાહેર કરાયેલા આરોપીઓની શોધખોળ ચાલી રહી હતી. દરમિયાન એલસીબી સ્ટાફને ચોક્કસ ખાનગી બાતમી મળી હતી કે બંને આરોપીઓ મુંબઈ નજીક બોઈસર શાકમાર્કેટ વિસ્તારમાં હાજર છે. બાતમીના આધારે પોલીસે ત્યાં પહોંચી કાર્યવાહી કરી બંને



આરોપીઓને ઝડપી પાડ્યા હતા. પકડાયેલા આરોપીઓમાં સરમ ઉર્ફે સારમ જામસીંગ શિંગાળ તથા બબલુ જામસીંગ શિંગાળ, (રહે. બંને કુકસી, જી.ધાર મધ્યપ્રદેશ)નો સમાવેશ થાય છે. પોલીસ પૂછપરછ દરમિયાન આરોપીઓએ વર્ષ 2023માં ઉપલેટા વિસ્તારમાં એક મકાનમાં ઘુસી સોનાના દાગીના, રોકડ રકમ તેમજ પાર્કિંગમાંથી બે મોટરસાયકલની ચોરી કરી હોવાની કબૂલાત આપી હોવાનું પોલીસ સૂત્રોએ જણાવ્યું છે.

આરોપીઓને ઝડપી પાડ્યા બાદ આગળની કાયદેસરની કાર્યવાહી માટે ઉપલેટા પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યા છે.

આ કામગીરી એલસીબી પીઆઇ જે.પી. રાવના નેતૃત્વ હેઠળ પીએસઆઈ કે.એમ. ચાવડા, એચ.સી. ગોહીલ, આર.વી. ભીમાણી, પી.એન. ભરવાડ, એએસઆઈ બાલકૃષ્ણ ત્રિવેદી, અનિલભાઈ બડકોદીયા, મેહુલભાઈ સુવા, હેડ કોન્સ અરવિંદસિંહ, નિલેશભાઈ, કૌશિકભાઈ, ભાવેશભાઈ, વિજયભાઈ, શક્તિસિંહ, ઈશિતભાઈ, નિકુંજભાઈ, અઝીમભાઈ, અબ્દુલભાઈ, સહિતની ટીમે ટેકનિકલ સર્વેલન્સ અને ચોક્કસ ખાનગી બાતમીના આધારે સફળતાપૂર્વક પાર પાડી હતી.

## દેશી બનાવટના તમંચા સાથે એક શખ્સ ઝડપાયો, પાનવડ પોલીસની કાર્યવાહી

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

પાનવડ પોલીસ સ્ટેશનની ટીમે ગેરકાયદેસર હથિયારો વિરુદ્ધ હાથ ધરેલી કામગીરી દરમિયાન એક શખ્સને દેશી બનાવટના તમંચા સાથે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ પોલીસને બાતમી મળી હતી કે એક વ્યક્તિ ગેરકાયદેસર હથિયાર સાથે વિસ્તારમાં ફરી રહ્યો છે. બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી શંકાસ્પદ વ્યક્તિને અટકાવી તેની તપાસ કરતા તેની પાસેથી દેશી બનાવટનો તમંચો મળી આવ્યો હતો. પોલીસે હથિયાર કબજે કરી આરોપીની ધરપકડ કરી હતી.

પ્રાથમિક તપાસમાં આરોપી રાજસ્થાન રાજ્યના બાંસવાડા જિલ્લાના રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે હથિયાર ક્યાંથી મેળવ્યું અને તેનો ઉપયોગ કયા હેતુસર થવાનો હતો તે અંગે વધુ તપાસ શરૂ કરી છે.

પાનવડ પોલીસ દ્વારા હાથ ધરાયેલી આ કાર્યવાહીને પગલે ગેરકાયદેસર હથિયારો સામે કડક કાર્યવાહી કરવામાં આવી રહી હોવાનું જાણવા મળ્યું છે. પોલીસ દ્વારા આરોપી વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

# જેતપુરમાં રાજકોટ રેન્જ પોલીસનો દરોડો, કુખ્યાત બુટલેગર બડલીના બે સાગરીતો ઈંગ્લીશ દારૂના જથ્થા સાથે ઝડપાયા

### 12000 બોટલ ઈંગ્લીશ દારૂ, કાર અને મોબાઈલ સહિત રૂ.4.65 લાખનો મુદ્દામાલ કબજે

જેતપુર, સુરેશ ભાલીયા

રાજકોટ રેન્જ પોલીસ દ્વારા પ્રોહિબિશન ગુનાઓ સામે ચલાવવામાં આવતી ઝુંબેશ હેઠળ રાજકોટ જિલ્લાના જેતપુર વિસ્તારમાંથી 1,200 નંગ ભારતીય બનાવટની ઈંગ્લિશ દારૂની બોટલો, એક હોન્ડા અમેઝ કાર અને બે મોબાઈલ ફોન સહિત કુલ રૂ.4,65,000ના મુદ્દામાલ સાથે બે આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા છે. આ કાર્યવાહી રાજકોટ રેન્જ આઈજી નિર્લિપ્ત રાયના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી.

રાજકોટ રેન્જના પોલીસ ઈન્સપેક્ટર અપૂર્વ પટેલના માર્ગદર્શન મુજબ પોલીસ સબ ઈન્સપેક્ટર પી.એન.મોરી, બી.સી.મિયાત્રા, સી.એમ. કાંટેલિયા તથા સ્ટાફ દ્વારા હ્યુમન સોર્સ અને ટેકનિકલ એનાલિસિસના આધારે તપાસ હાથ ધરવામાં આવી હતી.

દરમિયાન દિવ્યેશભાઈ સુવા,



શિવરાજસિંહ ઝાલા અને નિકુલભાઈ પંપાણિયાને મળેલી ચોક્કસ બાતમીના આધારે પીએસઆઈ બી. સી. મિયાત્રા તથા પોલીસ કોન્સ્ટેબલ અનિરુદ્ધસિંહ જાડેજાની ટીમે જેતપુર ફુલવાડી ઢોરા પાસે રોડ પરથી ઈંગ્લીશ દારૂ ભરેલી કાર ઝડપી પાડી હતી.

પોલીસે નંબર વગરની હોન્ડા અમેઝ કારમાંથી વસીમભાઈ ઈકબાલભાઈ સોલંકી અને વિશેષ ભુપેશભાઈ પરમાર (રહે. બંને ચાંદની ચોક, જેતપુર)ને ઝડપી પાડ્યા હતા. તેમની પાસેથી રૂ.1.50 લાખ કિંમતની 1,200 ઈંગ્લિશ દારૂની બોટલો, રૂ.3 લાખ કિંમતની હોન્ડા અમેઝ કાર તથા રૂ.15 હજાર કિંમતના બે મોબાઈલ ફોન મળી કુલ રૂ.4.65 લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.

તપાસ દરમિયાન ઝડપાયેલ દારૂનો જથ્થો સપ્લાય કરનાર તરીકે અનીલ ઉર્ફે ડબલી મનસુખભાઈ બારૈયા (રહે. બાપુની વાડી, જેતપુર) નું નામ ખુલ્યું છે. આરોપી અનીલ ઉર્ફે ડબલી અગાઉ ૬૫ થી વધુ પ્રોહિબિશનના ગુનાઓમાં સંડોવાયેલ હોવાનું તેમજ પાસા અને હદપારી હેઠળ પણ કાર્યવાહી ભોગવી ચૂક્યો હોવાનું પોલીસ દ્વારા જણાવાયું છે. સમગ્ર મામલે જેતપુર સિટી પોલીસ સ્ટેશન ખાતે ગુનો નોંધાવી ત્રણેય આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.



### 7 વર્ષ બાદ મોટા બજેટની ફિલ્મથી કમબેક

# અભિનેત્રી પ્રિયંકા ચોપરા હવે હોલિવૂડની એન્જેલિના જોલી સાથે કરશે સ્ક્રીન શેર

મુંબઇ

એસ.એસ. રાજામૌલીની ફિલ્મ સિવાય હવે પ્રિયંકા પાસે ઘણા આંતરરાષ્ટ્રીય પ્રોજેક્ટ્સ પાઈપલાઈનમાં છે.ખાસ કરીને તે હોલિવૂડમાં કોઈ મોટી અભિનેત્રી સાથે જોવા મળે તો નવાઈ નહીં. આ માટેની કેટલીક તૈયારીઓ થઈ ચૂકી છે. તે ઓર્લાન્ડો બ્લૂમ સાથે પીપીપી કો-પ્રોડક્શનમાં કામ કરશે - જે 'લોર્ડ ઓફ ધ રિંગ્સ' અને 'પાઈરેટ્સ ઓફ ધ કેરેબિયન' ફ્રેન્ચાઈઝી માટે પ્રખ્યાત છે. ફિલ્મ નિર્માતા મીરા નાયરના જીવનચરિત્રાત્મક નાટક 'અમરી' સાથે પણ સંકળાયેલી છે. પ્રિયંકા ચોપરા ખરા અર્થમાં ગ્લોબલ આઈકોન બની ગઈ છે. તે સતત હેડલાઈન્સમાં રહે છે. જ્યારે અભિનેત્રી એસ.એસ. રાજામૌલીની 'વારાણસી' સાથે ભારતીય સિનેમામાં વાપસી કરવા માટે તૈયાર છે.ઘણા લાંબા સમય પછી તે બોલિવૂડના કોઈ મોટા પ્રોજેક્ટમાં પરત ફરી છે. તેણે હવે ખુલાસો કર્યો છે કે તે બીજા એક મોટા આંતરરાષ્ટ્રીય પ્રોજેક્ટ પર પણ કામ કરી રહી છે. જેમાં હોલીવુડ સ્ટાર એન્જેલીના જોલી સાથે સ્ક્રીન શેર કરતી જોવા મળશે.આ ખરેખર એની ફિલ્મી કેરિયરમાં વધુ એક સફળતા નોંધાવે છે. આ અપડેટ પ્રિયંકાના કરિયરના એક મહત્વપૂર્ણ ક્ષણ પર આવ્યું છે, કારણ કે તે સાત વર્ષના લાંબા વિરામ પછી ભારતીય સિનેમામાં મોટી સ્કિન પર અને મોટા બજેટની ફિલ્મમાંથી ફિલ્મી દુનિયામાં કમબેક કરી રહી છે. જુદી જુદી ભાષામાં આવશે ફિલ્મ એક્ટ્રેસ એસ.એસ. રાજામૌલી દ્વારા દિગ્દર્શિત એક મોટા બજેટની એક્શન-એડવેન્ચર ફિલ્મ 'વારાણસી'માં અભિનય કરવા માટે તૈયાર છે.આ ફિલ્મના કેટલાક શેડ્યુઅલ ખતમ થઈ ચૂક્યા છે તો કેટલાક ખતમ થવામાં છે. આ ફિલ્મમાં પ્રિયંકાનો એક અલગ અવતાર જોવા મળશે. 1,200 થી 1,400 કરોડ સુધીના બજેટ સાથેની ફિલ્મ અત્યાર સુધીની સૌથી મોંઘી ભારતીય ફિલ્મોમાંની એક હોવાનુ માનવામાં આવી રહ્યું છે. આ ફિલ્મ ભારતની જુદી જુદી ભાષામાં પણ ડબ થાય એવી પૂરી શક્યતાઓ છે. જ્યારે તેનું શૂટિંગ જ્યોર્જિયા, એન્ટાર્કટિકા, આફ્રિકા અને હૈદરાબાદ સહિત વિવિધ સ્થળોએ કરવામાં આવ્યું છે. 'વારાણસી' 7 એપ્રિલ, 2027 ના રોજ વિશ્વભરમાં રિલીઝ થવાની છે. પણ વાત જ્યાં જોલી સાથે કામ કરવાની છે ત્યાં હજુ કેટલાક મુદ્દાઓ પરથી હકીકત સ્પષ્ટ થવાની બાકી છે. કોનું નામ લીધું એક્ટ્રેસે

પ્રિયંકાએ પુષ્ટિ કરી છે કે તે હોલીવુડ સ્ટાર એન્જેલીના જોલી સાથે કામ કરવા માટે તૈયાર છે.આ પ્રોજેક્ટ વિશે વધુ વિગતો શેર કરી નથી, કારણ કે તે હાલ ગુપ્ત રાખવામાં આવી છે.પણ એવું માનવામાં આવે છે કે, આ પણ હોલિવૂડની કોઈ મોટા પ્રોજેક્ટની ફિલ્મ બની રહી છે. આ જાહેરાતથી ચાહકો બંને અભિનેત્રીઓને સ્ક્રીન શેર કરતા જોવા માટે રાહ જોઈ રહ્યા છે.

**પ્રિયંકાએ હોલીવુડની મહિલાઓ વિશે પણ વાત કરી જેમણે તેને પ્રેરણા આપી**

# સિદ્ધાર્થ-તમન્નાની 'વન' રૂંવાડા ઊભા કરાવી દેશે

### હૉરર અને સસ્પેન્સની અસર વધારવા ફિલ્મનો કેટલોક ભાગ રીશૂટ થશે; ગાઢ જંગલ અને છઠ પૂજાની ઝલક દેખાશે



મુંબઇ

ભારતીય સિનેમામાં છેલ્લા કેટલાક વર્ષોમાં હોરર ફિલ્મોની ભાષા ઝડપથી બદલાઈ છે. હવે માત્ર ડરાવનારા દ્રશ્યો જ નહીં, પરંતુ વાતાવરણ, લોકકથાઓ અને મનોવૈજ્ઞાનિક તણાવ પણ દર્શકોને આકર્ષી રહ્યા છે. આ બદલાતા સમયમાં 'વન: ફોર્સ ઓફ ધ ફોરેસ્ટ' તેના વધારાના શૂટ શેડ્યૂલને લઈને ચર્ચામાં છે. 10 દિવસ ફરી શૂટિંગ કરાશે સિદ્ધાર્થ મલ્હોત્રા અને તમન્ના ભાટિયા અભિનીત ફિલ્મ 'વન'માં હોરર અને સસ્પેન્સનો રોમાંચ વધારવા માટે નિર્માતાઓએ ફિલ્મના કેટલાક મુખ્ય ભાગોને રીશૂટ કરવાનો નિર્ણય લીધો છે. ફિલ્મની ટીમે લગભગ 10 દિવસના નવા શૂટિંગનો નિર્ણય કર્યો છે. આ નિર્ણય કોઈ તકનીકી ખામી કે વાર્તામાં મોટા ફેરફારને કારણે લેવામાં આવ્યો નથી, પરંતુ એટલા માટે કે ફિલ્મના હોરર, સસ્પેન્સ અને ખાસ કરીને અંતિમ ભાગને વધુ પ્રભાવશાળી બનાવી શકાય. જણાવવામાં આવી રહ્યું છે કે, ટીમ હાલના ફૂટેજથી સંતુષ્ટ છે, પરંતુ તેમને લાગ્યું કે ક્લાઈમેક્સમાં કેટલીક એવી તકો મોજૂદ છે જેનાથી તણાવ અને સિનેમાઈ અસરને આગલા સ્તર સુધી લઈ જઈ શકાય છે. ડિરેક્ટર દીપક કુમાર મિશ્રા અને અરુણાભ કુમાર આ ફિલ્મને પરંપરાગત હોરરથી અલગ રૂપ આપવા માંગે છે. ફિલ્મ ભારતીય લોકકથાઓ, જંગલો અને રહસ્યમય માન્યતાઓથી પ્રેરિત છે. રિપોર્ટ્સ અનુસાર, વાર્તામાં બિહારના દરભંગા ક્ષેત્ર અને છઠ પર્વની સાંસ્કૃતિક ઝલક પણ સામેલ કરવામાં આવી છે. ફિલ્મમાં જંગલ એક જીવંત પાત્રની જેમ કામ કરશે સૂત્રો અનુસાર, ફિલ્મમાં જંગલ એક જીવંત પાત્રની જેમ કામ કરશે. ઘણા ભાગોનું શૂટિંગ વાસ્તવિક લોકેશનો પર અને મર્યાદિત કૃત્રિમ પ્રકાશ વચ્ચે કરવામાં આવ્યું છે, જેથી દ્રશ્યો વધુ વાસ્તવિક અને રહસ્યમય લાગે. મેકર્સનું ધ્યાન એવા અનુભવ પર છે, જ્યાં દરેક અવાજ અને દરેક પડછાયો વાર્તાનો ભાગ લાગે. જણાવવામાં આવી રહ્યું છે કે, ફાઈનલ કટ જોયા પછી ટીમને લાગ્યું કે અંતિમ ભાગમાં તણાવ અને ભાવનાત્મક અસરને વધુ વધારી શકાય છે.

# કન્નડ અભિનેત્રીનો ડીપફેક વીડિયો વાયરલ કરનારા 3 શખ્સોની ધરપકડ

### વીડિયોમાં એક પ્રોફેશનલ ફોટોશૂટ દરમિયાન લીલા રંગની બિકીની પહેરેલી એક મહિલા સ્વિમિંગ પુલમાં કૂદતી જોવા મળી હતી, જેમાં ટેકનોલોજીની મદદથી રુકમણિ વસંતનો ચહેરો લગાડવામાં આવ્યો હતો

મુંબઇ

કન્નડ સિનેમાની જાણીતી અભિનેત્રી રુકમણિ વસંતના આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) દ્વારા તૈયાર કરાયેલા વાંધાજનક નકલી ફોટા અને વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ કરવાના મામલે પોલીસે મોટી સફળતા મેળવી છે. બેંગલુરુ સાયબર ક્રાઈમ પોલીસે આ કેસમાં ત્વરિત કાર્યવાહી કરીને ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે. પોલીસના જણાવ્યા અનુસાર, આ શખ્સોએ અભિનેત્રીને બદનામ કરવા અને તેમની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડવાના બદઈરાદાથી એઆઈ (AI) ટૂલ્સનો ઉપયોગ કરીને મોર્ફ કરેલી સામગ્રી ઓનલાઈન ફેલાવી હતી. અભિનેત્રીએ નોંધાવી હતી ફરિયાદ ગયા મહિને મે મહિનામાં સોશિયલ મીડિયા પર એક ડીપફેક વીડિયો અને તસવીરો ઝડપથી વાયરલ થયા હતા. આ વીડિયોમાં એક પ્રોફેશનલ ફોટોશૂટ દરમિયાન લીલા રંગની બિકીની પહેરેલી એક મહિલા સ્વિમિંગ પુલમાં કૂદતી જોવા મળી હતી, જેમાં ટેકનોલોજીની મદદથી રુકમણિ વસંતનો ચહેરો લગાડવામાં આવ્યો હતો.

ઘણા સોશિયલ મીડિયા યુઝર્સ આને અસલી માની બેઠા હતા. આ ઘટના બાદ રુકમણિ વસંથે જાહેરમાં આ બાબતની સખત નિંદા કરી હતી અને સ્પષ્ટતા કરી હતી કે આ ફોટા સંપૂર્ણપણે નકલી છે. ત્યારબાદ તેમણે સાયબર ક્રાઈમ વિભાગમાં ટેકનોલોજીના દુરુપયોગ સામે કડક કાર્યવાહીની માંગ સાથે ઔપચારિક ફરિયાદ નોંધાવી હતી. અભિનેત્રીની ફરિયાદના આધારે બેંગલુરુ પોલીસે ઈન્ફોર્મેશન ટેક્નોલોજી એક્ટ (IT Act) અને ભારતીય ન્યાય સંહિતા (BNS) ની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. કાર્યવાહી દરમિયાન પોલીસે આરોપીઓ પાસેથી ત્રણ મોબાઈલ ફોન જપ્ત કર્યા છે, જેનો ઉપયોગ આ સામગ્રી ફેલાવવા માટે કરવામાં આવ્યો હોવાની આશંકા છે. પકડાયેલા ત્રણેય આરોપીઓને ન્યાયિક મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરીને વધુ પૂછપરછ માટે પોલીસ કસ્ટડીમાં લેવામાં આવ્યા છે. આ રેકેટમાં અન્ય કોઈ વ્યક્તિ સામેલ છે કે કેમ તે દિશામાં પણ તપાસ ચાલી રહી છે.





# જાહ્નવી કપૂરના નાઈટસૂટ પર લખાયેલું નામ જોઈ ફેન્સ ચોંક્યા


### નાઈટસૂટ પર લખેલો મેસેજ એક કન્ફર્મ કરે છે કે, બન્ને વચ્ચે કેવા રિલેશન છે. જાહ્નવીની તસવીર સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે, એમાં તે એકદમ ફ્રી અને રીલેક્સ મૂડમાં દેખાઈ રહી છે

મુંબઇ

મુંબઈઃ બોલિવૂડના સેલેબ્સની રીલ લાઈફ કરતા લોકોને એની રીયલ લાઈફમાં વધારે રસ હોય છે. આઉટડોર પર નીકળે ત્યારે તો એની નોંધ લેવાય જ છે પણ સમયાંતેર સોશિયલ મીડિયા પર જે રીલ્સ પોસ્ટ થાય છે એના ઉપર પણ ફેન્સ દમદાર ચર્ચા કરતા હોય છે. ટેટુથી લઈને ટીશર્ટની બ્રાંડ સુધી અને ચંપલથી લઈને ચશ્મા સુધી સેબેલ્સની નાનામાં નાની વસ્તુની મોટી નોંધ લેવાતી હોય છે. જાહ્નવી કપૂર સાથે પણ કંઈક આવું જ બની રહ્યું છે. એના નાઈટસૂટ પર જે નામ લખાવામાં આવ્યું છે એ નામને લઈને લોકો અનેક પ્રકારની વાત કરી રહ્યા છે. ફિલ્મ, ફેશન સેન્સ, એક્ટિંગ, ઈમોશન અને આઉટફિટને કારણે સતત ચર્ચામાં રહેતી જાહ્નવી હવે પોતાના નાઈટસૂટને કારણે ચર્ચામાં છે. એના નાઈટસૂટ પર એવું લખવામાં આવ્યું છે જે જોઈને ફેન્સ વિચારમાં પડી ગયા છે.એની આ તસવીર સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે. પણ જાહ્નવીના આ પ્રકારના અંદાજે પણ ફેન્સનું દિલ જીતી લીધું છે. આ તસવીર સામે આવ્યા બાદ ફેન્સ દિલ ખોલીને કોમેન્ટ કરી રહ્યા છે. દિલવાળું ઈમોજી પોસ્ટ કરી રહ્યા છે તો કોઈ એની બ્યૂટીના વખાણ કરી રહ્યા છે. એક દર્શકે તો ત્યાં સુધી કહી દીધું કે તમે તો નાઈટડ્રેસમાં પણ બ્યૂટીફૂલ લાગો છો. કોઈ લખ્યું કે, આ તો મસ્ત કપલ મોમેન્ટ છે. કોઈએ કહ્યું કે, એક્ટ્રેસ હવે પોતાના સંબોધોને લઈને વધારે ફ્રીડમ ફીલ કરે છે. કોઈએ તો ત્યાં સુધી કહ્યું કે, જો આ એક્ટ્રેસ ખોવાઈ જાય તો એને શોધવા માટેનો રસ્તો શોધીને યોગ્ય જગ્યાએ પહોંચાડવાની વાત એક્ટ્રેસે ખુદ કહી દીધી છે. હકીકત એ છે કે, જાહ્નવી અને શિખર પહાડિયાનું નામ છેલ્લા કેટલાક સમયથી ચર્ચામાં છે. બન્ને વ્યક્તિ એકબીજા સાથેની રિલેશનશિપને લઈને વાત કરતી નથી પણ સામાન્ય રીતે જ્યારે એને આઉટ્ડોરમાં જોવામાં આવે છે ત્યારે મામલો વધારે પ્રકાશમાં આવી જાય છે. હકીકત એવી પણ છે કે, તેઓ અનેકવાર આઉટડોરમાં જોવા મળ્યા છે. ઈવેન્ટ હોય, ફેમિલી ફંક્શન હોય, મંદિર હોય કે બોલિવૂડની પાર્ટી, બન્ને એકબીજા સાથે જોવા મળતા ઘણી વાતો થઈ રહી છે.

# આંતરરાષ્ટ્રીય યોગ દિવસ 2026:શિલ્પા શેટ્ટી, અક્ષય, શાહિદ, શ્રીલીલા સહિતના સ્ટાર્સે યોગાભ્યાસ કર્યો



મુંબઇ

આંતરરાષ્ટ્રીય યોગ દિવસ 2026ના અવસરે બોલિવૂડના ઘણા સેલેબ્સે યોગ કાર્યક્રમોમાં ભાગ લીધો અને સોશિયલ મીડિયા દ્વારા લોકોને યોગ અપનાવવાનો સંદેશ આપ્યો. આમાં અક્ષય કુમાર, શાહિદ કપૂર, શ્રીલીલા, શિલ્પા શેટ્ટી, સુનીલ શેટ્ટી, નીલ નિતિન મુકેશ અને જેકી શ્રોફ જેવા સેલેબ્સનો સમાવેશ થાય છે. અક્ષય કુમાર કેન્દ્રીય રમતગમત અને યુવા બાબતોના મંત્રી મનસુખ માંડવિયા સાથે દિલ્હીમાં એક જાહેર યોગ કાર્યક્રમમાં જોડાયો. સોશિયલ મીડિયા પર વીડિયો સામે આવ્યા, જેમાં તે વેલનેસ કોચ અંશુકા પરવાનીના માર્ગદર્શન હેઠળ યોગ કરતો જોવા મળ્યો. શાહિદ કપૂર અને એક્ટ્રેસ શ્રીલીલા મુંબઈમાં યોગ દિવસ કાર્યક્રમમાં જોડાયા. બંને સફેદ એથલીઝર આઉટફિટમાં જોવા મળ્યા. ફિટનેસ આઈકન શિલ્પા શેટ્ટીએ કહ્યું હતું કે, યોગ ભારતની ભેટ છે અને હવે તેને દુનિયાભરના ઘણા દેશો અપનાવી રહ્યા છે. તેણે યોગને દુનિયાભરમાં ઓળખ અપાવવા બદલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો પણ આભાર માન્યો હતો. સુનીલ શેટ્ટીએ યોગનું મહત્ત્વ જણાવ્યું સુનીલ શેટ્ટી અને નીલ નિતિન મુકેશે વીડિયો મેસેજ પણ જાહેર કર્યા હતા. નીલ નિતિન મુકેશે જણાવ્યું કે, તેની દીકરીએ સ્ટ્રેચિંગ અને બ્રીધિંગ એક્સરસાઈઝ શરૂ કરી દીધી છે. જ્યારે, સુનીલ શેટ્ટીએ કહ્યું, 'ફિટ રહેવા માટે સૌથી જરૂરી વસ્તુ નિયમિત અભ્યાસ છે. વડાપ્રધાને યોગ દિવસની શરૂઆત કરીને આખી દુનિયાને જણાવ્યું છે કે યોગ આપણો વારસો છે અને હંમેશા આપણો જ રહેશે. યોગ દરેક માટે છે, બાળકો માટે પણ. તેથી તેને પોતાના રોજિંદા જીવનનો ભાગ બનાવવો ખૂબ જ જરૂરી છે.'

આયુષ મંત્રાલય દ્વારા શેર કરવામાં આવેલા એક વીડિયોમાં જેકી શ્રોફે પોતાની આગવી શૈલીમાં ફિટ રહેવાના મહત્વ વિશે જણાવ્યું. તેમણે કહ્યું કે, 'શ્વાસ લેવા પર ધ્યાન આપવું, યોગ કરવો અને વૃક્ષારોપણ કરવું સારી તંદુરસ્તી માટે જરૂરી છે.'

પાક્કો ગુજરાત
સોમવાર | 22 જૂન 2026 | અમદાવાદ

## શુભમન ગિલ કેપ્ટન, વિરાટ અને બુમરાહે ટીમમાં કમબેક કર્યું, હાર્દિક ઈજાના કારણે બહાર

# ઈંગ્લેન્ડ પ્રવાસ માટે ભારતીય વન-ડે ટીમની જાહેરાત

મુંબઈ

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)એ રવિવારે ઈંગ્લેન્ડ પ્રવાસ માટે ભારતીય વન-ડે ટીમની જાહેરાત કરી. ટીમની કમાન શુભમન ગિલને સોંપવામાં આવી છે, જ્યારે અનુભવી બેટર વિરાટ કોહલી અને રોહિત શર્મા પણ સ્ક્વોડનો ભાગ છે. શ્રેયસ અય્યરને વાઈસ કેપ્ટન બનાવ્યો છે. બીજી તરફ ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા હજુ પણ ઈજામાંથી સાજો થયો નથી. તેથી તેને પણ ટીમમાં સ્થાન મળ્યું નથી. આગામી સિરીઝને 2027 વન-ડે વર્લ્ડ કપની તૈયારીઓની દ્રષ્ટિએ મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. T20 ટીમની જાહેરાત પહેલા જ થઈ ચૂકી છે. ઈંગ્લેન્ડ પ્રવાસ માટે ભારતીય વનડે ટીમ શુભમન ગિલ (કેપ્ટન), રોહિત શર્મા, વિરાટ કોહલી, શ્રેયસ અય્યર (વાઈસ-કેપ્ટન), કેએલ રાહુલ (વિકેટકીપર), ઈશાન કિશન (વિકેટકીપર), વોશિંગ્ટન સુંદર, અક્ષર પટેલ, નીતિશ કુમાર રેડ્ડી, કુલદીપ યાદવ, જસપ્રીત બુમરાહ, પ્રસિદ્ધ ક્રિષ્ના, હર્ષિત રાણા, અર્શદીપ સિંહ, ગુરનૂર બરાર. વરુણ ચક્રવર્તી આયર્લેન્ડ T20 સિરીઝમાંથી બહાર વરુણ ચક્રવર્તી ઈજાના કારણે આયર્લેન્ડ સામેની T20 સિરીઝ રમી શકશે નહીં. તેની આયર્લેન્ડ અને ઈંગ્લેન્ડ બંને સિરીઝ માટે ટીમમાં પસંદગી કરવામાં આવી હતી, પરંતુ હાલમાં તે બેંગલુરુ સ્થિત BCCIના સેન્ટર ઑફ એક્સેલન્સ (COE)માં રિહેબ કરી રહ્યો છે. ઈંગ્લેન્ડ સામે તેની ઉપલબ્ધતા તેની ફિટનેસ પર આધાર રાખશે. BCCIના જણાવ્યા અનુસાર, તેની વાપસી અંગેનો અંતિમ નિર્ણય મેડિકલ ટીમની સલાહ બાદ લેવામાં આવશે.

આયર્લેન્ડ અને ઈંગ્લેન્ડ પ્રવાસ માટે ભારતીય T20 ટીમ, શ્રેયસ અય્યર (કેપ્ટન), તિલક વર્મા (વાઈસ કેપ્ટન), વૈભવ સૂર્યવંશી, અભિષેક શર્મા, સંજુ સેમસન (વિકેટકીપર), ઈશાન કિશન (વિકેટકીપર), શિવમ દુબે, નીતિશ કુમાર રેડ્ડી, અક્ષર પટેલ, વોશિંગ્ટન સુંદર, રવિ બિશ્નોઈ, મોહમ્મદ સિરાજ, હર્ષિત રાણા, અર્શદીપ સિંહ અને પ્રિન્સ યાદવ. ક્રિકેટ ફેન્સ માટે સૌથી મોટા અને રાહતના સમાચાર એ છે કે ઘાતક ફાસ્ટ બોલર જસપ્રિત બુમરાહની વનડે સેટઅપમાં વાપસી થઈ ગઈ છે. બુમરાહ છેલ્લે વર્ષ 2023ના વનડે વર્લ્ડ કપની ફાઈનલ મેચમાં ભારતીય ટીમ માટે 50 ઓવર્સ ક્રિકેટ રમ્યો હતો, જે બાદ તે વનડે ફોર્મેટથી દૂર હતો. આ સિવાય ઓલરાઉન્ડર અક્ષર પટેલ પણ વનડે ટીમમાં પાછો ફર્યો છે, જે અગાઉ અફઘાનિસ્તાન સામેની વનડે સીરિઝમાં ટીમનો હિસ્સો નહોતો. જોકે, પસંદગીકારોએ યશસ્વી જયસ્વાલ, પ્રિન્સ યાદવ અને હર્ષ દુબેને આ વનડે સ્ક્વોડમાં સ્થાન આપ્યું નથી. આ ટીમ સિલેક્શનની સૌથી મોટી અને ચર્ચાસ્પદ વાત એ છે કે સ્ટાર બેટર વિરાટ કોહલીને આ સ્ક્વોડમાં સામેલ કરવામાં આવ્યો છે. જોકે, કોહલી હાલમાં સંપૂર્ણ રીતે ફિટ નથી. ચીફ સિલેક્ટર્સે સ્પષ્ટ કર્યું છે કે વિરાટ કોહલીની ઉપલબ્ધતા તેની 'ફિટનેસ ક્લિયરન્સ' પર આધારિત રહેશે. એટલે કે, આગામી સમયમાં યોજાનારા ફિટનેસ ટેસ્ટમાં પાસ થયા બાદ જ કિંગ કોહલી આ વનડે સીરિઝમાં મેદાન પર રમી શકશે.




## ભારતે અફઘાનિસ્તાનને 9 વિકેટથી હરાવ્યું

ચંડીગઢ

ભારતે અફઘાનિસ્તાનને ત્રીજી વન-ડેમાં 9 વિકેટથી હરાવ્યું. આ સાથે જ ટીમે ક્લીન સ્વીપ કરીને સિરીઝ 3-0થી પોતાના નામે કરી લીધી છે. ચેન્નઈના એમએ ચિદમ્બરમ સ્ટેડિયમમાં અફઘાનિસ્તાને ભારતને 220 રનનો ટાર્ગેટ આપ્યો હતો. જવાબમાં ભારતે 28.4 ઓવરમાં એક વિકેટ ગુમાવીને 224 રન બનાવી જીત મેળવી લીધી. યશસ્વી જયસ્વાલે પોતાની કરિયરની બીજી વન-ડે સેન્ચુરી ફટકારતા 110* રન બનાવ્યા, જેમાં તેણે 14 ચોગ્ગા અને 3 સિક્સર પણ ફટકારી. રોહિત શર્માએ 79 રનની ઈનિંગ્સ રમી, જેમાં 9 ચોગ્ગા અને 3 સિક્સર સામેલ હતી. બંનેએ પહેલી વિકેટ માટે 170 રન જોડીને જીતનો પાયો નાખ્યો હતો. શ્રેયસ અય્યર 20 રન બનાવીને અણનમ પરત ફર્યો. આ પહેલા અફઘાનિસ્તાનના કેપ્ટન હશમતુલ્લાહ શાહિદીએ વન-ડે કરિયરની પહેલી સદી ફટકારતા 102 રન બનાવ્યા હતા. ઓમરઝઈએ 50 રનની ઈનિંગ્સ રમી હતી. અફઘાનિસ્તાનની ટીમ 49.3 ઓવરમાં 219 રન પર સમેટાઈ ગઈ હતી. ભારતે ત્રીજી વન-ડેમાં અફઘાનિસ્તાનને 9 વિકેટથી હરાવીને શાનદાર જીત નોંધાવી છે. 219 રનના ટાર્ગેટને ચેઝ કરતા ભારતે માત્ર 28.4 ઓવરમાં 224/1 રન બનાવીને મેચ પોતાના નામે કરી લીધી. જીતનો હીરો યશસ્વી જયસ્વાલ રહ્યા, જેણે નોટઆઉટ સેન્ચુરી ઈનિંગ્સ રમી હતી. તેણે મોહમ્મદ નબીના બોલ પર સિક્સર ફટકારીને પોતાની સેન્ચુરી પૂરી કરી અને પછી એ જ ઓવરમાં ચોગ્ગો અને સિક્સર ફટકારીને મેચ પૂરી કરી દીધી. ભારતને 22.5 ઓવરમાં પહેલો ઝટકો લાગ્યો છે. રોહિત શર્મા 79 રન બનાવીને આઉટ થઈ ગયો. મોહમ્મદ નબીના થોડા શોર્ટ બોલ પર રોહિતે પુલ શોટ રમવાનો પ્રયત્ન કર્યો, પરંતુ બોલ બેટ પર સરખી રીતે આવ્યો નહીં અને સીધો ડીપ મિડવિકેટ પર ઉભેલા સબસ્ટિટ્યુટ ફીલ્ડર સેદિકુલ્લાહ અટલના હાથમાં ચાલ્યો ગયો.

### ઓસ્ટ્રેલિયાને એકતરફી મેચમાં આપી માત

## અમેરિકાએ રચ્યો ઈતિહાસ, 96 વર્ષ બાદ ફૂટબોલ વર્લ્ડ કપમાં કર્યું આ પરાક્રમ!

વોશિંગ્ટન

ફિફા વર્લ્ડ કપ 2026ના રોમાંચક મુકાબલાઓ વચ્ચે અમેરિકાની ફૂટબોલ ટીમે શાનદાર પ્રદર્શન કરીને નોકઆઉટ સ્ટેજમાં પોતાની જગ્યા પાકી કરી લીધી છે. અમેરિકાએ ઓસ્ટ્રેલિયાને 2-0થી પરાજય આપીને સત્તાવાર રીતે 'રાઉન્ડ ઓફ 32'માં પ્રવેશ મેળવ્યો છે. આ ટૂર્નામેન્ટમાં સહ-યજમાન મેક્સિકો પછી નોકઆઉટ સ્ટેજની ટિકિટ મેળવનારો અમેરિકા બીજો દેશ બન્યો છે. સિયાટલ સ્ટેડિયમ ખાતે 20 જૂન 2026ના રોજ રમાયેલી આ ઐતિહાસિક મેચમાં જીત મેળવવાની સાથે જ અમેરિકાની ટીમે 96 વર્ષ જૂનો રેકોર્ડ તોડ્યો છે. વર્ષ 1929 પછી આ પ્રથમ વખત બન્યું છે જ્યારે અમેરિકાએ ફિફા વર્લ્ડ કપના ઈતિહાસમાં




સતત બે મેચ જીતવાનો અદભૂત કારનામો કરી બતાવ્યો હોય. મેચની શરૂઆતથી જ અમેરિકાની ટીમે ઓસ્ટ્રેલિયા સામે અત્યંત આક્રમક રણનીતિ અપનાવીને વિરોધી ટીમ પર સતત દબાણ જાળવી રાખ્યું હતું. અમેરિકાને મેચનો પ્રથમ ગોલ કરવામાં માત્ર 11 મિનિટનો સમય લાગ્યો હતો. ટીમના સ્ટાર ખેલાડી ફોલારિન બાલોગુન ઓસ્ટ્રેલિયાની ડિફેન્સ લાઈનને કતરીને પેનલ્ટી એરિયામાં ઘૂસી ગયો હતો. આ દરમિયાન તેના શોટને રોકવાના ચક્કરમાં ઓસ્ટ્રેલિયાના ડિફેન્ડર કેમરન બર્ગેસ મોટી ભૂલ કરી બેઠો અને બોલ તેના જ ગોલ પોસ્ટમાં ચાલી ગયો. આ સેલ્ફ-ગોલના કારણે અમેરિકાને 11મી મિનિટે જ 1-0ની મહત્ત્વપૂર્ણ લીડ મળી ગઈ હતી. શરૂઆતમાં જ ગોલ ખાધા પછી ઓસ્ટ્રેલિયાની ટીમે વાપસી માટે આકાશ-પાતાળ એક કર્યા હતા, પરંતુ તેઓ અમેરિકાના અભેદ ડિફેન્સને ભેદી શક્યા નહોતા. પ્રથમ હાફ પૂરો થવાની બરાબર 2 મિનિટ પહેલા એટલે કે મેચની 43મી મિનિટે અમેરિકાના સર્જિનો ડેસ્ટે એક પાવરફુલ શોટ ફટકાર્યો હતો.

# વૈભવે વર્લ્ડ રેકોર્ડ તોડ્યો, 11 બોલમાં ફિફ્ટી

## વૈભવે 50 ઓવરના ક્રિકેટમાં સૌથી ઝડપી હાફ સેન્ચુરી

ધર્મશાલા

વૈભવ સૂર્યવંશીએ 50 ઓવરની ક્રિકેટમાં સૌથી ફાસ્ટ ફિફ્ટી બનાવવાનો 20 વર્ષ જૂનો વર્લ્ડ રેકોર્ડ તોડી દીધો છે. વૈભવે શ્રીલંકા-A સામે અત્યારે ચાલી રહેલી ટ્રાઈ સિરીઝની ફાઈનલમાં 29 બોલ પર 94 રન બનાવ્યા. તેણે માત્ર 11 બોલ પર ફિફ્ટી પૂરી કરી લીધી.

વૈભવની આ ઈનિંગ્સના જોરે ઈન્ડિયા-Aએ શ્રીલંકા-A સામે ફાઈનલ મેચમાં 50 ઓવરમાં 9 વિકેટ ગુમાવીને 377 રન બનાવ્યા. અનુકૂલ રોયે 15 બોલમાં 39 રન બનાવ્યા. કેપ્ટન તિલક વર્માએ 67, પ્રિયાંશ આર્યએ 39 અને કુમાર કુશાગ્રે 36 રન બનાવ્યા.

જવાબમાં શ્રીલંકા-Aનો સ્કોર 10 ઓવરમાં 75/3 છે. ટીમ તરફથી સદીરા સમરવિક્રમા અને કેપ્ટન સહાન અરાચિગે ક્રિઝ પર છે. વૈભવ સૂર્યવંશીએ 50 ઓવરની ક્રિકેટમાં સૌથી




ફાસ્ટ ફિફ્ટી બનાવવાનો 20 વર્ષ જૂનો વર્લ્ડ રેકોર્ડ તોડી દીધો છે. વૈભવ ઉમેદવારે શ્રીલંકા-A સામે અત્યારે ચાલી રહેલી ટ્રાય સિરીઝની ફાઈનલમાં 29 બોલ પર 94 રન બનાવ્યા. તેણે માત્ર 11 બોલ પર ફિફ્ટી પૂરી કરી લીધી. વૈભવ પહેલા આ ફોર્મેટની ફાસ્ટેસ્ટ ફિફ્ટી શ્રીલંકાના કૌશલ્ય વીરારત્નેએ બનાવી હતી. તેણે 2006માં રાગામા ક્રિકેટ ક્લબ તરફથી રમતા 12 બોલ પર ફિફ્ટી પૂરી કરી હતી. સિનિયર લેવલ પર 50 ઓવરની ક્રિકેટમાં બે પ્રકારની મેચ હોય છે. લિસ્ટ-A અને વન-ડે ઈન્ટરનેશનલ. દરેક વન-ડે ઈન્ટરનેશનલ મેચ પોતાનામાં એક લિસ્ટ-A મેચ પણ હોય છે. 10મી ઓવરના ત્રીજા બોલ પર શ્રીલંકાને ત્રીજો ઝટકો લાગ્યો. ફાસ્ટ બોલર યશ ઠાકુરે પોતાની ત્રીજી વિકેટ મેળવતા નુવાનિદુ ફર્નાન્ડોને પવેલિયન ભેગો કર્યો. ફર્નાન્ડો 21 બોલમાં 21 રન બનાવીને વિપરાજ નિગમના હાથે કેચ આઉટ થયો. પોતાની ઈનિંગ્સમાં તેણે 1 ચોગ્ગો અને 2 છગ્ગા ફટકાર્યા. યશ ઠાકુરે ફાઈનલમાં શાનદાર બોલિંગ કરતા શ્રીલંકા-Aના બંને ઓપનર્સને પવેલિયન ભેગા કરી દીધા છે. ચોથી ઓવરના પહેલા બોલ પર તેણે નિરોશન ડિકવેલાને બોલ્ડ કરીને ઈન્ડિયા-Aને બીજી સફળતા અપાવી. ડિકવેલાએ 17 બોલમાં 25 રન બનાવ્યા, જેમાં 4 ચોગ્ગા અને 1 છગ્ગો સામેલ હતો. ઈન્ડિયા-Aને ત્રીજી ઓવરમાં પહેલી સફળતા મળી ગઈ છે. યશ ઠાકુરે અવિષ્કા ફર્નાન્ડોને 3 રન પર આઉટ કરીને શ્રીલંકા-Aને પહેલો ઝટકો આપ્યો.

ફર્નાન્ડો મોટો શોટ રમવાના પ્રયત્નમાં બોલને હવામાં ફટકારી બેઠો, જ્યાં ઋતુરાજ ગાયકવાડે કેચ પકડીને તેને પવેલિયનનો રસ્તો બતાવ્યો. 49મી ઓવરના બીજા બોલ પર દુલાજ સમુધિતાએ ઓફ સ્ટમ્પની બહાર ફુલ લેન્થ ડિલિવરી નાખી. અનુકૂલ રોયે આના પર લોફ્ટેડ ડ્રાઈવ રમવાનો પ્રયત્ન કર્યો, પરંતુ બોલ બેટ પર યોગ્ય રીતે આવ્યો નહીં અને હવામાં ઊંચો જતો રહ્યો. કેચ પકડવા માટે લોંગ-ઓફથી સહાન અરાચિગે દોડીને આવ્યો, જ્યારે એક્સ્ટ્રા કવરથી વનુજા સહાન પાછળની તરફ ભાગ્યો. બંને ખેલાડીઓ વચ્ચે કેચને લઈને તાલમેલ ન થઈ શક્યો અને તેઓ અંદરોઅંદર જોરદાર રીતે અથડાયા. ટક્કર બાદ બંને ખેલાડીઓ મેદાન પર પડી ગયા.




## એમેઝોનના સ્થાપક જેફ બેઝોસનો દાવો, કહ્યું- પાણીની અછતથી AIની ગતિ અટકી શકે છે

# AIથી બેરોજગારી નહીં, કામદારોની અછત થશે: બેઝોસ

મુંબઈ

એમેઝોનના સ્થાપક જેફ બેઝોસનું માનવું છે કે AI નોકરીઓ ખતમ કરવાને બદલે નવી રોજગારીનું સર્જન કરશે. તેમણે કહ્યું કે આ ટેકનોલોજી ઈનોવેશનની ગતિ વધારશે, જેનાથી ભવિષ્યમાં બેરોજગારીને બદલે શ્રમની અછત (લેબર શોર્ટેજ) ઊભી થઈ શકે છે. આ ઉપરાંત તેમણે એમ પણ કહ્યું કે પાણીની અછતથી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની ગતિ અટકી શકે છે. પેરિસમાં આયોજિત 'વિવાટેક 2026' કોન્ફરન્સમાં જેફ બેઝોસે AI અને રોજગારને લઈને ચાલી રહેલી વૈશ્વિક ચર્ચા પર પોતાનો અભિપ્રાય રજૂ કર્યો. તેમણે કહ્યું કે AI નવી સમસ્યાઓને ઓળખવા અને તેમને ઉકેલવાની પ્રક્રિયાને સરળ બનાવીને માનવીય સર્જનાત્મકતાનો વ્યાપ વધારશે. બેઝોસે



કહ્યું કે AI શ્રમની અછત (લેબર શોર્ટેજ) ઊભી કરવા જઈ રહ્યું છે, કારણ કે તેના દ્વારા લોકો વધુને વધુ સમસ્યાઓને ઓળખવામાં સક્ષમ બની શકશે. આ ચર્ચામાં બ્લુ ઓરિજિનના ચીફ એક્ઝિક્યુટિવ દેવ લિમ્પે પણ ભાગ લીધો હતો. બેઝોસે નવા વેન્ચર 'પ્રોમેથિયસ' વિશે જણાવ્યું બેઝોસે પોતાના નવા વેન્ચર 'પ્રોમેથિયસ'નો ઉલ્લેખ કરતા જણાવ્યું કે આ એક AI સ્ટાર્ટઅપ છે. તેનો ઉદ્દેશ્ય એક 'આર્ટિફિશિયલ જનરલ એન્જિનિયર' તૈયાર કરવાનો છે. તેમણે આશા વ્યક્ત કરી કે આ પ્રકારની ટેકનોલોજી ઈનોવેશન સાયકલની ગતિને ઘણી તેજ કરી દેશે અને એવા આઈડિયાઝ પર કામ કરવાનું શક્ય બનાવશે, જેને પહેલા વિચારવું પણ અશક્ય હતું. બેઝોસે કહ્યું કે જો આપણે ડ્રીમ-બિલ્ડ લૂપ (વિચારવા અને બનાવવાની પ્રક્રિયા) ને તેજ કરી શકીએ, તો બધા આઈડિયાઝ શક્ય બની જશે. આ પછી આપણે આપણી ક્ષમતાઓથી નહીં, પરંતુ આપણી કલ્પનાઓથી સીમિત રહીશું. સુપર-ઈન્ટેલિજન્સ માટે કૂલિંગ રિસોર્સિસ જરૂરી બેઝોસે AIને કારણે પર્યાવરણ પર પડી રહેલી અસર, ખાસ કરીને ડેટા સેન્ટર્સ માટે ભારે માત્રામાં પાણી અને વીજળીની જરૂરિયાત પર પણ વાત કરી. તેમણે કહ્યું કે જો AIની સંપૂર્ણ ક્ષમતાનો ઉપયોગ કરવો હોય, તો તેના ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે કેટલાક ખાસ સંસાધનોને પ્રાથમિકતા આપવી પડશે. બાયોલોજિકલ લિમિટ્સ સાચી છે, પરંતુ ડિજિટલ પોટેન્શિયલ અસીમ છે. જો આપણે માત્ર મૂળભૂત માનવીય આરામ જાળવી રાખવા માટે આપણા ડેટા ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાંથી કૂલિંગ સંસાધનો (પાણી અને કૂલિંગના સાધનો) ને રોકીએ, તો આપણે એક એવી સુપર-ઈન્ટેલિજન્સના જન્મમાં વિલંબ કરી રહ્યા છીએ, જે શરૂઆતમાં જ આપણી તમામ સંસાધન સંબંધિત સમસ્યાઓ હલ કરી શકે છે.

### ઊંચા ડ્યુટી દરોએ ભારતની સોનાની માંગમાં ખરેખર ઘટાડો કર્યો છે તે નિષ્કર્ષ કાઢવો ખૂબ જ વહેલો ગણાશે

# સોના પર આયાત ડ્યુટી વધતાં જૂના દાગીનાના રિસાયક્લિંગમાં વધારો

મુંબઈ

સોના પર કસ્ટમ ડ્યુટીમાં તાજેતરમાં થયેલા વધારાથી ઈચ્છિત પરિણામો મળવા લાગ્યા છે ડ્યુટી વધારા પહેલા સરેરાશ ૭૦થી ૧૦૦ ટન સોનું આયાત કરવામાં આવતું હતું, જે હવે ઘટીને ૨૫થી ૩૦ ટન પ્રતિ મહિને થઈ ગયું છે. આ ફેરફારથી સ્થાનિક બજારમાં જૂના સોનાના રિસાયક્લિંગમાં પણ વધારો થયો છે. સરકારે ૧૩ મેથી સોના અને ચાંદી પર મૂળભૂત કસ્ટમ ડ્યુટી ૫ ટકાથી વધારીને ૧૦ ટકા કરી છે. તેણે ૫ ટકા કૃષિ માળખાગત સુવિધાઓ અને વિકાસ સેસ પણ લાદ્યો છે, જેનાથી અસરકારક આયાત ડ્યુટી ૧૫ ટકા થઈ ગઈ છે. આ અત્યાર સુધીનો સૌથી મોટો ડ્યુટી વધારો હતો અને જુલાઈ ૨૦૨૪માં લાગુ કરાયેલ કસ્ટમ ડ્યુટીમાં ઘટાડાને ઉલટાવી દીધો હતો. આ પગલાનો ઉદ્દેશ્ય વધુ પડતી આયાતને નિયંત્રિત કરવા, દેશના વિદેશી હૂંડિયામણ અનામત પર દબાણ ઘટાડવા અને વધતી જતી વેપાર



ખાધને ઘટાડવાનો હતો, જેના કારણે સોનાની આયાતને કારણે ચાલુ ખાતાના બોજમાં નોંધપાત્ર વધારો થયો હતો. ભારત સોનાનો વિશ્વનો બીજો સૌથી મોટો ગ્રાહક દેશ છે. નાણાકીય વર્ષ ૨૦૨૬ માં, તેણે રેકોર્ડ પ્રમાણમાં સોનાની આયાત કરી, જેનાથી તેલ સિવાયના આયાત બિલમાં તેનો હિસ્સો નોંધપાત્ર રીતે વધ્યો હતો. દેશમાં પ્રવેશતા સોનાના ઊંચા ખર્ચે નવી આયાતને નિરાશ કરી છે અને ઘરેણાં ઉત્પાદકો અને ગ્રાહકોને જૂના સોનાના રિસાયક્લિંગનો વિકલ્પ પસંદ કરવા માટે પ્રોત્સાહિત કર્યા છે. આ નીતિ સારી રીતે કામ કરી રહી છે. વાણિજ્ય મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા વેપાર ડેટા અનુસાર, એપ્રિલમાં આશરે ૫.૬૩ બિલિયન ડોલરના સોનાની આયાત ડ્યુટી વધારા પછી મે મહિનામાં ઘટીને લગભગ ૩.૪૨ બિલિયન ડોલર થઈ ગઈ છે. જોકે, વિશ્લેષકો કહે છે કે ઊંચા ડ્યુટી દરોએ ભારતની સોનાની માંગમાં ખરેખર ઘટાડો કર્યો છે તે નિષ્કર્ષ કાઢવો ખૂબ જ વહેલો ગણાશે. ગ્લોબલ ટ્રેડ રિસર્ચ ઈનિશિયેટિવના એક અહેવાલમાં જણાવાયું છે કે ડ્યુટી વધારાથી આયાત વૃદ્ધિની ગતિ ધીમી પડી છે પરંતુ માંગમાં નોંધપાત્ર ઘટાડો થયો નથી. ઘરેણાંની મજબૂત માંગ, વૈશ્વિક અનિશ્ચિતતા વચ્ચે સલામત-હેવન માંગ અને આંતરરાષ્ટ્રીય બજારમાં સોનાના ઊંચા ભાવ આયાતને ટેકો આપવાનું ચાલુ રાખ્યું છે.

## વૈશ્વિક ઊર્જા સંક્રમણ લગભગ અટકી ગયું

# ક્લીન એનર્જી ક્ષેત્રે રેકોર્ડ રોકાણ પણ નિર્માણની ગતિ ધીમી

### ભારત અને ચીનના સ્વચ્છ ઉર્જા સંક્રમણને સ્વીકારવા માટે તમામ તૈયારીઓ જોકે, બાકીનું વિશ્વ તેનું પાલન કરી રહ્યું નથી : વર્લ્ડ ઇકોનોમિક ફોરમ

મુંબઈ

સ્વચ્છ ઉર્જા (કલીન એનર્જી)તરફ વૈશ્વિક સંક્રમણ વધુ મુશ્કેલ અને અનિશ્ચિત તબક્કામાં પ્રવેશી રહ્યું છે. ભૂરાજકીય તણાવ, પુરવઠા શૃંખલામાં વિક્ષેપો અને ઊર્જા સુરક્ષા ચિંતાઓ આ સંક્રમણની દિશાને અસર કરી રહી છે. વર્લ્ડ ઈકોનોમિક ફોરમના એક નવા અહેવાલમાં ચેતવણી આપવામાં આવી છે કે સ્વચ્છ ઉર્જામાં રોકાણ રેકોર્ડ સ્તરે પહોંચી ગયું છે, ત્યારે ટકાઉ, સસ્તું અને મજબૂત ઊર્જા પ્રણાલીઓના નિર્માણની ગતિ ધીમી પડી રહી છે. આનું કારણ એ છે કે દેશો અસ્થિર વૈશ્વિક વાતાવરણ વચ્ચે ઊર્જા સુરક્ષાને પ્રાથમિકતા આપી રહ્યા છે. WEF અને એક્સેન્ચર સાથે ભાગીદારીમાં વિકસાવવામાં આવેલા ઊર્જા સંક્રમણ સૂચકાંક અનુસાર, વૈશ્વિક ઊર્જા સંક્રમણ લગભગ અટકી ગયું છે. ૨૦૨૫માં કુલ ઉર્જા રોકાણ ૩.૩ ટ્રિલિયન ડોલર સુધી પહોંચ્યું હતું, જેમાંથી ૨.૩ ટ્રિલિયન ડોલર સ્વચ્છ ઉર્જા



પ્રોજેક્ટ્સ માટે હતું. અહેવાલમાં રોકાણના જથ્થા અને સંક્રમણ માટેની વાસ્તવિક તૈયારી વચ્ચે વધતા જતા અંતરને પ્રકાશિત કરવામાં આવ્યું છે. સંક્રમણ માટેની તૈયારીનું સ્તર એક દાયકા કરતાં વધુ સમયમાં પહેલીવાર ઘટ્યું છે. આ તારણો વધતા ભૂરાજકીય જોખમો વચ્ચે બહાર આવ્યા છે, જેમાં વિશ્વના સૌથી મહત્વપૂર્ણ ઉર્જા અવરોધોમાંના એક, હોર્મુઝ સ્ટ્રેટના તાજેતરના નાકાબંધીનો સમાવેશ થાય છે. અહેવાલમાં નોંધવામાં આવ્યું છે કે આવી ઘટનાઓએ વધતી જતી વીજળીની માંગ, માળખાગત સુવિધાઓની મર્યાદાઓ અને મૂડીની અસમાન પહોંચના દબાણ હેઠળ પહેલેથી જ ઉર્જા પ્રણાલીઓની નબળાઈઓને ઉજાગર કરી છે. આ વિક્ષેપોથી આયાત-આધારિત ઉભરતી અર્થવ્યવસ્થાઓ સૌથી વધુ પ્રભાવિત થઈ છે. અહેવાલમાં જણાવાયું છે કે દેશો ત્રણ સ્પર્ધાત્મક લક્ષ્યોને સંતુલિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે : ઉર્જા સુરક્ષા, ટકાઉપણું અને પોષણક્ષમતા. આ વધતી જતી વૈશ્વિક અનિશ્ચિતતાના સમયે થઈ રહ્યું છે. એકંદર મંદી છતાં, કેટલાક ક્ષેત્રોમાં નોંધપાત્ર પ્રગતિ થઈ છે. નોર્ડિક દેશોએ રેન્કિંગમાં પોતાનું નેતૃત્વ જાળવી રાખ્યું છે, જ્યારે મજબૂત નીતિ સમર્થન અને નિયમનકારી સુધારાઓને કારણે સિંગાપોર સૌથી ઝડપથી વિકસતા દેશોમાંના એક તરીકે ઉભરી આવ્યું છે. મુખ્ય અર્થતંત્રોમાં, ચીને સ્વચ્છ ઉર્જાના ઉપયોગનું રેકોર્ડ સ્તર જાળવી રાખ્યું છે. દરમિયાન, ભારતે સંક્રમણની તૈયારીમાં સૌથી મજબૂત સુધારો નોંધાવ્યો છે. આ નીતિ માળખા, માળખાગત સુવિધાઓ અને રોકાણની પરિસ્થિતિઓમાં પ્રગતિ દર્શાવે છે.

## દેશમાં સેકન્ડ-હેન્ડ સ્માર્ટફોન અને કારના વેચાણમાં ઝડપથી વધારો

- **વપરાયેલી કારનું વેચાણ નાણાકીય વર્ષ 2026માં 9% વધીને 61 લાખ યુનિટ**

મુંબઈ

સ્માર્ટફોન અને પેસેન્જર વાહનોની સતત વધતી કિંમતોને કારણે, મોટી સંખ્યામાં ભારતીય ગ્રાહકો હવે નવીનીકૃત અને સેકન્ડ-હેન્ડ માલ તરફ વળ્યા છે. મોબાઈલ ફોનના વેચાણ પર નજર રાખતી કાઉન્ટરપોઈન્ટ રિસર્ચ અનુસાર, આ વર્ષે જાન્યુઆરીથી મે દરમિયાન સ્માર્ટફોનના કુલ વેચાણમાં નવીનીકૃત અને પ્રી-ઓન્ડ ડિવાઈસનો હિસ્સો ૨૯% હતો, જે ગયા વર્ષના સમાન સમયગાળા દરમિયાન લગભગ ૨૩% હતો. કોરોના સમયગાળાને બાદ કરતાં, આ બજાર સૌથી ઝડપી ગતિએ વધી રહ્યું છે.

ઓટોમોબાઈલ્સમાં પણ સમાન વલણ જોવા મળ્યું છે. ક્રિસિલ રિસર્ચ અનુસાર, વપરાયેલી કારનું વેચાણ નાણાકીય વર્ષ ૨૦૨૬ માં ૯% વધીને ૬૧ લાખ યુનિટ થયું છે, જે નાણાકીય વર્ષ ૨૦૨૫માં ૫૬ લાખ યુનિટ હતું. તેની તુલનામાં, નવી કારનું વેચાણ ૮% વધીને ૪૬.૪ લાખ યુનિટ થયું હતું. સપ્ટેમ્બરમાં જીએસટી દરમાં ઘટાડાથી નવી કારના વેચાણને થોડો ટેકો મળ્યો હતો.

આ વર્ષે ઓટોમોબાઈલના ભાવમાં પણ બે વાર વધારો કરવામાં આવ્યો છે, જેના કારણે નવા વાહનો સરેરાશ ૫% મોંઘા થયા છે. વપરાયેલી કારની માંગમાં મહાનગરોનો હિસ્સો ૬૯% થી વધુ છે.

નિષ્ણાતોના મતે, નવેમ્બરથી સ્માર્ટફોનના ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે. જે મુખ્યત્વે મેમરી ચિપ્સના ભાવમાં બેથી ત્રણ ગણો વધારો થવાને કારણે છે. એઆઈ ડેટા સેન્ટર્સની વધતી માંગને કારણે આ ભાવમાં તીવ્ર વધારો થયો છે. ઉદ્યોગનો અંદાજ છે કે આ સમયગાળા દરમિયાન કેટલાક હેન્ડસેટ માટે સરેરાશ ભાવ વધારો ૩૦ થી ૩૫% ની વચ્ચે રહ્યો છે.

### અમદાવાદની આરજે ટિબ્રેવાલ કોલેજમાં ભારે હોબાળો

# મુસ્લિમ વિદ્યાર્થીનીઓને હિજાબ પહેરાવી અંદર મોકલાતા વિવાદ : હિન્દુ વિદ્યાર્થીઓના રક્ષણના દોરા-માળા ઉતરાવ્યા






**વાલીઓ અને વિવિધ સંગઠનો દ્વારા સવાલ ઉઠાવવામાં આવી રહ્યો છે કે શિક્ષણના ધામમાં આ પ્રકારના ભેદભાવ અને તુષ્ટિકરણની નીતિ કેમ ચલાવવામાં આવી રહી છે?**

અમદાવાદ

અમદાવાદની જાણીતી આરજે ટિબ્રેવાલ કોલેજ (RJ Tibrewal College) ખાતે આજે એક ભારે વિવાદાસ્પદ ઘટના સામે આવતા શૈક્ષણિક આલમ અને વાલીઓમાં ઉગ્ર રોષ ફાટી નીકળ્યો છે. કોલેજ સત્તાધીશો દ્વારા લેવાયેલા એક પક્ષપાતી અને અણધાર્યા વલણને કારણે કેમ્પસમાં ભારે હોબાળો મચી ગયો છે.

મળતી વિગતો મુજબ, કોલેજમાં પ્રવેશી રહેલા હિન્દુ વિદ્યાર્થીઓ તરફથી આક્ષેપ કરવામાં આવ્યો છે કે ચેકિંગના નામે કોલેજના સ્ટાફ દ્વારા તેમની ધાર્મિક આસ્થાને ઠેસ પહોંચાડવામાં આવી છે. વિદ્યાર્થીઓએ હાથની કલાઈમાં બાંધેલા પવિત્ર રક્ષા દોરા (નાડાછડી) અને ગળામાં પહેરેલી માળાઓ સદંતર ઉતારી લેવાની ફરજ પાડવામાં આવી હતી, જેને પગલે વિદ્યાર્થીઓમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો.

બીજી તરફ, આ જ ચેકિંગ દરમિયાન કોલેજ પ્રશાસનના બેવડા ધોરણો પણ સામે આવ્યા છે. એવા ગંભીર આક્ષેપો ઉઠ્યા છે કે જે મુસ્લિમ વિદ્યાર્થીનીઓ હિજાબ વગર કોલેજ કેમ્પસની અંદર પ્રવેશી ચૂકી હતી, તેમને ખાસ બહાર બોલાવવામાં આવી હતી. ત્યારબાદ તેમને બહાર હિજાબ પહેરાવીને ફરીથી કોલેજની અંદર પ્રવેશ આપવામાં આવ્યો હતો.

એક તરફ હિન્દુ વિદ્યાર્થીઓના ધાર્મિક પ્રતીકો જેવા કે દોરા અને માળા ઉતરાવી દેવા અને બીજી તરફ મુસ્લિમ વિદ્યાર્થીનીઓને અંદરથી બહાર બોલાવીને હિજાબ પહેરાવવાની આ નીતિ સામે કોલેજ કેમ્પસમાં જ વિરોધનો વંટોળ ઊભો થયો છે. વાલીઓ અને વિવિધ સંગઠનો દ્વારા સવાલ ઉઠાવવામાં આવી રહ્યો છે કે શિક્ષણના ધામમાં આ પ્રકારના ભેદભાવ અને તુષ્ટિકરણની નીતિ કેમ ચલાવવામાં આવી રહી છે? આ મામલે હવે આગામી સમયમાં વિવાદ વધુ વકરે તેવી પૂરેપૂરી શક્યતાઓ દેખાઈ રહી છે. સ્થિતિ વધુ વણસે તે પહેલાં એસીપી સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે પરિસ્થિતિ પર કાબૂ મેળવી ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો હતો. વિરોધ પ્રદર્શન કરી રહેલા સંગઠનના કાર્યકરોને સ્થળ પરથી હટાવી દેવાયા હતા અને નિયમભંગ બદલ 3 વ્યક્તિઓની અટકાયત કરવામાં આવી હતી. હાલમાં પરીક્ષા કેન્દ્ર પર વધારાનો પોલીસ કાફલો તૈનાત કરી દેવામાં આવ્યો છે અને સ્થિતિ સંપૂર્ણપણે નિયંત્રણ હેઠળ છે.

### પિસ્તોલ કાંડ બાદ ખાખી પર લાગ્યો મોટો દાગ!

# મોન્ટુ નામદારની કરતૂતો બાદ અમદાવાદ પોલીસના 'કારનામા'

અમદાવાદ

અમદાવાદના કુખ્યાત મોન્ટુ નામદારની એક પછી એક કાળી કરતૂતો સામે આવ્યા બાદ હવે અમદાવાદ પોલીસ ખુદ શંકાના ઘેરાવમાં આવી ગઈ છે. ગુનેગારોને જેલના સળિયા પાછળ ધકેલનારી ખાખી વર્દી સામે જ હવે ગંભીર સવાલો ઉભા થયા છે. મોન્ટુ નામદારના કારનામાઓનો ભાંડો ફૂટ્યા પછી અમદાવાદ પોલીસના કેટલાક અધિકારીઓની સંડોવણીની ચર્ચાએ જોર પકડ્યું છે, જેમાં ખાસ કરીને ખાડિયા પોલીસ સ્ટેશનના પીઆઈ (પોલીસ ઈન્સ્પેક્ટર) ની ભૂમિકા સદંતર શંકાના દાયરામાં આવી ગઈ છે.

આ આખી ઘટનાએ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે મોટો સવાલ ઊભો કર્યો છે. સામાન્ય જનતા રક્ષણ માટે જે પોલીસ પાસે જાય છે, તે જ પોલીસના ઉચ્ચ અધિકારીઓ ગુનેગાર સાથે સાંઠગાંઠ ધરાવતા હોવાની વાતો વહેતી થતાં આખું તંત્ર હચમચી ગયું છે.

મોન્ટુ નામદાર અને તેની ટોળકી દ્વારા આચરવામાં આવેલા ગુનાઓ અને ગેરકાયદેસર પિસ્તોલ રાખવાના મામલામાં પોલીસની ઢીલી નીતિ પહેલેથી જ શંકાસ્પદ હતી. પરંતુ હવે ખાડિયા પીઆઈ સામે આંગળી ચીંધાતા મામલો વધુ ગંભીર બન્યો છે. સવાલ એ થાય છે કે, મોન્ટુ નામદાર જેવા તત્વોને કોના આશીર્વાદ હતા? ખાડિયા વિસ્તારમાં કાયદાના ધજાગરા ઉડતા રહ્યા અને સ્થાનિક પોલીસ આંખ આડા કાન કરીને કેમ બેઠી હતી? શું પીઆઈ કક્ષાના અધિકારીને આ બધી ગતિવિધિઓની ખબર નહોતી કે પછી જાણીજોઈને અજાણ બનવાનો ઢોંગ કરવામાં આવી રહ્યો હતો?

આ મામલે હવે માત્ર બદલી કે નાની-મોટી તપાસની વિધિ કરવાથી જનતાને સંતોષ નહીં થાય. મોન્ટુ નામદારની કરતૂતોમાં ખાડિયા પોલીસની શંકાસ્પદ ભૂમિકાની જો તટસ્થ તપાસ થાય, તો ખાખીમાં છુપાયેલા અનેક કાળા ઘેટાઓના ચહેરા પરથી નકાબ ઉતરી શકે તેમ છે.

ગુજરાતના ગૃહ વિભાગ અને અમદાવાદ પોલીસ કમિશનર માટે હવે આ આબરૂનો સવાલ બની ગયો છે. જો પોલીસ પોતાના જ વિભાગના ભ્રષ્ટ અને ગુનેગારોને છાવરતા અધિકારીઓ સામે કડક આકરા પગલાં નહીં ભરે, તો સામાન્ય જનતાનો પોલીસ તંત્ર પરથી ભરોસો કાયમ માટે ઉઠી જશે.

### 'પાક્કો ગુજરાત'નો ગ્રાઉન્ડ રિપોર્ટ

# સ્માર્ટ સિટી અમદાવાદના ઓઢવમાં પીવાના પાણીના નામે પ્રજાને પિરસાઈ રહ્યું છે ઝેર...!

અમદાવાદ

એક તરફ અમદાવાદને ગ્લોબલ અને સ્માર્ટ સિટી બનાવવાના દાવાઓ વચ્ચે કરોડો રૂપિયાના પ્રોજેક્ટ્સની જાહેરાતો થાય છે, ત્યારે બીજી તરફ શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલા ઓઢવની જનતા ટીપાં-ટીપાં શુદ્ધ પાણી માટે વલખાં મારી રહી છે. ઓઢવ વિસ્તારની સ્થાનિક સોસાયટીઓમાંથી જે દ્રશ્યો સામે આવ્યા છે તે મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ અને સત્તાધીશોની આંખો ઉઘાડવા માટે પૂરતા છે. નળમાં જે પાણી આવી રહ્યું છે તે પીવાલાયક તો ઠીક, પણ વાપરવાલાયક પણ નથી. ગંદુ, ડોહળું અને દુર્ગંધયુક્ત પાણી જોઈને




સ્થાનિક રહીશોમાં તંત્ર સામે ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે.

સ્થાનિક લોકો રોષે ભરાઈને પૂછી રહ્યા છે કે, એરકન્ડિશન્ડ ઓફિસોમાં બેસીને સ્માર્ટ સિટીના બજેટો મંજૂર કરતા મ્યુનિસિપલ કોર્પોરેશનના ઉચ્ચ અધિકારીઓ કે ચૂંટણી ટાણે હાથ જોડીને વોટ માંગવા આવતા નેતાઓ પોતાના પરિવારને આવું પાણી પીવડાવી શકશે ખરા? જો સત્તાધીશો પોતે આવું મલિન પાણી ન પી શકે, તો ઓઢવના કરદાતા નાગરિકોના સ્વાસ્થ્ય સાથે આવા ગંભીર ચેડાં શા માટે કરવામાં આવી રહ્યા છે? પ્રદૂષિત પાણીના કારણે ઘરોમાં નાના બાળકો અને વૃદ્ધો બીમાર પડી રહ્યા છે, જેની જવાબદારી લેવા કોઈ તૈયાર નથી.

તંત્રની ઘોર બેદરકારીના કારણે હજારો પરિવારો હવે પોતાના અંગત ખર્ચે પાણીના પ્રાઈવેટ ટેન્કરો મગાવવા મજબૂર બન્યા છે. મોંઘાદાટ વેરા વસૂલ્યા પછી પણ જો જનતાને ટેન્કર માફિયાઓના ભરોસે રહેવું પડતું હોય, તો આ શાસકો માટે શરમજનક બાબત છે. સ્થાનિક લોકોએ ચીમકી આપી છે કે જો આગામી દિવસોમાં આ દૂષિત પાણીની સમસ્યાનો કાયમી ઉકેલ નહીં આવે, તો તેઓ કોર્પોરેશન કચેરીનો ઘેરાવ કરીને ઉગ્ર આંદોલન કરશે.

વાચક મિત્રો, આપનો અવાજ રજૂ કરો: શું તમારા વિસ્તારમાં પણ આવું જ ગંદુ પાણી આવે છે? તંત્રના સ્માર્ટ સિટીના દાવાઓ તમારા વિસ્તારમાં કેટલા સાચા સાબિત થયા છે? તમારા પ્રશ્નો અને વીડિયો 'પાક્કો ગુજરાત' સાથે શેર કરો. અમે તમારી સમસ્યાને સત્તાધીશો સુધી પહોંચાડીશું.

# ફાયર વિભાગનો સપાટો : અમદાવાદની વધુ 8 જાણીતી હોટેલ-રેસ્ટોરન્ટ સીલ

અમદાવાદ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) ના ફાયર વિભાગે શહેરીજનોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને ફાયર સેફ્ટીના નિયમોનું ઉલ્લંઘન કરનારાઓ સામે લાલ આંખ કરી છે.

ફાયર વિભાગ દ્વારા પાલડી, નારણપુરા, મોટેરા અને ચાંદખેડા જેવા મુખ્ય વિસ્તારોમાં ધમધમતી ૮ હોટેલ અને રેસ્ટોરન્ટને તાળા મારી સીલ કરી દેવામાં આવી છે. તંત્રની આ આકરી કાર્યવાહીથી નિયમોનું પાલન ન કરનારા એકમોમાં ભારે દોડધામ મચી ગઈ છે.

૫૩ હોટેલોને અપાઈ હતી નોટિસ, બેદરકારી દાખવતા તંત્રએ લીધા એક્શન

મળતી વિગતો મુજબ, ફાયર વિભાગે અગાઉ શહેરની ૫૩ હોટેલોને ફાયર સેફ્ટીના સાધનો અને નિયમોના પાલન અંગે સત્તાવાર નોટિસો ફટકારી હતી. આ નોટિસ આપવા છતાં પણ જે એકમોએ સુરક્ષાના નિયમોને નેવે મૂકીને બેદરકારી દાખવવાનું ચાલુ રાખ્યું, તેમની સામે તંત્રએ સીલિંગની કડક કાર્યવાહી હાથ ધરી છે.

### કુંભકર્ણની નિદ્રામાં વહીવટી તંત્ર!

# યુનિસિપલ કોર્પોરેશનની મિલકતો બની નશાખોરોનો 'સેફ હેવન': સરકારી પ્લોટ અને બગીચાઓમાં દારૂડિયાઓનું રાજ

અમદાવાદ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) ની અબજો રૂપિયાની સરકારી મિલકતો આજે કયા હાલતમાં છે, તેનું એક અત્યંત ચોંકાવનારું અને શરમજનક ચિત્ર સામે આવ્યું છે. પ્રજાના ટેક્સના પૈસે બનેલા જાહેર બગીચાઓ, ખુલ્લા પ્લોટો અને સરકારી કચેરીઓ હવે સામાન્ય જનતા માટે નહીં, પરંતુ દારૂડિયાઓ અને નશાખોરો માટે નશો કરવાનું સૌથી સલામત સ્થળ (Safe Heaven) બની ગયા છે! આ ગંભીર પરિસ્થિતિ સાબિત કરે છે કે મ્યુનિસિપલ કોર્પોરેશનના જવાબદાર અધિકારીઓ એસી ચેમ્બરોમાંથી બહાર નીકળીને ગ્રાઉન્ડ લેવલ પર ચેકિંગ કરવાની તસ્દી જ લેતા નથી.

શહેરના જુદા જુદા વિસ્તારોમાં આવેલી કોર્પોરેશનની મિલકતો જેવી કે: જાહેર બગીચાઓ: જ્યાં પરિવારો અને બાળકો ફરવા આવે છે, ત્યાં રાત પડતાં જ અસામાજિક તત્વો અડ્ડો જમાવે છે. AMTS ડેપો અને પાર્કિંગ પ્લોટ: મોટો ઘેરાવો ધરાવતી આ જગ્યાઓ નશાખોરો માટે છુપાવવાનું ઉત્તમ સ્થાન બની ગઈ છે. ખુલ્લા પ્લોટ અને પમ્પિંગ સ્ટેશનો:



સુરક્ષા ગાર્ડ વગરની આ સરકારી જગ્યાઓ પર નશાના કારોબારીઓ અને બંધાણીઓ ખુલ્લેઆમ કાયદાના ધજાગરા ઉડાવી રહ્યા છે. આ જગ્યાઓ પર અંધારું થતાં જ દારૂ અને અન્ય નશીલા પદાર્થોનું સેવન સરેઆમ શરૂ થઈ જાય છે, જેના કારણે આસપાસમાં રહેતા સ્થાનિક રહિવાસો અને મહિલાઓની સુરક્ષા સામે મોટો ખતરો ઊભો થયો છે.

સૌથી મોટો અને સળગતો સવાલ એ છે કે મ્યુનિસિપલ કોર્પોરેશનના વિજિલન્સ વિભાગ અને સ્થાનિક ડેપ્યુટી કમિશનરો આ બધું જાણીને પણ અજાણ કેમ બન્યા છે? શા માટે આ મિલકતો પર કોઈ કડક સિક્યુરિટી કે સરપ્રાઈઝ ચેકિંગ ગોઠવવામાં આવતું નથી? શું અધિકારીઓ કોઈ મોટી ગુનાહિત ઘટનાની રાહ જોઈને બેઠા છે?

સરકારી પ્રોપર્ટીનો આ પ્રકારે નશાના અડ્ડા તરીકે થતો ઉપયોગ એ સીધેસીધું વહીવટી તંત્રનું નાકામિયાબ પ્રદર્શન છે. 'પાક્કો ગુજરાત' જનતાના પક્ષે રહીને મ્યુનિસિપલ કમિશનરને સીધો સવાલ પૂછે છે કે, લાખો રૂપિયાનો પગાર લેતા જવાબદાર અધિકારીઓ સામે ક્યારે સખત પગલાં લેવાશે?

# અમદાવાદમાં નશાના કારોબાર પર ક્રાઈમ બ્રાન્ચનો મોટો પ્રહાર

## વસ્ત્રાલમાંથી લાખોના મેફેડ્રોન ડ્રગ્સ સાથે બે પેડલર દબોચાયા

અમદાવાદ

અમદાવાદને નશાના દલદલમાં ધકેલતા ડ્રગ્સ માફિયાઓ સામે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે લાલ આંખ કરી છે. શહેરમાં ચાલતા નશાના કાળા કારોબારનો પર્દાફાશ કરવા માટે ક્રાઈમ બ્રાન્ચે એક સચોટ ઓપરેશન પાર પાડીને વસ્ત્રાલ વિસ્તારમાંથી લાખો રૂપિયાના પ્રતિબંધિત ડ્રગ્સ સાથે બે રીઢા પેડલરોને રંગેહાથ ઝડપી પાડ્યા છે. પોલીસની આ તવાઈથી ડ્રગ્સ નેટવર્ક ચલાવતા તત્વોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. મળતી પાકી વિગતો મુજબ, ક્રાઈમ બ્રાન્ચની ટીમે વસ્ત્રાલ સ્થિત 'સૂર્યમ એલીગન્સ' સોસાયટીમાં બાતમીના આધારે આકસ્મિક દરોડો પાડ્યો હતો. આ સર્ચ ઓપરેશન દરમિયાન પોલીસને મોટી સફળતા મળી હતી. પોલીસે સ્થળ પરથી ૪.૫૦ લાખ રૂપિયાની કિંમત ધરાવતું ૧૫૦.૦૯૦ ગ્રામ જેટલું ઘાતક 'મેફેડ્રોન ડ્રગ્સ' જપ્ત કર્યું છે. ક્રાઈમ બ્રાન્ચે આ દરોડા દરમિયાન બે મુખ્ય આરોપીઓ તેજસ ઉર્ફે મોન્ટુ ઠક્કર અને અજય ઉર્ફે અજ્જુ જયસ્વાલને સ્થળ પરથી જ દબોચી લીધા છે. પોલીસે ડ્રગ્સના જથ્થા ઉપરાંત, નશાના નેટવર્કમાં વપરાતા ૩ મોબાઈલ



ફોન અને ડિજિટલ વજન કાંટો મળીને કુલ રૂપિયા ૪.૯૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. ચોંકાવનારી વિગત એ છે કે પકડાયેલો આરોપી અજય ઉર્ફે અજ્જુ અગાઉ પણ મારામારી તેમજ આર્મ્સ એક્ટ (ગેરકાયદેસર હથિયાર રાખવા) જેવા ગંભીર ગુનાઓમાં સામેલ રહી ચૂક્યો છે અને તે એક રીઢો ગુનેગાર છે. વસ્ત્રાલમાંથી ડ્રગ્સનું આ આખું નેટવર્ક પકડાતા જ ક્રાઈમ બ્રાન્ચે બંને આરોપીઓ વિરૂદ્ધ એનડીપીએસ (NDPS) કાયદા હેઠળ ગુનો નોંધીને જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે. જો કે, આ ડ્રગ્સ ક્યાંથી લાવવામાં આવ્યું હતું અને અમદાવાદના કયા કયા યુવાનોને તે સપ્લાય કરવાનું હતું, તે દિશામાં પોલીસે તપાસ તેજ કરી છે.

### આંતરરાષ્ટ્રીય યોગ દિવસે અમદાવાદ રેલવે ડિવિઝનની પહેલ

# ચાલતી વંદે ભારત ટ્રેનોમાં મુસાફરોએ કર્યા યોગ



અમદાવાદ

21 જૂન, 2026ના રોજ 12મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની દેશભરમાં ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી છે, ત્યારે પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝનના વિવિધ મુખ્ય સ્થળોએ તેમજ ચાર વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનોમાં ખાસ યોગ સત્રોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ચાલતી ટ્રેનોમાં મુસાફરોને યોગ કર્યા હતા. ડિવિઝનલ રેલવે મેનેજર વેદ પ્રકાશે જણાવ્યું હતું કે, 'આજે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે અમદાવાદ રેલવે ડિવિઝન દ્વારા એક અનોખી પહેલ કરવામાં આવી હતી. સૌપ્રથમ અમે અમારા તમામ કર્મચારીઓ અને પરિવારોને યોગ સાથે જોડવાનો પ્રયાસ કર્યો હતો. અમારા વિવિધ કેન્દ્રો અને રેલવે સંસ્થાઓમાં મોટી સંખ્યામાં લોકોએ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા યોગ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.' બીજી ખાસ પહેલ તરીકે આજે અમે વંદે ભારત ટ્રેનોમાં મુસાફરી કરતા મુસાફરોને યોગ સાથે જોડવા માટે એક અનોખી પહેલ શરૂ કરી હતી. આ પહેલના ભાગ રૂપે યોગ ગુરુઓના સૂચનો ટ્રેનના પાઈપ્ડ મ્યુઝિક (ઓડિયો સિસ્ટમ) દ્વારા પ્રસારિત કરવામાં આવ્યા હતા અને દરેક કોચમાં હાજર સ્વયંસેવકોએ મુસાફરોને તેમની સીટ પર બેસીને યોગનો અભ્યાસ કરવામાં મદદ કરી હતી. મુસાફરોએ 10 થી 20 મિનિટ માટે સરળ યોગ કર્યા હતા. જેમાં ગરદન, હાથ, કાંડા અને ખભાનું પરિભ્રમણ, ઓમનો જાપ અને ધ્યાનનો સમાવેશ થાય છે. સાબરમતી સ્થિત કોમ્યુનિટી હોલ ખાતે આયોજિત મુખ્ય કાર્યક્રમમાં યોગ ગુરુએ રેલવે અધિકારીઓ, કર્મચારીઓ, આરપીએફ સ્ટાફ, સ્કાઉટ્સ અને ગાઈડ્સ, નાગરિક સંરક્ષણ સભ્યોને કોમન યોગ પ્રોટોકોલ હેઠળ વિવિધ આસનો, પ્રાણાયામ અને ધ્યાન કસરતોની તાલીમ આપી હતી. આ ઉપરાંત, ઓલ્ડ રેલવે ઈન્સ્ટિટ્યૂટ-સાબરમતી, રેલવે ઈન્સ્ટિટ્યૂટ-કાંકરિયા, કોમ્યુનિટી હોલ-ગાંધીધામ અને કોમ્યુનિટી હોલ-વિરમગામ ખાતે પણ યોગ સત્રોનું આયોજન કરાયુ હતું.

# અમદાવાદ પ્લેનક્રેશ તપાસમાં બોમ્બ જેવો વિસ્ફોટ : ફેડરેશન ઓફ ઈન્ડિયન પાયલોટનો ચોંકાવનારો દાવો

અમદાવાદ

અમદાવાદમાં થયેલા ભયાનક પ્લેનક્રેશની તપાસમાં એક એવો વળાંક આવ્યો છે જેણે ઉડ્ડયન ક્ષેત્ર (Aviation Sector) માં ભૂકંપ લાવી દીધો છે. એર ઈન્ડિયાની AI-171 વિમાન દુર્ઘટના મામલે 'ફેડરેશન ઓફ ઈન્ડિયન પાયલોટ' દ્વારા કરવામાં આવેલા એક સનસનાટીપૂર્ણ દાવાએ સરકારી તપાસ અને પ્રાથમિક રિપોર્ટની વિશ્વસનીયતા સામે મસમોટા સવાલો ઉભા કરી દીધા છે. ફેડરેશને હવે આ મામલે સિમ્યુલેટર સિસ્ટમની તટસ્થ અને ઊંડી તપાસ કરવાની ઉગ્ર માંગ કરી છે. દુર્ઘટનાની તપાસમાં જે નવો ખુલાસો થયો છે તે રીતસર આંખો ચાર કરી દેનારો છે. 'Beasley Allen' દ્વારા કરવામાં આવેલા Boeing 787 (B787) સિમ્યુલેટર ટેસ્ટમાં સાબિત થયું છે કે, જ્યારે વિમાનની ફ્યુઅલ સ્વિચ 'Cutoff' (બંધ) કરવામાં આવે છે, ત્યારે RAT (Ram Air Turbine) સિસ્ટમને સક્રિય થઈને પ્લેનને જરૂરી હાઈડ્રોલિક પાવર પૂરો પાડવામાં અંદાજે ૧૮ સેકન્ડ જેટલો લાંબો સમય લાગે છે! ચોંકાવનારી અને શંકા ઉપજાવનારી વાત એ છે કે, અગાઉ બહાર



પાડવામાં આવેલા વિમાન દુર્ઘટનાના પ્રાથમિક સરકારી રિપોર્ટમાં આ પ્રક્રિયા માત્ર ૪ સેકન્ડમાં પૂર્ણ થતી હોવાનું બતાવી દેવાયું હતું! હવે સવાલ એ થાય છે કે રિપોર્ટમાં આટલો મોટો તફાવત કોને બચાવવા માટે રાખવામાં આવ્યો? પાયલોટોની જિંદગી અને મુસાફરોની સુરક્ષા સાથે રમત રમનારા આ ડેટા પાછળ અસલી ગુનેગાર કોણ છે?

આ નવો દાવો હવામાં નથી કરવામાં આવ્યો. Level-D સિમ્યુલેટર ટેસ્ટ સત્તાવાર અને પ્રમાણિત ફ્લાઈટ ટેસ્ટ ડેટાના આધારે જ કરવામાં આવે છે, જેથી આ આંકડા સદંતર સાચા અને વજનદાર માનવામાં આવી રહ્યા છે. ૧૪ સેકન્ડનો આ મોટો ગેપ હજારો ફૂટ ઉપર હવામાં ઉડી રહેલા પ્લેન માટે મોત અને જિંદગી વચ્ચેનો તફાવત સાબિત થઈ શકે છે.

**આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070**

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI